બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**જાન્યુઆરી-૨૦૨૧**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૮, અંક : ૦૧, સળંગ અંક : ૨૦૪

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | ખરેખર ઈન્સાનિયત કોને કહેવાય તે ઈસ્લામથી શીખો | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 04 | હદાઈકે બખ્શિશ | 15 |
| 05 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 18 |
| 06 | કાનૂને શરીઅત | 21 |
| 07 | لَیْسَ مِنَّا 'તે અમારો નથી' | 25 |
| 08 | મુસલમાનોની બુઝદિલીના સબબો | 29 |
| 09 | હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?! | 32 |
| 10 | 'બાગે ફિદક' વિશે શીઆઓના આક્ષેપોનો ઈમાન અફરોઝ જવાબ | 36 |
| 11 | નમાઝ અને મેડિકલ સાયન્સ | 44 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## ઈમાન હૈ કાલે મુસ્તફાઈ

**અઝ :** હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

ઈમાન હૈ કાલે મુસ્તફાઈ કુર્આન હૈ હાલે મુસ્તફાઈ
અલ્લાહ કી સલ્તનત કા દુલ્હા નક્શે તિમ્સાલે મુસ્તફાઈ
કુલ સે બાલા રુસુલ સે આ'લા ઈજ્લાલો જલાલે મુસ્તફાઈ
અસ્હાબ નુજૂમ રહ્નુમા હૈં કશ્તી હૈ આલે મુસ્તફાઈ
ઈદ્બાર સે તૂ મુઝે બચા લે, પ્યારે ઈક્બાલે મુસ્તફાઈ
મુર્સલ મુશ્તાકે હક્ક હૈ ઔર હક્ક મુશ્તાકે વિસાલે મુસ્તફાઈ
ખ્વાહાને વિસાલે કિબ્રિયા હૈં જુયાને જમાલે મુસ્તફાઈ
મહ્બૂબો મુહિબ કી મિલ્ક હૈ એક કૌનૈન હૈ માલે મુસ્તફાઈ
અલ્લાહ ન છૂટે દસ્તે દિલ સે દામાને ખ્યાલે મુસ્તફાઈ
હૈ તેરે સિપુર્દ સબ ઉમ્મીદેં, અય જુદો નવાલે મુસ્તફાઈ
રૌશન કર કબ્ર કો બેકસોં કી અય શમ્એ જમાલે મુસ્તફાઈ
હોં દોનોં જહાં મેં મુંહ ઉજાલા અય શમ્એ જમાલે મુસ્તફાઈ
હમ તીરા દિલોં પે ભી કરમ કર અય શમ્એ જમાલે મુસ્તફાઈ
તક્દીર ચમક ઉઠ્ઠે **'રઝા'** કી, અય શમ્એ જમાલ મુસ્તફાઈ

# ખરેખર ઈન્સાનિયત કોને કહેવાય તે ઈસ્લામથી શીખો

*તંત્રી લેખ...*

'ઈસ્લામ'નો અર્થ જ અમ્નો સલામતી, શાંતિ (Piece) થાય છે. ઈસ્લામનો અર્થ અમ્નો શાંતિનો, સુલહનો પયગામ આપનાર ધર્મ. અમ્નના પયગંબર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની લાવેલી માનવતાનો પાઠ ભણાવતી શરીઅતને વિના સંકોચે માની લેનારને ઈસ્લામના અનુયાયી કહેવાય છે. અને જેમણે ઈસ્લામના પયગંબર ﷺના આદેશો તેમજ જેમણે આપ علیہ الصلوٰۃ والسلامના જીવન ચરિત્રનો ન્યાયની આંખે અભ્યાસ કર્યો છે તેઓએ ગૈર મુસ્લિમ હોવા છતાં આપને શ્રેષ્ઠ માનવી અને અમ્નો શાંતિના પયગંબર કહ્યા તથા દિલથી માન્યા છે. ઈસ્લામમાં આતંકવાદ, ઉગ્રવાદ કે કટ્ટરવાદને કોઈ સ્થાન જ નથી. છતાં પૂર્વગ્રહના ચશ્મા પહેરી જોનારાઓ ઈસ્લામના વિશે અયોગ્ય ટીપ્પણી કરીને, ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામના સંબંધે અયોગ્ય શબ્દો ઉચ્ચારીને મુસ્લિમોના દિલોને ઠેસ પહોંચાડવાની જાણે હરીફાઈમાં ઉતરેલા છે. જેમ કે હાલમાં જ ફ્રાંસના અખ્બાર શાર્લી હેબ્ડોએ હુઝૂર ﷺની તૌહીન કરી અને ફ્રાંસના પ્રમુખે પણ ઈસ્લામ વિરુદ્ધ અપમાનજનક શબ્દો કહ્યા. તેમજ બિકાઉ મીડિયાવાળા પ્રિન્ટ મીડિયા હોય કે ઈલેક્ટ્રોનિક મીડિયાવાળા એકદમ બેબાકી તથા બેશર્મી સાથે "ઈસ્લામિક આતંકવાદ" એવો શબ્દ પ્રયોગ કરીને તથા ઈસ્લામે સ્ત્રીને અધિકારોથી વંચિત રાખી વગેરે દુષ્પ્રચાર કરીને ઈસ્લામની ઈજ્જત પર કીચડ ઉડાડવા કોશિશ કરે છે. આવો ! ઈસ્લામ અને ઈન્સાનિયત (માનવતા)ને શું સંબંધ છે તેનો અભ્યાસ કરીએ.

## ★ માણસાઈથી નાવાકેફ દુનિયા કેવી હતી તે જાણી લો ★

માનવ જાતનો સૌથી નાઝુક તથા કમજોર વર્ગ એટલે કે સ્ત્રી વર્ગ છે. સ્ત્રીઓ પર દરેક સમાજમાં જુલ્મ તથા નાઈન્સાફી થતી હતી. **અરબ** દેશમાં લગ્ન માટે સ્ત્રીઓની કોઈ હદ નક્કી ન હતી. એક જ સમયે કેટ કેટલીયે સ્ત્રીઓ રાખવામાં આવતી. લોંડી જેવી તેણીની હાલત હતી. પતિ મૃત્યુ પામે તો તેના પુત્રના વારસામાં મત્રાઈ માતા પણ આવતી. તો તેણી સાથે લગ્ન કરતો અથવા સગા સંબંધીને લગ્ન માટે આપી દેતો. પુત્રીઓને જીવતી કૃબરમાં દાટી દેવામાં આવતી. **હિંદુસ્તાન**માં બહુપત્નીત્વનો રિવાજ હતો. જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામતો તે વિધવા તથા મનહૂસ ગણાતી, તેણી ચાહે નાની વયની હોય કે યુવાન પણ જીવનભર બીજા લગ્ન કરી ન શકતી. એટલું જ નહીં, પતિ મૃત્યુ પામે તો કેટલીક કૌમોમાં પત્નીને સતિ કરી દેવામાં આવતી એટલે પતિની ચિતા પર જીવતી સળગી જવું પડતું. પણ પત્નીના મૃત્યુ પર પતિ સતી ન થતો ! **તિબેટ**માં રિવાજ હતો કે સ્ત્રી એક પુરૂષ સાથે લગ્ન કરતી તો તેના સર્વ ભાઈઓની પત્ની સમજવામાં આવતી. **અગ્નિપૂજકોમાં** પુત્રી તથા માની સાથે લગ્ન કરવાને જાઈઝ સમજવામાં આવતુ. એ જ પ્રમાણે ઈસાઈઓ તથા યહૂદીઓમાં સ્ત્રીને માન સમ્માનનું કોઈ સ્થાન ન હતું. તેમજ મનૂ સ્મૂર્તિમાં પણ ચાણકય લખે છે : દરિયો, સશસ્ત્ર સૈનિક, પંજા અને શિંગડાં ધરાવતાં પ્રાણીઓ, બાદશાહ તથા સ્ત્રી પર ભરોસો કરવો જોઈએ નહીં. (ચાણક્ય નીતિ, ૧–૨૫) સ્ત્રીને અપમાનિત કરતાં આગળ લખ્યું છે : જૂઠુ બોલવું, વગર વિચાર્યે કામ કરવું, છેતરપિંડી, મૂર્ખામી, લાલચ, નાપાકી, નિર્દયતા આ સ્ત્રીની જન્મજાત ખામીઓ છે. (બ.૨) આગ, પાણી, નર્યો અજ્ઞાની, સાપ, શાહી ખાનદાન અને સ્ત્રી આ સર્વ

બર્બાદીના સબબો છે, તેમનાથી સાવચેત રહેવું જોઈએ. (૧૫–૫) આવા અનેક અપમાનજનક શબ્દો સ્ત્રીઓ માટે તેમાં વાપરેલા છે.

દુનિયાના કોઈપણ ધર્મમાં મા, બાપ કે પતિના વારસામાં સ્ત્રીને વારસાઈ મેળવવાનો કોઈ હક્ક જ ન હતો ! તમો અભ્યાસ કરી લો તો જણાશે કે આજ સુધી કોઈપણ ધર્મએ ઈસ્લામ સિવાય સ્ત્રીને વારસાની હક્કદાર ઠરાવી નથી, અને હવે કાંઈક હક્ક જાહેર કરતા હોય તો તે ઈસ્લામથી શીખીને કરી રહ્યા છે.

## ★ સ્ત્રી અધિકાર બાબતે ગેર મુસ્લિમ સ્ત્રીનો એકરાર ★

આવો ! જુલ્મો સિતમ તથા અપમાનથી હડધૂત થયેલી સ્ત્રીજાતિને ઈસ્લામે શું આપ્યું તેનો અભ્યાસ કરો. જેના માટે અત્રે એક ગૈર મુસ્લિમ સ્ત્રીએ "ઈન્સાનિયતના ઝંડાધારી ઈસ્લામ" માટે શું કહ્યું છે તેને વાંચો અને ઈન્સાફની આંખો વડે ઈસ્લામને જુઓ :–

''મુહમ્મદ ﷺના આગમન થતાં પહેલાં સ્ત્રી સમાજમાં એકદમ હલકી માનવામાં આવતી હતી. તેની સ્થિતિ નિર્જીવ ચીજની જેમ હતી અને આ બધું યહૂદી પાદરીઓની તાલીમનો પ્રભાવ અને પરિણામ હતું. બેઈજ્જતી તેણીનું નસીબ બની ચૂકી હતી. તેણી ઘરના અન્ય સામાનોની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી અને મરનારના વારસદારો જે રીતે ઈચ્છતા તેણીથી લાભ ઉઠાવતા. તેણીની રક્ષા તથા દેખરેખની કોઈ વ્યવસ્થા ન હતી. કોઈ કાનૂન એવો ન હતો જે તેણીનું રક્ષણ કરે. વારસામાં તેણીના માટે કોઈ હિસ્સો ન હતો. નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمને સ્ત્રીની આ મઝલૂમિયત (જુલ્મ વેઠતી સ્થિતિ) કોઈ કાળે માન્ય ન હતી. તેમણે આ નિરાધાર મખ્લૂકને બેઈજ્જતીના સ્થાનેથી ઉઠાવીને પુરૂષોની લગોલગ ઈજ્જત તથા અદબના સ્થાને ઉભી કરી અને પુરૂષ તથા સ્ત્રી વચ્ચે સમાનતાની તાલીમ આપી. તેમણે પુરૂષોના શયનકક્ષમાં સ્ત્રીઓના અમર્યાદિત પ્રવેશ પર પાબંદી લગાડી. તેમણે નિકાહના સંબંધને પવિત્રતા આપી અને સ્ત્રીને વારસાના તથા 'ખુલઅ'ના હક્કો અતા કર્યા. પુરૂષ પર સ્ત્રીના ભરણપોષણની જિમ્મેદારીઓ નિયુકત કરી. તે ઉપરાંત આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمએ યતીમો, લાચારો અને વિધવાઓના ભરણ પોષણ કરનારાઓ અને તેમની મદદ કરનારાઓને ખુદાને ત્યાં મહાન બદલાના હકદાર ઠરાવ્યા. હુઝૂરે સંસ્કૃતિની પ્રગતિમાં સ્ત્રીઓની સેવાઓને સંપૂર્ણપણે સ્વીકારી. અને એ કારણે તેમની આધ્યાત્મિક તથા અખ્લાકી (સંસ્કારિક) પ્રગતિને ઈસ્લામી કાયદામાં ખૂબ જ પ્રમાણમાં મહત્વ આપ્યું. એ દૌરમાં જ્યારે હુઝૂર દુનિયામાં તશરીફ લાવ્યા તો દુનિયાની રીત ભાતમાં અસામાન્ય ક્રાંતિ આવી. અને તેનાથી જે ફેરફારો થયા તેને કોઈપણ યુગમાં ભૂલાવી શકાય તેમ નથી.

*(મિસ નિલવરી, મુસ્લિમ વર્લ્ડ, ન્યુયોર્ક, જાન્યુ.૧૯૪૦)*

## ★ બાળકીઓ તથા સ્ત્રીઓ તથા વિધવાઓ સાથે ઈસ્લામની માણસાઈ ★

પહેલાંના અજ્ઞાનતા, જાહિલિયતના જમાનામાં બાળકીઓને જાલિમ બાપો જીવતી કબરમાં દફન કરી દેતા હતા તો અત્યારના સુધરેલા જાલિમો માના પેટમાં જ બાળકી વિશેનું જાણીને બહાર આવતાં પહેલાં જ મરાવી નાખે છે ! શું આ માનવતા છે ? પયગંબરે અમ્ન ﷺની તા'લીમ જુઓ : ફર્માવ્યું, **"(મહાન ગુનોહ એ છે કે) પોતાની ઔલાદને એ ડરથી મારી નાખવી કે એના માટે ખાવાની વ્યવસ્થા કરવી પડશે અને**

**પડોશીની પત્ની સાથે વ્યભિચાર કરવો."** *(સહીહ બુખારી, ૮/૧૮)* બચ્ચામાં જાન પડી ગયા પછી મરાવી નાખવું એ માનવ ખૂન છે ! સ્ત્રીઓને વારસાથી દરેક કૌમે વંચિત રાખી હતી, ઈસ્લામે તેણીઓના હક્ક નક્કી કરી આપ્યા. રબ તઆલાનું ફર્માન નબી ﷺએ સંભળાવ્યું કે, "અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદના બારામાં, પુત્રનો હિસ્સો બે પુત્રીઓ બરાબર, પછી જો એકલી પુત્રીઓ જ હોય ભલે બેથી ઉપર તો તેમને વારસાનો ૨/૩ અને એક પુત્રી હોય તો તેને અડધુ." *(સૂરએ નિસાઅ, આ. ૧૧)* માનવ અધિકારની વાતો કરનારા બતાવે તેમના ત્યાં સ્ત્રીઓના શું હાલ છે ?! વળી ઈસ્લામી તા'લીમ એ છે કે, મા બાપ કોઈ ચીજ બાળકોને આપે તો છોકરા છોકરીને સરખુ આપે, પક્ષપાત ન કરે. હદીષમાં છે : "જેણે ત્રણ બાળકીઓની પરવરિશ કરી, તેમને અદબ શીખવી, તેમના નિકાહ કરી આપ્યા અને તેમની સાથે બેહતર વર્તાવ કર્યો તો તેના માટે જન્નત છે." બહેનની પરવરિશ માટે પણ એ જ હુકમ છે. માના કદમો નીચે જન્નત છે, એવું ફર્માવીને તેમની સેવા કરીને જન્નત કમાવાનો ઝરીયો દર્શાવ્યો. એવું નહીં કે **માલદાર બેટાઓ, બેટીઓ મજાથી જીવે અને માતાને વૃદ્ધા આશ્રમમાં પહોંચાડી દે !** આ ઈસ્લામની તા'લીમ નથી. વિધવાઓનું સમાજમાં કોઈ જ સ્થાન ન હતું. તેણીઓ સાથે જાનવરો જેવો વહેવાર થતો હતો. તેને બદલે પયગંબરે ઈસ્લામે વિધવાને પુનઃ નિકાહની છૂટ આપી ખુદ વિધવા સાથે નિકાહ કર્યા. વિધવા સ્ત્રીના આમ લોકો જેટલા જ હક્ક હોવાનું દર્શાવ્યું અને વિધવાને મદદ કરનારને ખુશખબરીઓ સંભળાવી. વિધવા તથા ગરીબોની મદદ માટે કોશિશ કરનારો અલ્લાહના માર્ગમાં જેહાદ કરનારા, રાતે ઈબાદત કરનારા અને દિવસે રોઝા રાખનારાઓની જેમ છે. પતિ પત્ની પર એકબીજાના હક્કો લાગુ પાડયા, વૃદ્ધો માટે જણાવ્યું કે, "જે નાનાઓ પર રહમ ન કરે અને વડીલોની ઈજ્જત ન કરે તે અમારામાંથી નથી." યતીમો, અનાથોની દેખભાળ કરનારનો અલ્લાહ તઆલાની નજીક મર્તબો બતાવવા અંગૂઠા સાથેની અને વચલી આંગળી નજીક નજીક રાખીને ફર્માવ્યું કે, "હું અને યતીમનું પાલપોષણ કરનાર જન્નતમાં આ પ્રમાણે હોઈશું, ભલે તે તેનો નજીકનો સગો હોય કે પરાયો હોય. *(મિશ્કાત, બુખારી)*

**પર સ્ત્રીઓની માન મર્યાદા** તો એટલી દર્શાવી કે **ગૈર મહરમ સ્ત્રી તરફ જોવાને હરામ દર્શાવ્યું, સ્પર્શવાની વાત તો દૂર રહી !** આજે ઠેર ઠેર માનવ અધિકારના ઝંડાધારીઓને ત્યાં પારકી સ્ત્રીઓ સાથે દુષ્કર્મો તથા બળાત્કાર સામાન્ય થઈ ગયા છે ! વધુ માટે પૂર્વગ્રહના ચશ્મા ઉતારીને ઈસ્લામનો અભ્યાસ કરો તો સમજાય જશે કે પોતે તમો ક્યાં ઉભા છો અને શેની વાત કરો છો !

## ★ મહાન મહાન આતંકવાદીઓ આજે માનવઅધિકારની વાતો કરે છે ! ★

બીજા વિશ્વયુદ્ધમાં **જાપાનના હિરોશીમા** તથા **નાગાસાકી** બે શહેરો પર અનુક્રમે તા. ૬–૮–૧૯૪૫ અને ૯–૮–૧૯૪૫ના રોજ અણુબોમ્બ ફેંકીને તે શહેરોમાં જીવતા લાખો માણસોને ઓગાળી કે જલાવી દેનારુ અમેરિકા કયા મોઢે માનવ અધિકાર (**Human Rights**)ની વાત કરી શકે કે આતંકવાદને પોતાનો દુશ્મન કહી શકે ?! સૌથી મહાન આતંકવાદ તથા માનવ અધિકારોનું હનન તો તેમણે જ કર્યું છે. આતંકવાદના જનેતા જ યૂરોપ તથા અમેરિકા છે. યાદ રાખશો વિશ્વને બે બે વિશ્વ યુદ્ધોની ભેટ ધરાવનારા આ માનવભક્ષીઓએ વિવિધ દેશોના પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪ થી ૧૯૧૮)માં કુલ ૭૩,૩૨,૦૦૦ (તોત્તેર લાખ બત્રીસ હજાર) માનવોનો ભોગ લીધો હતો અને બીજા વિશ્વ યુદ્ધ (૧૯૩૯–૧૯૪૫)માં ૪,૩૪,૪૩,૦૧૧ (ચાર કરોડ ચોત્રીસ લાખ તેંતાલીસ

હજાર અગ્યાર) માણસોનો ભોગ લીધો હતો. તેમજ ૧–નવેમ્બર ૧૯૫૫થી ૩૦ એપ્રિલ ૧૯૭૫ સુધી અમેરિકાએ વિયેટનામ પર શું માનવ અધિકારનાં ફૂલો વરસાવ્યાં હતાં ?! આતંક ફેલાવવા અઢળક બોમ્બવર્ષા કરી હતી તે ઈતિહાસ જોઈ લો. રશિયાએ અફઘાનિસ્તાન પર તા. ૨૪–૧૨–૧૯૭૯થી ૧૫–૨–૧૯૮૯ સુધી યુદ્ધ કરતા રહી કયા માનવઅધિકારના હક્ક્ અદા કર્યા ? આ તો કેવળ ઝલક જ છે ! આ ઉપરાંત અનેક જુલ્મો સિતમની દાસ્તાનો આ અમેરિકા, રશિયા, બ્રિટન, યૂરોપના દેશોની ઈતિહાસમાં હજીય અકબંધ છે. **બ્રિટને** દુનિયાભરમાં આતંક ફેલાવીને કેટલાય દેશોને ગુલામ બનાવી જુલ્મોની વર્ષા કરી હતી જેમાં આપણો દેશ પણ ગુલામ હતો અને સૌ જાણે છે કે અનેક લાશો તેમણે નિર્દોષોની પાડી હતી. **એ નિદોર્ષોના ખૂનોના હજીય પડઘા પડી રહ્યા છે કે અમને કયા વાંકે મારી નાખવામાં આવ્યા ? શા માટે અમારી સ્ત્રીઓને વિધવા અને બાળકોને અનાથ કરવામાં આવ્યાં ?! યહૂદીઓ પેલેસ્ટાઈનના લોકો પર વર્ષોથી જુલ્મો સિતમના પહાડ તોડી રહ્યા છે તેને શું શાંતિવાદ કહેવાશે કે આતંકવાદ ?! એના વિશે કેમ માનવઅધિકારની બાંગો પોકારનાર ચુપ છે ?** અમ્નો શાંતિથી જીવન જીવતા ઈરાક, લીબિયા તથા સીરિયા વગેરે દેશના લોકોને તબાહ તથા બર્બાદ કરનારા અમેરિકા, રશિયા, યૂરોપના દેશો આતંકવાદી નથી તો શું કહેવાશે ?! આ તો આપણી આંખો સમક્ષ થઈ રહ્યું છે. હજી શું પુરાવા તમારે એ જૂઠા માનવઅધિકારના ઠેકેદારોના આતંકવાદી હોવાના જોઈએ છે ? હિંદુસ્તાનમાં પણ ફાસીવાદી તત્વોએ અત્યાર સુધી શું શું કર્યું અને હજી શું થઈ રહ્યું છે તે જગ જાહેર છે છતાં આતંકવાદનો ઈલ્ઝામ મુસ્લિમ મઝલૂમ કૌમ પર થોપવામાં આવે છે ! અને એકવાર આંતકવાદમાં દોષિત ઠરેલા અને જનમટીપ તથા જીવનપર્યંત જેલની સજા પામેલાઓને ન્યાયતંત્રની પોલ જુઓ કે તદન નિર્દોષ બાઈજ્જત હવે છોડી દેવામાં આવે છે ! આ તો દુનિયા પર જુલ્મોની તથા આતંકની એક ઝલક જ છે, સાચે જ ઈન્સાફની નજરે દુનિયાનો ઈતિહાસ જોશો તો આતંકવાદી કોણ છે અને આતંકવાદનો જન્મદાતા કોણ છે તે સમજાય જશે.

## ★ ઈસ્લામમાં પૂર્વગ્રહને કોઈ સ્થાન જ નથી ★

રસૂલે અકરમ ﷺએ એક પ્રસંગે ઈર્શાદ ફર્માવ્યો : "જે વિના કારણે જંગ કરે અને દુશ્મની પ્રતિ નોંતરે અથવા પૂર્વગ્રહને લીધે ગુસ્સો કરે તે જાહિલિયતની મૌત મરશે." (સુનને ઈબ્ને માજહ, ૨/૪૭૧) એમાં જ છે : પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ શું પોતાની કૌમથી મહોબ્બત રાખવી એ પણ પૂર્વગ્રહ છે ? ફર્માવ્યું કે નહીં ! પણ **જુલ્મમાં પોતાની કૌમની મદદ કરવી એ પૂર્વગ્રહ (દુશ્મની) છે.** માનવો પર રહમ તથા કૃપાની તા'લીમ આપતાં ફર્માવ્યું, "રહમ કરનારાઓ પર રહમાન (અલ્લાહ) રહમ ફર્માવે છે. **તમે લોકો જમીનવાળાઓ પર રહમ કરો તો આસ્માનવાળો તમારા પર રહમ ફર્માવશે."** *(સુનને અબૂ દાઊદ, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૨૩)* મઝહબ બાબતે તો એટલી આઝાદી આપી કે કોઈને જોર જુલમથી અને ધાક ધમકીથી મુસલમાન બનાવવો જાઈઝ નથી. "દીનમાં કોઈ જબદરસ્તી નથી." *(સૂરએ બક્રહ, ૨/૨૫૬)* બલ્કે તેમના દીન (ધર્મ)માં કોઈ જબરદસ્તી કરવામાં ન આવે. **દરેક કૌમના 'પર્સનલ લો'ની રક્ષા કરવામાં આવે તેમની ધાર્મિક વિધિઓ, સંસ્કૃતિ કે પર્સનલ લોમાં દખલગીરીને ઈસ્લામે સખત નાપસંદ કરેલ છે.**

*(તારીખે તિબરી, જુઝ–૪)*

ટૂંકા લેખમાં વધુ લખવું શક્ય નથી જેથી વધુ માટે 'ઈસ્લામ અને વિશ્વશાંતિ' એ કિતાબ⍟નો અભ્યાસ કરી લો કે ઈસ્લામના ખલીફાઓએ એ જ પ્રમાણે પોતાના દૌરમાં અન્ય કૌમો સાથે કેવા સુમેળભર્યા તથા ન્યાયપૂર્ણ વહેવારો રાખ્યા હતા અને માનવતાને મહેકાવી હતી. એનું એક દષ્ટાંત બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہનું આ કરારનામુ (અમાન નામા) છે જે તેમણે બયતુલ મુકદ્દસની ફતહ વખતે બહાર પાડયું હતું :–

''અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન અતિ રહમવાળો. આ તે અમાન છે જે અલ્લાહના બંદા ઉમર અમીરુલ મુઅ્મિનીનને ઈલિયા (બૈતુલ મુકદસ)વાળાઓને અતા કરી. આ અમાન તેમની જાન તથા માલ તેમના દેવળો તથા ક્રોસો માટે છે, તેમના બીમારો અને તંદુરસ્તો અને તેમની આખી કૌમના માટે છે. તેમની ઈબાદતગાહો (પ્રાર્થનાલયો)માં રહેઠાણ અપનાવવામાં આવશે ન તો તોડી પાડવામાં આવશે, તેમના દેવળો તથા તેની સાથેનાં મકાનો, તેમના ક્રોસો અને તેમની જાયદાદોમાં કોઈ પ્રકારની કમી કરવામાં આવશે નહીં અને ન તો તેમાં કોઈને નુકસાન પહોંચાડવામાં આવશે.

*(તિબરી, ભાગ–૧, પેજ–૨૪૫, વઅદ્દિરાયહ્ફી તખરીજે અહાદીષિલ હિદાયહ્, પ્રેસ–દિલ્હી, પેજ–૩૬૦)*

તેમજ હવે આ લખાણ પણ વાંચી લો. હઝરત ખાલિદ બિન વલીદે હમ્સવાળાઓને (જ્યારે સંજોગોવસાત તે મુલ્ક છોડી જવાનું થતાં) આ ખબર સંભળાવી. હઝરત અબૂ ઓબૈદા ઈબ્ને જર્રાહે દમિશ્કના અમુક પ્રદેશોમાં એ ખબર આપી અને તેમને કહ્યું કે: ''હે ઝિમ્મીઓ ! અમે તમારી પાસેથી જે ટેકસ વસૂલ કર્યો હતો તે એટલા માટે હતો કે અમે તમારી જાન તથા માલની રક્ષા કરીએ, બાહ્ય હુમલાઓથી રક્ષામાં રાખીએ, પણ અફસોસ કે અમે એ ઝિમ્માને પૂરો નથી કરી શકતા એટલા માટે તમે લોકોએ જે રકમો અમને આપી છે તે સૌ અમે પરત કરીએ છીએ.''

ગૈર મુસ્લિમ પ્રજા આ ખબર સાંભળીને રડી પડી ! એટલા માટે કે તેમને પોતાના સમ ધર્મી હુકમરાનોના જુલ્મ તથા સિતમનો જુનો અનુભવ હતો. તેમણે પોતાના તે મોહસિનોને (એહસાન કરનારા, મુસ્લિમોને) આંસુઓ તથા વિનવણીઓ સાથે વિજય તથા કામયાબીની ખ્વાહિશોની સાથે વિદાય કર્યા અને કહ્યું, **યકીનન ! હે મુસલમાનો ! આજે દુનિયામાં ન્યાય તથા માનવાતાનો ધર્મ તમારાથી જ સચવાયેલો છે,** અમે અંતરના ઊંડાણેથી એ વાતના આરઝૂમંદ છીએ કે અમારા બાદશાહ અને હાકિમ બનીને ફરી જલ્દી તમે પાછા ફરો.

હવે મુસ્લિમ સિવાયના વિજેતા લશ્કરો જે તે જીતેલા દેશો પર કેવા જુલ્મો સિતમ કરતા હતા તે જાણવા ઈતિહાસને ફેરવી જુઓ તો સમજાય જશે કે વિશ્વ શાંતિનો જામિન કોણ છે. આજકાલ દુનિયામાં પોતાના હક્કો માટે લડનારાને આતંકવાદીનું લેબલ લગાડી દેવામાં આવે છે. અને ખરેખર કોઈ ગુમરાહ જો આતંકવાદી પ્રવૃત્તિ કરતો હોય તો તેને ઈસ્લામની રૂએ અમો પણ ધિક્કારીએ છીએ અને તેવાને તેના કરતૂતોની શિક્ષા મળે એ જ મત અમારો પણ છે. પણ આતંકવાદને ધર્મ સાથે જોડી ''ઈસ્લામી આતંકવાદ'' કહેવું એ મહાન જુર્મ છે કેમ કે ઈસ્લામમાં જુલ્મને તથા આતંકવાદને કોઈ સ્થાન જ નથી બલ્કે ઈન્સાનિયત તથા માનવતાની જે તા'લીમ ઈસ્લામમાં છે એ ક્યાંય જોવા નથી મળતી.

⍟ *આ કિતાબ અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧ના સરનામે મળી શકે છે.*

વાતને ટૂંકાવતાં અત્રે એક હદીષ રજૂ કરીએ છીએ જેમાં હુઝૂર ﷺનાં પાકીઝા બીવી, ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજા رضی اللہ عنہاએ આપ ﷺની ખૂબીઓ શું વર્ણવી તે જોઈ લો અને ગલત પ્રોપેગન્ડાઓને રદિયો આપો. પત્ની જેટલી પતિના કામો તથા તેની અસલ હકીકતોને જાણતી હોય છે એટલુ અન્ય કોઈ જાણી નથી શકતું. એ દરેક સમજે છે તો ઈન્સાફની નજરે એને વાંચો :–

હુઝૂર ﷺ પર જ્યારે પ્રથમ વહી નાઝિલ થઈ તો નબુવ્વતના બોજથી આપના દિલમાં માનવસહજ સ્વભાવિક ગભરાહટ મહેસૂસ થયો. આપે હઝરત ખદીજા رضی اللہ عنہاને પોતાની પરેશાની તથા ગભરાહટનો ઉલ્લેખ કર્યો તો હઝરત ખદીજાએ આપને તસલ્લી આપતાં કહ્યું :–

**"ખુદાની કસમ ! અલ્લાહ તઆલા આપને કદાપિ શર્મિંદા કરશે નહીં, કેમ કે આપ (૧) સિલએ રહમી (સગાં સાથે સદ્‌વર્તાવ) કરો છો (૨) કમજોરોનો બોજ ઉઠાવો છો (૩) નાદારોની મદદ કરો છો (૪) મહેમાન નવાઝ છો (૫) મુસીબતઝદા લોકોના કામ આવો છો.**

*(મદારિજુન્નબુવ્વત)*

જો કે આપના જીવનનો અભ્યાસ કરશો તો અગણિત ખૂબીઓ આપની જોવા મળશે, છતાં અહીં પ્રસંગોપાત દર્શાવેલ આ પાંચ ખૂબીઓવાળાને ઈન્સાનિયતનો ઝંડાધારી ન કહેશો તો શું કહેશો ? આ બાબતો પર ચાલનારને ઈન્સાન કહેવાય છે, નહીં તો જુલ્મ કરનારને તો દરિન્દો કે જંગલી પશુ તથા શૈતાન કહેવાશે. સારાંશ કે ઈન્સાનિયત સાચા અર્થમાં શીખવી હોય તો સંપૂર્ણ મો'મિન બનવામાં આવે. રસૂલે પાક ﷺના આદેશોનું અડગપણે પાલન કરવામાં આવે, બીજે ક્યાંય તમને સાચી ઈન્સાનિયત જોવા મળશે નહીં.

કેટલાક કહેવાતા મુસ્લિમ એજ્યુકેટેડ હકીકતમાં જાહિલ ક્યારેક બોલે છે કે, *"અમે ઈન્સાનિયતની વાત કરીએ છીએ ઈસ્લામની નહીં !"* કેટલાક કુફ્રી શેઅરો પણ બોલે તથા છાપે છે કે, *"ન હિંદુ બન, ન મુસલમાન બન, પહલે ઈન્સાન બન !"* તો એવા જાહિલો ઈસ્લામનો અભ્યાસ કરે અને પોતાના કથનોથી તૌબા કરી લે. અને દિલથી સ્વીકારે કે સાચો મો'મિન જ સાચો ઈન્સાનિયતવાળો હોય શકે છે, કેમ કે ઈસ્લામમાં જે માનવતાની તા'લીમ છે તે ક્યાંય જોવા મળતી નથી. ❑ ❑ ❑

## બરકાતે ખ્વાજા, ડિસેમ્બર–૨૦૨૦ અંકના તંત્રી લેખ વિશે મંતવ્ય

**'દાંપત્ય જીવનના બખેડાઓ : કારણો અને ઈલાજ' વિશે લખેલ તંત્રી લેખ:** માશાઅલ્લાહ ! હાલની ચિંતાજનક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી તંત્રી શ્રીએ એક નસીહત આમોઝ 'દાંપત્ય જીવનના બખેડાઓ'નું સચોટ વર્ણન કર્યું છે. જેમાં બે મુદ્દાઓ અનુક્રમે : (૧) **કાલ્પનિક સુખો પામવાના ભ્રમમાં.......** અને (૨) **મા, બાપના ઘરે નાસી આવતી દિકરીઓ.........** બાબતનું ધારદાર આલેખન કર્યું છે. મારા મંતવ્ય અનુસાર મુસ્લિમ સમાજમાં જે ગામ, શહેર, મહોલ્લા અને લટ્ટાઓમાં જે દિકરીઓ પોતાની જીદ અને નજીવી બાબતોને લઈને ઘરે બેઠી છે, તેવા પિતા, વાલીઓ કે વડીલોને આ અંકના તંત્રી લેખની ફોટો કોપી (ઝેરોક્ષ નકલ) આપી તેમનું ધ્યાન દોરવું જોઈએ. અલ્લાહ મુસ્લિમ બેટીઓ અને તેણીના વાલી, વારસો તથા તમામ વાંચકોને હિદાયત આપે. (આમીન) જઝાકલ્લાહ ! *–લિ. સિરાજ એમ. ગાડીવાલા (દયાદરા)*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી,
એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ مَنْ یُّهَاجِرْ فِیْ سَبِیْلِ اللّٰهِ یَجِدْ فِی الْاَرْضِ مُرٰغَمًا
كَثِیْرًا وَّ سَعَةً ؕ وَ مَنْ یَّخْرُجْ مِنْۢ بَیْتِهٖ مُهَاجِرًا اِلَى اللّٰهِ وَ
رَسُوْلِهٖ ثُمَّ یُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَ قَعَ اَجْرُهٗ عَلَى اللّٰهِ ؕ وَ
كَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِیْمًا ﴿۱۰۰﴾ وَ اِذَا ضَرَبْتُمْ فِی الْاَرْضِ
فَلَیْسَ عَلَیْكُمْ جُنَاحٌ اَنْ تَقْصُرُوْا مِنَ الصَّلٰوةِ ۖۗ اِنْ
خِفْتُمْ اَنْ یَّفْتِنَكُمُ الَّذِیْنَ كَفَرُوْا ؕ اِنَّ الْكٰفِرِیْنَ كَانُوْا
لَكُمْ عَدُوًّا مُّبِیْنًا ﴿۱۰۱﴾ وَ اِذَا كُنْتَ فِیْهِمْ فَاَقَمْتَ لَهُمُ
الصَّلٰوةَ فَلْتَقُمْ طَآىٕفَةٌ مِّنْهُمْ مَّعَكَ وَ لْیَاْخُذُوْۤا
اَسْلِحَتَهُمْ ۫ فَاِذَا سَجَدُوْا فَلْیَكُوْنُوْا مِنْ وَّرَآىٕكُمْ ۪ وَ
لْتَاْتِ طَآىٕفَةٌ اُخْرٰى لَمْ یُصَلُّوْا فَلْیُصَلُّوْا مَعَكَ وَ
لْیَاْخُذُوْا حِذْرَهُمْ وَ اَسْلِحَتَهُمْ ۚ وَدَّ الَّذِیْنَ كَفَرُوْا لَوْ
تَغْفُلُوْنَ عَنْ اَسْلِحَتِكُمْ وَ اَمْتِعَتِكُمْ فَیَمِیْلُوْنَ عَلَیْكُمْ
مَّیْلَةً وَّاحِدَةً ؕ وَ لَا جُنَاحَ عَلَیْكُمْ اِنْ كَانَ بِكُمْ اَذًى مِّنْ
مَّطَرٍ اَوْ كُنْتُمْ مَّرْضٰۤى اَنْ تَضَعُوْۤا اَسْلِحَتَكُمْ ۚ وَ خُذُوْا
حِذْرَكُمْ ؕ اِنَّ اللّٰهَ اَعَدَّ لِلْكٰفِرِیْنَ عَذَابًا مُّهِیْنًا ﴿۱۰۲﴾

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને જે અલ્લાહના રસ્તામાં ઘરબાર છોડીને નીકળશે, તે ધરતીમાં ઘણી જગ્યા અને વિસ્તૃતતા મેળવશે. અને જે પોતાના ઘેરથી નીકળ્યો[૧૯૫], અલ્લાહ અને રસૂલ પ્રતિ હિજરત કરતો, પછી તેને મોતે પકડી લીધો, તો તેનો સવાબ અલ્લાહના ઝિમ્મે થઈ ગયો[૧૯૬], અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૦૦) અને જ્યારે તમે ધરતીમાં સફર કરો, તો તમારા પર ગુનોહ નથી કે અમુક નમાઝો કસરથી પઢો[૧૯૭] જો તમને બ્હીક હોય કે કાફિર તમને તકલીફ દેશે[૧૯૮]. બેશક ! કાફિરો તમારા ઉઘાડા દુશ્મન છે (૧૦૧) અને હે મહબૂબ ! જ્યારે તમે તેમનામાં પધારેલા હોય[૧૯૯] પછી નમાઝમાં તેમની ઈમામત કરો,[૨૦૦] તો જોઈએ કે તેમનામાં એક જમાઅત તમારી સાથે હોય[૨૦૧], અને તેઓ પોતાના શસ્ત્રો સાથે રાખે[૨૦૨], પછી જ્યારે તેઅ સિજદો કરી લે[૨૦૩], ત્યારે હઠીને તમારાથી પાછળ થઈ જાય[૨૦૪], અને હવે બીજી જમાઅત આવે, જે તે સમય સુધી નમાઝમાં ન હતી[૨૦૫], હવે તે તમારા મુકતદી બને, અને જોઈએ કે પોતાની આડ અને પોતાના હથિયાર સાથે રાખે[૨૦૬] કાફિરોની અભિલાષા છે કે ક્યાંક તમે

*પોતાનાં હથિયારો અને પોતાના સામાનને ભૂલી જાવ, તો એક વખત તમારા પર ઝપટી પડે[૨૦૭], અને તમારા પર વાંધો નથી જો તમને વરસાદના લીધે તકલીફ હોય, અથવા માંદા હોવ, જેથી તમારા શસ્ત્રો છોડી નાખો, અને પોતાની આડ સાથે રાખો[૨૦૮] બેશક ! અલ્લાહે કાફિરો માટે અપમાનજનક અઝાબ તૈયાર કરી રાખ્યો છે. (૧૦૨)*

## :: સમજૂતી ::

**૧૯૫. શાને નુઝૂલ :** એનાથી ઉપરની આયત જ્યારે ઉતરી ત્યારે જુન્દઅ બિન ઝુમેરા લૈસીએ તેને સાંભળી તેઓ અતિવૃદ્ધ હતા, બોલ્યા, "હું અપવાદિત લોકોમાં તો નથી, કારણ કે મારી પાસે તો એટલો માલ છે કે જેનાથી હું હિજરત કરીને મદીના શરીફ પહોંચી શકું, ખુદાના સોગંદ ! હવે હું મક્કામાં એક રાત્રી પણ રોકાઈશ નહીં, મને લઈ ચાલો." પછી તેમને ખાટલા પર સૂવાડીને લઈ જવા માંડયા, પણ તન્ઈમ સ્થળ આવતાં તેમનું ત્યાં મૃત્યુ થઈ ગયું. અંતિમ વેળાએ તેમણે પોતાનો જમણો હાથ ડાબા હાથ પર મૂક્યો, અને બોલ્યા, "હે અલ્લાહ ! આ તારો અને આ તારા રસૂલનો, હું એના પર બૈઅત કરૂં છું, જેના પર તારા રસૂલે બૈઅત કરી," બૈઅતના સમાચાર સાંભળીને સહાબા બોલ્યા, "જો તેઓ મદીના પહોંચી શક્યા હોત તો તેમને કેટલો મહાન સવાબ મળત." અને એ સમાચારથી મુશ્રિકો હસી પડયા અને કહેવા માંડયા, જે હેતુથી નીકળ્યા હતા તે તો મળ્યો નહીં, ત્યારે આ આયતે કરીમા ઉતરી.

**૧૯૬ :** તેના વાયદા, અને તેના ફઝલો કરમથી, કારણ કે હક્ક દાવાની રૂએ તેના પર કોઈ વસ્તુ વાજિબ નથી, તેની શાન એનાથી ઉચ્ચ છે.

**મસ્અલો :** ઈલ્મ મેળવવા, હજ જિહાદ, ઝિયારત, ઈતાઅત, પરહેઝગારી અને કનાઅત, તેમજ હલાલ રોજી કમાવવા ખાતર વતન છોડવું (એ પણ) ખુદા અને રસૂલ તરફ હિજરત કરવા (જેવું) છે. એ માર્ગમાં મરનાર (પણ) બદલો (સવાબ) મેળવશે.

**૧૯૭ :** અર્થાત ચાર રકઅતવાળી બે રકઅત.

**૧૯૮. મસ્અલો :** કાફિરોનો ભય નમાઝ કસર કરવા માટે શરતરૂપ નથી.

**હદીષ :** યઅલા બિન ઉમય્યાએ હઝરત ઉમર رضی اللہ عنہને કહ્યું કે, "આપણે તો શાંતિમાં છીએ, પછી આપણે કેમ કસર કરીએ છીએ ?" જવાબ આપ્યો, "એ ખુદા તરફથી તમારા માટે સદકો છે, તેના સદકાને સ્વીકારો".

**મસ્અલો :** ઉપરોક્ત રિવાયતથી જણાયું કે સફરમાં ચાર રકઅતવાળી નમાઝને પૂરી પઢવી જાઈઝ નથી. કારણ કે જે વસ્તુઓ કબ્જા પાત્ર નથી, તેમનો સદકો માત્ર બજાવી લાવવાથી થાય છે, અસ્વીકારની શક્યતા એમાં નથી.

**મસ્અલો :** સફર કરનારની ઝડપ અથવા ધીમાપણાનો હિસાબ નહીં થાય, તે ત્રણ દિવસનું અંતર ત્રણ કલાકમાં કાપી નાખે તો પણ કસર થશે. અને એક દિવસની મુસાફરીમાં ત્રણ દહાડા લગાડે તો પણ કસર નહીં થાય, મતલબ કે અંતરનો હિસાબ ગણાશે.

**૧૯૯ :** અર્થાત પોતાના સહાબામાં.

**૨૦૦ :** આમાં 'નમાઝે ખૌફ'ની જમાઅતનું બયાન છે.

**શાને નુઝૂલ :** જિહાદમાં મુશ્રિકોએ નબીએ કરીમ ﷺને તમામ સહાબા સાથે ઝોહરની નમાઝ જમાઅતથી પઢતા જોયા, ત્યારે તેમને પસ્તાવો થયો કે તે સમયે તેમણે શા માટે હુમલો ન કર્યો ? અને પરસ્પર એક બીજાને કહેવા માંડયા કે, કેટલી સરસ તક હતી. તેમાં અમુક બોલ્યા, હજુ એના પછી એક બીજી નમાઝ છે, મુસલમાનોને એમના મા–બાપ

કરતાં પણ વધુ વ્હાલી છે, એટલે કે અસરની નમાઝ. જ્યારે તેઓ તે નમાઝ પઢવા ઉભા થાય, ત્યારે પૂરી તાકતથી હુમલો કરીને મુસલમાનોને ખત્મ કરી નાખો, ત્યારે હઝરત જિબ્રઈલ ઉતર્યા, અને સૈયદે આલમ ﷺને વિનંતી કરી કે, "યા રસૂલલ્લાહ ! આ ખૌફની નમાઝ છે અને અલ્લાહ તઆલા ફર્માવે છે : وَ اِذَا كُنْتَ فِيْهِمْ

**૨૦૧** : એટલે કે હાજર રહેલાઓને બે ટોળીઓમાં વહેંચી દેવામાં આવે, તેમાં એક આપની સાથે રહે. આપ તેમને નમાઝ પઢાવો અને એક ટોળી દુશ્મનની સામે ઉભી રહે.

**૨૦૨** : એટલે કે જે લોકો દુશ્મનની સામે ઉભેલા હોય, અને હઝરત ઈબ્ને અબ્બાસની રિવાયત છે કે, જો જમાઅતવાળા નમાઝી મુરાદ હોય તો તેઓ એવા હથિયાર લગાવેલા રાખે, જેનાથી નમાઝમાં કોઈ ખલેલ ન પડે, જેમ કે તલવાર, ખંજર વગેરે. અમુક તફસીરકારોનું કહેવું છે કે હથિયારો સાથે રાખવાનો હુકમ બન્ને ટોળીઓ માટે છે, અને એ વાત વધારે સાવચેતીપૂર્ણ છે.

**૨૦૩** : અર્થાત બન્ને સિજદા કરીને રકઅતો પૂરી કરી લે.

**૨૦૪** : જેથી દુશ્મનની સામે ઉભા રહી શકે.

**૨૦૫** : અને અત્યાર સુધી દુશ્મનની સામે ઉભેલી હતી.

**૨૦૬** : આડનો મતલબ બખ્તર વગેરે એવી વસ્તુઓ છે જેના વડે દુશ્મનના હુમ્લા વગેરેથી બચી શકાય. એવી વસ્તુઓનું સાથે રાખવું ખરેખર વાજિબ છે, જેમ કે નજીકમાં જ ઈર્શાદ થશે : وَ خُذُوْا حِذْرَكُمْ અને હથિયાર રાખવાં મુસ્તહબ છે.

**નમાઝે ખૌફ** : નમાઝે ખૌફની રીત ટૂંકમાં આ મુજબ છે કે, પહેલી ટોળી ઈમામ સાથે એક રકઅત પૂરી કરીને શત્રુની સામે ઉભી રહે, અને જે ટોળી શત્રુની સામે ઉભી હતી તે આવીને ઈમામ સાથે બીજી રકઅત પઢે, પછી ફક્ત ઈમામ સલામ ફેરવે, અને પહેલી ટોળી આવીને બીજી રકઅત કિ઼રઅત વગર પઢે, અને સલામ ફેરવી દે પછી દુશ્મનની સામે જાય, પછી બીજી ટોળી પોતાની જગ્યાએ એક રકઅત જે બાકી રહી ગઈ હતી, તે કિ઼રઅત સાથે પઢીને સલામ ફેરવે. કારણ કે આ લોકો મસ્બૂક઼ છે, જ્યારે પહેલા લાહિક. હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہનું નમાઝે ખૌફ આ રીતે જ પઢવાનું બયાન થયેલું છે. હુઝૂર પછી પણ સહાબા નમાઝે ખૌફ પઢતા રહ્યા છે, ભયની પરિસ્થિતિમાં, દુશ્મનના સામના સમયે, આ રીતે ખાસ તૈયારીથી નમાઝ પઢવાના હુકમથી ફલિત થાય છે કે જમાઅત કેટલી મહત્વપૂર્ણ વસ્તુ છે.

**મસાઈલ** : સફરની હાલતમાં ખૌફની પરિસ્થિતિ ઉભી થાય, તો ઉપર તેનું વર્ણન થયું, પરંતું જે મુકી઼મ (બિન મુસાફિર)ને આવી પરિસ્થિતિમાં મૂકાવું પડે તો, તે ચાર રકઅતવાળી નમાઝોમાં દરેક ટોળીને બે બે રકઅતો પઢાવે અને ત્રણ રકતઅતવાળી નમાઝમાં પહેલી ટોળીને બે અને બીજીને એક રકઅત પઢાવે.

**૨૦૭. શાને નુઝૂલ** : નબીએ કરીમ ﷺ જ્યારે ફકહરે અઅલાના યુદ્ધથી પરવાર્યા, અને શત્રુના ઘણા માણસોને કેદ પકડયા, અને ગનીમતના સરસામાન હાથ લાગ્યા, અને કોઈ દુશ્મન બચ્યો નહીં, ત્યારે હુઝૂરે અકરમ (ﷺ) કુદરતી હાજત માટે એકલા જંગલમાં તશરીફ લઈ ગયા. ત્યારે શત્રુ સૈન્યનો હુવૈરિસ બિન હારિષ આ સમાચાર સાંભળી તલવાર લઈને છુપાઈને પહાડ પરથી ઉતર્યો, ઓચિંતો હુઝૂર પાસે પહોંચીને તલવાર ખેંચીને બોલ્યો, "હે મુહમ્મદ ! (ﷺ) હવે તમને મારાથી કોણ બચાવશે ?" હુઝૂરે ફર્માવ્યું, "અલ્લાહ તઆલા." પછી હુઝૂરે દુઆ કરી. જ્યારે પેલાએ તલવાર

ચલાવવાનો ઈરાદો કર્યો કે તરત જ ઊંધા મોઢે ગબડી પડયો, તલવાર તેના હાથમાંથી પડી ગઈ, હુઝૂરે તે તલવાર ઉપાડી લઈ ફર્માવ્યું, તને મારા હાથથી કોણ બચાવશે ? કહ્યું, મને બચાવનાર કોઈ જ નથી ! ફર્માવ્યું, "અશહદ અલ–લાઈલાહ ઈલ્લલ્લાહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દુહુ વ રસૂલુહુ" પઢ ! તારી તલવાર તને પરત કરી દઈશ. તેણે ના કહ્યું, અને બોલ્યો, "એ વાતની ખાતરી આપું છું કે જીવનભર તમારાથી લડીશ નહીં, ન તમારા કોઈ દુશ્મનનો સાથ આપીશ." આપે તેની તલવાર તેને પાછી આપી દીધી. કહેવા માંડયો, "હે મુહમ્મદ ! (ﷺ) આપ મારા કરતાં અત્યુત્તમ છો." ફર્માવ્યું, હા ! અમને એ જ છાજે છે. ત્યારે આ આયત ઉતરી, અને હથિયાર તેમજ બચાવનું સાધન સાથે રાખવાનો હુકમ કરવામાં આવ્યો. *(અહમદી)*

**૨૦૮** : કારણ કે એનું સાથે રાખવું હમેશાં જરૂરી છે.

**શાને નુઝૂલ** : ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું કે અબ્દુર્રહમાન બિન ઔફ ઝખ્મી હતા, અને તે સમયે હથિયાર બાંધી રાખવાં તેમના માટે ખૂબ કષ્ટદાયક અને ભાર સમાન હતાં, તેમના માટે આ આયત ઉતરી, અને કારણ વસાત હથિયારો છોડી નાખવાથી રજા આપવામાં આવી. *(ક્રમશઃ)*

## નરસંડામાં જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺની સાદાઈપૂર્વક ઉજવણી

**નરસંડા** : (તા. નડીયાદ, જિ. ખેડા)માં તા. ૨૨/૧૧/૨૦૨૦, મુ. ચાંદ ૬/૦૪/૧૪૪૨નાં રોજ દર વરસની માફક આ વર્ષે પણ વર્તમાન કોવિડ–૧૯ની પરિસ્થિતિને અનુલક્ષીને મુખ્તસર સાદાઈપૂર્વક મસ્જિદમાં પ્રોગ્રામ યોજોયલ, જેમા ૩,૦૧,૧૧૨ કુર્આન શરીફ, ૫૩ કરોડ ૧૧૨ કલ્મા શરીફ, ૬૩ કરોડ ૧૧૨ દુરૂદ શરીફ તેમજ અન્ય ૨૩૦ વિવિધ વઝાઈફ લાખોની તાદાતમાં સરકારની બારગાહમાં તોહફો પેશ કરવામાં આવેલ તેમજ હઝરત આદમ علیہ السلامથી કયામત સુધીનાં તમામ મર્હૂમીન મોમિનીન મોમિનાત, મુસ્લિમીન મુસ્લિમાતને ઈસાલે સવાબ બખ્શવામાં આવેલા.

આ પ્રોગ્રામમાં ગુજરાતમાંથી સાદાતે કિરામ, ઉલ્માએ કિરામ તથા ખાસ આમંત્રિત મહેમાનોએ હાજરી આપેલ સલાતો સલામ દુઆએ ખૈર સાથે રૂહાની, નૂરાની વાતાવરણ વચ્ચે સંપૂર્ણ સફળતા સાથે પ્રોગ્રામ સંપન્ન થયેલ. તમામને મુબારકબાદ. *–હબીબ એ. તરકવાડીયા (બી.એ.) મુ. જસદણ*

## દયાદરામાં જશ્ને ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہના પ્રોગ્રામો

**દયાદરા** : ખાતે મુખ્તારુલ મસાજિદમાં રબિઉલ આખર હિ.સ. ૧૪૪૨ ચાંદ ૧ થી ૧૧ સુધી ઈશા બાદ દુરૂદની મેહફિલ પછી યાસીન શરીફ ખત્મ થયો. ચાંદ ૮ થી ૧૦ સુધી ઈશા બાદ મસ્જિદમાં હઝરત મૌલાના મુફતી તૌસીફ હલદરવી (સદર ઉલમા કાઉન્સિલ–દયાદરા)નાં બયાનો શાને ગ઼ૌષિયતમાં થયાં. અને ૧૧ મીની રાત્રે મોટા ચકલા પર હઝરત મૌલાના ઝહિર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ગ઼ૌષ પાક رضی اللہ عنہના ફર્માનો રજૂ કરી મજમાને તેના પર ચાલવા તાકીદ કરી હતી. બીજા દિવસે જુમ્આના રોજ સવારમાં ૮.૩૦ વાગે મૌલાના ઝહીર મિસ્બાહીએ મસ્જિદમાં શાનદાર બયાન કર્યું બાદમાં ગ઼ૌષ પાક رضی اللہ عنہના બાલ મુબારકની ઝિયારત કરવામાં આવી. અને શનિવારે સવારમાં આમ ન્યાઝ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# દર્સે હદીષે પાક — મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه رحمة الله القوي

*હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે જ્યારે તમે એને જુઓ જે મસ્જિદમાં ખરીદ વેચાણ કરી રહ્યો છે તો કહી દો, અલ્લાહ તારા વેપારમાં નફો ન આપે[1] અને જ્યારે તમે ત્યાં કોઈને ગુમ થયેલી ચીજ શોધતાં જુઓ તો કહી દો, ખુદા કરે તારી ચીજ ન મળે.[2] (તિર્મિઝી, દારમી)*

**૧.** જાણવા મળ્યું કે ગુનાહ પર બદદુઆ આપવી જાઈઝ છે, બેહતર એ છે કે એને સંભળાવીને બદ્દુઆ આપે જેથી તબ્લીગ પણ થઈ જાય. ખરીદ વેચાણથી મુરાદ કેવળ ખરીદ વેચાણની વાતો કરવું પણ છે અને ત્યાં માલ હાજર કરીને વેચવું પણ મુરાદ છે.

**૨.** એની શરહ (સમજૂતી) વર્ણન થઈ ચૂકી કે શોધવાથી મુરાદ શોર મચાવીને તલાશ કરવું છે.

*હઝરત હકીમ બિન હિઝામ رضي الله عنهથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ عليه الصلوٰة والسلامએ મસ્જિદમાં ક઼ેસાસ લેવાથી[1] અને ત્યાં શેઅરો પઢવાથી તથા ત્યાં હદો કાયમ કરવાથી (સજાઓ આપવાથી) મના કર્યું.[2] (અબૂ દાઊદ)*

**૧.** કેમ કે એમાં લોહી વગેરેથી મસ્જિદ ખરાબ થશે.

**૨.** લગભગ હદોથી મુરાદ અલ્લાહના હક્ક઼ોની સજાઓ છે, જેમ કે ચોરી તથા ઝિનાની સજા. ક઼ેસાસ એ બંદાના હક્ક઼ની સજા હતી. યાદ રાખશો કે મસ્જિદમાં ક઼ાઝી કેસને સાંભળી શકે છે, પણ સજા મસ્જિદ બહાર આપવામાં આવશે.

*અબૂ દાઊદ જામેઅ ઉસૂલમાં હકીમથી અને મસાબીહમાં જાબિરથી રિવાયત છે. હઝરત મુઆવિયહ ઈબ્ને કુર્રાથી[1] તે પોતાના દાદાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ તે બે ઝાડો એટલે પ્યાજ તથા લસણથી મના કર્યું અને ફર્માવ્યું કે જે આને ખાય તે અમારી મસ્જિદની પાસે ન આવે.[2] અને ફર્માવ્યું કે જો તમારે ખાવુ જરૂરી હોય તો તેને પકાવીને મારી દીધા કરો.[3] (અબૂ દાઊદ)*

**૧.** આપનું નામ મુઆવિયહ ઈબ્ને કુર્રાઈબ્ને અયાસ ઈબ્ને હિલાલ છે. ક઼બીલા નદઈય્યહથી છે. બસરાના રહેવાસી મશહૂર તાબઈ છે. જંગે જુમલના દિવસે પેદા થયા. ૭૦ સહાબીઓથી મુલાકાત થઈ છે. હિ.સ. ૧૧૩માં વફાત પામ્યા. *(લમ્આત)*

**૨.** આ વાક્ય પ્રથમ વાક્યની તફસીર છે, એટલે કે પ્યાજ તથા લસણ ખાવુ હરામ નથી, બલ્કે ખાયને દુર્ગંધમય મોઢું લઈને મસ્જિદમાં આવવું હરામ છે ચાહે ત્યાં નમાઝી હોય કે ન હોય પણ ફરિશ્તા દરેક સમયે રહે છે.

**૩.** જેથી કરીને એની ગંધ જતી રહે. કેમ કે દુર્ગંધ જ મનાઈનું કારણ છે. પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે કે આ હુકમ દરેક મસ્જિદનો છે, બલ્કે દરેક દીની મજલિસમાં એનો ખયાલ રાખવામાં આવે.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**અર્ઝો અષર સલામ કો હાઝિર હૈં અસ્સલામ**
**મલ્જા યહ બારગાહ દુઆઓ અષરકી હૈ**

*(અર્ઝ = અરજ, દુઆ, ગુઝારિશ. મલ્જા = પનાહગાહ, શરણ સ્થાન. અષર = નિશાન, તાસીર)*

**અર્થાત :** ખુદ હાજતો તથા ગુઝારિશો, માલ તથા સબબો તથા નિશાનીઓ બલ્કે દુઆ અને તેની અસર બારગાહે અક઼્દસ ﷺમાં સલામ પેશ કરી રહ્યાં છે. કેમ કે આ જ બારગાહ દુઆની પણ અને એ દુઆની અસરની પણ પનાહગાહ છે.

**શોરીદા સર સલામકો હાઝિર હૈં અસ્સલામ**
**રાહત ઉન્હીં કે ક઼દમોંમેં શોરીદા સરકી હૈ**

*(શોરીદા સર = દીવાના. રાહત = સુકૂન)*

**અર્થાત :** અમારા જેવા પાગલ દીવાના પણ સલામના માટે ધડાધડ જઈ રહ્યા છે, કેમ કે આપનાં જ ક઼દમોમાં એ દીવાનાઓ અને બદહાલોના દિલનું સુકૂન અને જાનની રાહત તથા ઈમાનનો સરમાયો છે.

**ખસ્તા જિગર સલામકો હાઝિર હૈ અસ્સલામ**
**મરહમ યહીં કી ખાક તો ખસ્તકા જિગર કી હૈ**

*(ખસ્તા = પરેશાન હાલ. મરહમ = મલમ, ઈલાજ)*

**અર્થાત :** પરેશાન હાલ અને બદહાલ, ઝખ્મી જિગરવાળા દુ:ખી પણ સલામના માટે ખિદમતમાં હાજર છે, કેમ કે એમના દિલની બદહાલીનું મલમ, એનો ઈલાજ પણ અહીંની જ ખાકે શિફા છે.

**સબ ખુશ્કો તર સલામકો હાઝિર હૈં અસ્સલામ**
**યહ જલ્વા ગાહે માલિક હર ખુશ્કો તરકી હૈ**

**અર્થાત :** સારાંશ કે દરેક જમીન તથા દરિયાની મખ્લૂક઼ પણ મારા આક઼ા ﷺની બારગાહમાં સલામના માટે હાજર છે, કેમ કે આપની બારગાહ જ તે મહાન બારગાહ છે કે દરેક જમીન તથા દરિયાની મખ્લૂક઼ના માલિકના અન્વાર તથા તજલ્લીઓની જલ્વાગાહ તથા મર્કઝ (કેન્દ્ર) છે.

**સબ કર્રો ફર સલામ કો હાઝિર હૈ અસ્સલામ**
**ટોપી યહીં તો ખાકપે હર કર્રો ફર કી હૈ**

*(કર્ર વ ફર્ર = શાનો શૌક઼ત, રૂઆબ તથા દબદબો)*

**અર્થાત :** પૂરેપૂરા રૂઆબ તથા દબદબા તથા શાનો શૌકતવાળા પણ આપની બારગાહમાં ભીખારી બનીને મહોબ્બતનાં સલામ પેશ કરી રહ્યા છે. આપના જ આસ્તાના પાકની ખાક (માટી) પર એમનાં માથાના તાજ પડેલા છે, બલ્કે આપના દરે પાકની ખાક જ તો એમના માથાનો તાજ છે અને દરેક શાનો શૌકત આપના પગની ખાકથી નસીબ થાય છે.

*ન હો આરામ જિસ બીમારકો સારે ઝમાને સે–ઉઠા લે જાએ થોળી ખાક તેરે આસ્તાને સે*

**અહલે નઝર સલામકો હાઝિર હૈં અસ્સલામ**
**યહ ગર્દ હી તો સુરમા સબ અહલે નઝરકી હૈ**

**અર્થાત :** અહલે નઝર તથા અહલે મહબ્બત પણ સલામ માટે હાજર થઈ રહ્યા છે, કેમ કે આપના માર્ગની ધૂળ જ તો અહલે નઝરની આંખોનો સુરમો છે.

**એક શંકાનું નિવારણ :** કોઈ એવું ન સમજે કે આ સર્વ ચીજો સલામ માટે હાજર છે એનો શો મતલબ થયો, કેમ કે જે મતલબ يُسَبِّحُ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ "તેની પાકી બોલે છે જે કાંઈ આસ્માનો તથા જમીનમાં છે અને તે જ ઈજ્જત તથા હિકમતવાળો છે." *(સૂ. હશ્ર, ૯૫/૨૪)*નો થયો તે જ મતલબ એનો થયો. અલ્લાહ તઆલા ખાલિક્ તથા માલિક દરેક ચીજનો છે એટલા માટે દરેક ચીજ અલ્લાહની તસ્બીહ કરી રહી છે, ચાહે તે જાનદાર હોય કે નિર્જીવ. અને હુઝૂર ﷺ દરેક ચીજના નબી છે જેથી આપ પર દરેક ચીજ દુરૂદો સલામનું નઝરાણુ પેશ કરી રહી છે, ચાહે તે સજીવ હોય કે નિર્જીવ અને હુઝૂર ﷺ દરેક ચીજના નબી તથા રસૂલ છે જેથી દરેક ચીજ દુરૂદો સલામનું નઝરાણુ પેશ કરી રહી છે. કાંઈક મસ્અલો હલ થયો કે ન થયો. જ્યારે હદીષ શરીફના મુતાબિક્ મોઅલ્લિમે ખૈર પર દરેક ચીજ દુરૂદ તથા દુઆ કરે છે. حتی الحوت فی بحرہ وحتی النملہ فی جحرہ માછલી પાણીમાં તથા કીડી દરમાં, તો પછી મોઅલ્લિમે કાઈનાત (بعثتُ معلما) મોઅલ્લિમે ઈન્સાનિયતની મહાનતા તથા શાન તો દરેક મખ્લૂક્ કરતાં આ'લાથી આ'લા છે.

*બઅદ અઝ ખુદા તુઈ કિસ્સા મુખ્તસર*

**આંસૂ બહાકે બહ ગએ કાલે ગુનાહકે ઢેર**
**હાથી ડૂબાઉ ઝીલ યહાં ચશ્મે તર કી હૈ**

*(ઝીલ = નદી, પાણીની ખાડી, ઝરણુ. ચશ્મે તર = ભીની આંખ)*

**અર્થાત :** આપણે આપણા ગુનાહોની બખ્શિશના માટે શું આંસુ વહાવીશું, આપણા આકા ﷺએ આપણા ગુનાહોની માફીના માટે એટલા પ્રમાણમાં આંસુ વહાવ્યાં છે કે આપનાં આંસુઓના પાણીથી એવાં ઝરણાં બની ગયાં કે જેમાં હાથી પણ વહી જાય, તો પછી આપણા ગુનાહોનાં આંસુઓનો અંબાર સરકારના આંસુઓના દરિયામાં કેમ ઘાસફૂસની જેમ વહી ન જાય !

**તેરી કઝા ખલીફાએ અહકામે ઝીલ જલાલ**
**તેરી રઝા હલીફ કઝાઓ કદરકી હૈ**

**અર્થાત :** હે રસૂલે હાશમી ! ﷺ આપના આલી ફર્માનો રબ્બુલ આલમીનના હુકમોનાં નાયબ તથા

ખલીફા છે, અને એમનામાં દોસ્તીનો એવો પાકો કરાર થઈ ચૂકેલો છે કે આપની રઝા તથા ખુશ્નૂદી અલ્લાહની તક્દીરની સાથી બની ગઈ છે. અલ્લાહ તઆલા તે જ કરી આપે છે જે આપની રઝા હોય છે : وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضَىٰ "અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલુ આપશે કે તમે રાજી થઈ જશો." *(સૂ. દુહા, ૯૩/૫) ખુદાકી રઝા ચાહતે હૈં દો આલમ–ખુદા ચાહતા હે રઝાએ મુહમ્મદ* ﷺ

**યહ પ્યારી પ્યારી ક્યારી તેરે ખાના બાગ કી**
**સર્દ ઉસકી આબો તાબસે આતિશ સક્રકી હૈ**

**અર્થાત :** યા સરકાર ! ﷺ આપના રોઝએ અક્દસ તથા મિમ્બરની દરમિયાન રિયાઝુલ જન્નતનો હિસ્સો જેને આપે પોતે જ જન્નતની ક્યારી ઠરાવી છે. આપના ઘરનો એવો બગીચો છે જેની શાનો શૌકતની સામે દોઝખની આગ ઠંડી થઈ રહી છે, કેમ કે કોઈ ગમે તેટલો ગુનેહગાર, પણ ત્યાં જઈને બેસી જાય તો યકીનન ! જન્નતમાં બેઠેલો છે. *જબસે દેખા હૈ 'નિયાઝી' વો રિયાઝુલ જન્નહ–હમ તો ઘર બેઠે હી જન્નતકી હવા લેતે હૈં*

**જન્નતમેં આકે નારમેં જાતા નહીં કોઈ**
**શુકે ખુદા નવૈદ નજાતો ઝફર કી હૈ**

**અર્થાત :** અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ના પર ભરોસો કરીને એક દલીલબધ્ધ તમન્ના છે, એટલે કે સહીહ હદીષથી સાબિત છે કે આ મકામ જન્નતની ક્યારી છે અને અલ્લાહ વ રસૂલે કેવળ પોતાના કરમથી મોહતાજોને અહીં જગા આપી, અહીં નમાઝો પઢવાનું નસીબ કર્યુ. તો બિહમ્દિલ્લાહિ તઆલા જન્નતમાં દાખલ થયા અને જન્નતમાં જઈને ફરી કોઈ જહન્નમમાં નથી જતો. તો ઉમ્મીદ છે કે હવે અમે નાર (જહન્નમ)નું મોઢું જોઈશું નહીં, ઈન્શાઅલ્લાહુ તઆલા ! *(હાશિયા હદાઈકે બખ્શિશ)*

**મો'મિન હૂં મોમિન પે રઊફો રહીમ હો**
**સાઈલ હૂં સાઈલોં કો ખુશી લા નહર કી હૈ**

**અર્થાત :** અલ્હમ્દુલિલ્લાહ ! હું ગમે તેટલો ગુનેહગાર છું પણ ઈમાનવાળાઓમાંથી છું અને કુર્આનના હુકમાનુસાર આપણા નબી ﷺ ઈમાનવાળાઓ પર મહેરબાન અને રહમ કરવાવાળા છે, અને વળી આપના દરનો સવાલી પણ છું. અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં પોતાના મહબૂબ ﷺને ફર્માવ્યું છે : وَأَمَّا السَّائِلَ فَلَا تَنْهَرْ "અને માગનારને ન ધમકાવો." *(સૂ. દુહા, ૯૩/૧૦)* ન ઝિળકવાનો મતલબ એ જ છે કે મારા ખજાનાઓ ભરેલા છે, આપ એમાંથી લઈ લઈને સવાલીઓની જોળીઓ ભરતા જાવ.

**દામનકા વાસ્તા મુઝે ઈસ ધૂપસે બચા**
**મુઝકો તો શાક જાળોંમેં ઈસ દોપહરકી હૈ**

**અર્થાત :** હે આકા ! ﷺ આપની રહમતની વિશાળતાઓને જોઈ જોઈને એવા નાઝુક મિજાઝનો થઈ ગયો છું કે ઠંડીની ઋતુમાં પણ બપોરનો તડકો સહન નથી થતો. આપના દામને રહમતનો સદકો મહશરની ગરમીમાં તમારી રહમતનો સાયો અતા કરજો, જ્યારે સૂરજ સવા નેજા પર હશે અને દિમાગ હાંડલીની જેમ ખદબદી રહ્યું હશે. *(ક્રમશઃ)*

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અત્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૪

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ખિર્ક઼ા તથા ફક્ર઼નું વર્ણન

હઝરત શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہની ક઼દમબોસીની દૌલતથી મુશર્રફ થયો. એક જમાઅત તરીક઼તવાળા દોસ્તોની ખિદમતમાં હાજર હતી. ઝબાને ફયઝ નિશાનથી આ કલેમાત જારી હતા. ઊની કપડુ તથા સૌફ (શણ) એ અંબિયાએ કિરામ علیہم السلامનો લિબાસ છે. એટલા માટે હે દુરવેશ ! આ લિબાસ એને જ શોભે છે જેનું જાહેર તથા બાતિન સાફ તથા પાકીઝા હોય.

**સૂફી શબ્દની સ્પષ્ટતા :** સૂફી તે શખ્સ હોય છે બશરિયત (માનવસહજ)નો કોઈ મેલ એટલે દુનિયાની કોઈ ગંદકી એનામાં ન હોય. રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمથી રિવાયત છે કે ઊની કપડુ તથા શણ (સૌફ) પહેરવું પયગંબરોની સુન્નત છે. જ્યારે કદી અંબિયાએ કિરામ તથા અવલિયાએ એઝામમાંથી કંબલને ખભાઓ પર નાખતા અને શણને સામે રાખતા અને એ બેનિયાઝ ખુદાએ વાહિદની દરગાહમાં મુનાજાત (દુઆ) કરતા અને એ જ શણ (સૌફ) તથા કંબલનો વાસ્તો આપતા. અલ્લાહ તઆલા جل جلالہ તેમની હાજતને પૂરી કરી દેતા.

**ખિર્ક઼ાની તેહક઼ીક઼ :** એકવાર બગદાદમાં મસ્જિદે કહફમાં હઝરત ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ અને અહલે સફામાંથી અમુક બુઝુર્ગ એકત્ર હતા. અને ચર્ચાનો વિષય ખિર્ક઼ાના બારામાં હતો કે એ ક્યાંથી છે અને એની અસ્લ (દલીલ) શું છે ? એ દરમ્યાન સર્વ બુઝુર્ગ વિચારમાં પડી ગયા, અને હેરતમાં હતા કે કોઈ વાતચીત ન કરી શક્યું. પછી હઝરત ખ્વાજા અબ્દુલ્લાહ સહલ તસ્તરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, અમુક મશાઈખની નજીક ખિર્ક઼ો અતા કરવો હઝરત સૈયદના ઈબ્રાહીમ ખલીલુલ્લાહની સુન્નત છે. પછી ફર્માવ્યું કે જે વખતે સૈયદના ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامને ગોફણમાં બેસાડીને આગમાં ફેંકવામાં આવ્યા. હઝરત જિબ્રઈલે અમીન જન્નતથી એક કુર્તો લાવ્યા અને સૈયદના ઈબ્રાહીમ علیہ السلامને પહેરાવી દીધો. એ જ ખિર્ક઼ો હતો. પછી તે સૈયદના ઈસ્હાક઼ علیہ السلامને પહેરાવવામાં આવ્યો અને એમના બાદ હઝરત સૈયદના યાકૂબ علیہ السلام અને હઝરત સૈયદના યૂસુફ علیہ السلام એક પછી એક એ જ ખિર્ક઼ા મુબારકથી નવાઝવામાં આવ્યા. પરંતુ અમુક હઝરાત એ રિવાયત કરે છે કે જ્યારે યૂસુફ علیہ السلامના ભાઈઓએ તેમને કૂવામાં નાખ્યા તો જિબ્રઈલે અમીન જે તાવીઝ લાવ્યા હતા તેને કુર્તો બનાવીને યૂસુફ علیہ السلامને પહેરાવી દીધો. પરંતુ મોહક્કિક઼ સૂફીઓની નજીક એ વાત સ્વીકારવામાં આવી કે ખિર્ક઼ો અસલમાં દરબારે

## ખિર્કાપોશીનો મજાઝ

આ જગાએ હઝરત શયખુલ ઈસ્લામ قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ પ્રસંગ વર્ણવ્યો કે એકવાર હું બગદાદના સફર દરમ્યાન હઝરત શયખ શહાબુદ્દીન સુહરવર્દીની સમક્ષ હાજર હતો. અન્ય સાથીઓ શયખ જલાલુદ્દીન તબરેઝી, શયખ બહાઉદ્દીન સુહરવર્દી, શયખ અવહદુદ્દીન કિર્માની, શયખ બરહાનુદ્દીન સીવસ્તાની પણ મૌજૂદ હતા. અને ખિર્કાપોશીના બારામાં ચર્ચા ચાલી રહી હતી. એક સાહબઝાદા સાહબ જે શયખ બહાઉદ્દીન સુહરવર્દીની તર્બિયતમાં હતા તે હાજર થયા. આદાબ બજા લાવીને અર્ઝ કરી કે મને ખિર્કા મુબારકથી નવાઝવામાં આવે. શયખ શહાબુદ્દીન સુહરવર્દીએ તેમને ફર્માવ્યું, આજે માફી ચાહું છું કાલે સવારે આવજો તો આપને ખિર્કો આપી દેવામાં આવશે. જ્યારે રાત પડી તો સાહબઝાદાએ ખ્વાબમાં જોયું કે બે દુરવેશોની ગરદનમાં આગની જંઝીરો નાખીને ફરિશ્તા આલમે બાલાની તરફ ઉડી રહ્યા છે. તેમણે ફરિશ્તાઓના દામનને પકડીને પૂછયું કે, આ કોણ છે ? ફરિશ્તાઓએ માણસોની તરફ ઈશારો કરીને જવાબ આપ્યો કે આ પીર છે અને આ મુરીદ છે. આ પીરે ખિર્કો આપ્યો હતો અને આ મુરીદે ખિર્કાનો હક્ક અદા ન કર્યો. ગલીઓ તથા બજારોમાં દુનિયાદારોની તથા બાદશાહોની સોહબતમાં રહી રહીને અને રખડી રઝડીને તેણે ફિર્કાએ સફાની તૌહીન તથા બેઅદબી કરી છે. અમને હુકમ થયો છે કે આ તારીક દિલ પીર તથા તેના ગુમરાહ મુરીદને આગની જંઝીરોમાં ઘસેડીને લઈ આવવામાં આવે અને જહન્નમમાં ફેંકી દેવામાં આવે. જ્યારે સાહબઝાદાએ આ ખ્વાબ જોયો તો તરત જાગી ગયા અને શયખ શહાબુદ્દીનની ખિદમતમાં હાજર થયા. આપ મુસ્કુરાયા અને ઈર્શાદ ફર્માવ્યો, તેં ખિર્કાપોશોનો હાલ જોયો ? બેટા ! ખિર્કાપોશી તેને જ શોભે છે જે હર દો ખુદાવંદીનો અતિયો (તોહફો) છે જે સૈયદના આદમ عليه السلام ની પેદાઈશ મુબારક પર તેમને પહેરાવવામાં આવ્યો.

જેથી આ પરથી માલૂમ પડયું કે ખિર્કો ખુદા તઆલાનો અતિયો છે. જે શખ્સ ખિર્કા, કાતર, સોહબત, ઈરાદત વિના પોતાને મુરાદા ગણાવે તે ગુમરાહ હોય છે, મુરીદ નથી હોતો. અને જે શખ્સ મિક્રાદ (કાતર)નો મુન્કિર હોય છે તે સલૂકવાળાઓ તથા તસવ્વુફના મશાઈખની દષ્ટિએ સિદ્દીક્ નથી હોતો, બલ્કે ઝિન્દિક (અધર્મી) હોય છે.

ફર્માવ્યું, અમારા ખ્વાજગાને કિરામ (મશાઈખે ચિશ્ત અહલે બહિશ્ત)ની નજીક ખિર્કાની અસ્લ દરબારે ખુદાવંદે કરીમ عزوجل થી છે. કેમ કે હઝરત રસૂલે કરીમ صلى الله عليه وسلم ને શબે મેઅરાજમાં હઝરત ઈલાહીથી ખિર્કએ સફાથી નવાઝવામાં આવ્યા હતા. અને ફર્માવવામાં આવ્યું કે આ ખિર્કો તમારા સહાબામાંથી સૂફીઓના સરદારને સોંપવામાં આવે, જેથી રાહે સુલૂકમાં તે આપનો નાયબ બને. રસૂલે કરીમ صلى الله عليه وسلم જ્યારે તશરીફ લાવ્યા તો આ ખાસ ઈલ્મ (સલૂક)ના બારામાં સહાબાએ કિરામને સવાલો કર્યા, પરંતુ કોઈ પણ ખ્વાહિશ પ્રમાણે જવાબ ન આપી શક્યું. જ્યારે બાબે મદીનતુલ ઈલ્મ હઝરત અલી كرم الله وجهه الكريم ની વારી આવી તો આપે સરકાર રિસાલત મઆબ صلى الله عليه وسلم ને જવાબ આપ્યો. સવાલ એ હતો કે જો એ ખિર્કો આપને અતા કરું તો આપ શું કરશો ? અમીરુલ મો'મિનીન હઝરત અલી كرم الله وجهه الكريم એ અર્ઝ કરી, હુઝૂર ! જો આ ખિર્કએ સફાથી મને નવાઝશો તો હું પર્દાપોશી કરીશ અને પોતાના ભાઈઓ મુસલમાનો અને ખુદાના બંદાઓની અયબપોશી કર્યા કરીશ. તો સરકારે મદીના عليه الصلوة والسلام એ એ ખિર્કા મુબારક હઝરત અલી كرم الله وجهه الكريم ને સુપરત કર્યો. અને હઝરત અલી મુર્તઝાથી દુનિયામાં ચોતરફ ફેલાવો પામ્યો.

આલમથી સંબંધો કટ કરી લે અને પોતાના મશાઈખના તરીક઼ા પર ચાલે. અને તું તો હજી સિત્તેર પર્દાઓમાં છે. તારી ખિર્ક઼ાપોશીનો સમય નથી આવ્યો. જેથી પાછો ચાલ્યો જા, નહીં તો એ જ થશે જે તું તારી આંખો વડે જોઈ ચૂક્યો છે.

હઝરતે ફર્માવ્યું, હે દુરવેશ ! જ્યાં સુધી માણસ પોતાના બાતિનને દુનિયાની ગંદકીઓ તથા નાપાકીઓથી સાફ નથી કરતો ત્યાં સુધી તેની ખિર્ક઼ાપોશી ન કરવી જોઈએ. અને પીરે જોઈએ કે જ્યાં સુધી મુરીદના કાટવાળા (મેલા) બાતિનને સારી રીતે પાક તથા સાફ બલ્કે ચોખ્ખુ ચટ ન કરી લે ત્યાં સુધી ખિર્ક઼ો અતા ન કરે, કેમ કે ખિર્ક઼ો તો અંબિયા તથા અવલિયાનો પોશાક છે. જયારે તે દુનિયાની ગંદીકીઓથી ખરડાયેલો હશે તો ખિર્ક઼ા પોશીના હક્ક઼ને અદા કરી શક્શે નહીં. તે મજબૂરન્ ગુમરાહ થશે અને પોતાના મુરીદને પણ ગુમરાહીની ચુંગાલમાં ફસાવશે.

ખિર્ક઼ો પહેરવો આસાન છે પરંતું કામ કરવું અને એનો હક્ક઼ અદા કરવો ઘણો જ મુશ્કેલ છે. જો કેવળ ખિર્ક઼ાપોશીથી જ લોકો નજાત મેળવી લેત તો સર્વ લોકો ખિર્ક઼ો પહેરી લેત. પણ એવું નથી હોતું. જો આપ ખિર્ક઼ો પહેરશો તો તેની શાનને શોભે એવી સીરત પણ ઈખ્તિયાર કરવી પડશે. અને બુઝુર્ગોના નક઼શે ક઼દમ પર ચાલવું પડશે તે લોકો જેમણે આ મુબારક લિબાસ પહેર્યા હતા તેઓ પોતે પણ નજાત પામી ગયા હતા અને બીજા લોકોની નજાતનો સબબ બન્યા હતા. અને હે અઝીઝ ! જો આપ એનો હક્ક઼ અદા ન કરી શક્યા તો ગુમરાહીની ઘાટીમાં ભટકવું આપનું મુક઼દ્દર હશે જેનાથી બહાર નીકળવાનો કોઈ માર્ગ હશે નહીં. આજે જો ખિર્ક઼ો પહેરીને એની જરૂરી બાબતોને આપે પૂર્ણ ન કરી તો કાલે ક઼યામતના દિવસે દાવરે મહશર (ખુદા તઆલા)ની સમક્ષ તે દાવેદાર બનશે કે આ શખ્સે મને પહેરવાનો હક્ક઼ દાવો કર્યો તો મારા હક્ક઼ો કેમ નથી અદા કર્યા ? તે વખતે ફરિશ્તાઓને હુકમ થશે કે આ ધોકેબાઝની ગરદનમાં આગનો ખિર્ક઼ો નાખો અને દોઝખમાં લઈ જાવ !

ફર્માવ્યું, **હે દુરવેશ ! જો આપને ખિર્ક઼ો પહેરવાનો શોખ છે તો ખુદાવંદ કરીમ ﷻની રઝાના માટે પહેરો, ખુદાની મખ્લૂક઼ને દેખાડવા માટે નહીં કે તેઓ આપની ઈજ્જત કરે.** એવું ન બને કે ક઼યામતના દિવસે આપ મુસીબતમાં સપડાય જાવ.

*(આજકાલ ઘણા લોકો "હું ફલાણાનો ખલીફા છું !" તેમ કહીને પોતાની ઈજ્જત વધારવા તથા છાપ પાડવા ચાહતા હોય છે, તેઓ આ લખાણથી ખાસ બોધ ગ્રહણ કરે કે ખિર્ક઼ો શું છે ? અને તેના શું હક્ક઼ો છે ? લોકોમાં વાહ વાહ માટે તથા આર્થિક લાભ માટે એનો ઉપયોગ ન કરવો જોઈએ. –તંત્રી) (ક્રમશઃ)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## બાળકના ઉછેરનું બયાન

બાળકના ઉછેરનો હક્ક માં નો છે. ભલે તે નિકાહમાં હોય કે નિકાહથી બહાર થઈ ગઈ હોય. હા ! જો મુર્તદ થઈ ગઈ હોય તો તે પરવરિશ કરી શકતી નથી અથવા કોઈ ફિસ્કમાં ગરકાવ થઈ છે જેના કારણે બાળકના ઉછેરમાં ફરક પડવાનો હોય (જેમ કે ઝિનાખોર કે ચોર કે નોહા કરવાવાળી હોય) તો એની પરવરિશમાં (બાળકને) આપવું નહીં. બલ્કે કેટલાક ફુકહાએ તો એમ કહ્યું છે કે જો તે નમાઝની પાબંદ ન હોય તો એની પરવરિશમાં પણ ન આપવું જોઈએ. પરંતુ સલાહભર્યું એ છે જ્યાં સુધી નાસમજ છે ત્યાં સુધી એની પરવરિશમાં રહેશે, જ્યારે સમજણુ થાય ત્યારે એને અલગ કરી દેવામાં આવે. એટલા માટે કે બાળક પોતાની માતાને જોઈને તે જ આદતો અખત્યાર કરશે જે માતાની આદતો છે. (જે માતાની આદતો છે તે જ અપનાવશે). એ જ રીતે માતાની પરવરિશમાં એવી હાલતમાં પણ ન આપવામાં આવે જ્યારે કે માતા બાળકને છોડીને મોટાભાગે અહીં તહીં જતી રહેતી હોય, ભલે તેનું બાળકને છોડીને જવું કોઈ ગુનાહના કામ માટે ન હોય. (જેમ કે મૈયત નવડાવવાનું કામ કરતી હોય, દાયણનું કામ કરતી હોય કે કોઈ એવું કામ કરતી હોય કે જેના કારણે મોટાભાગે ઘરની બહાર જવું પડે છે).

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, હિદાયા)*

**મસ્અલા** : જો બાળકની માતાએ બાળકના ગેરમેહરમથી નિકાહ કરી લીધો તો પરવરિશ કરવાનો હક્ક માતાનો રહેશે નહીં અને જો મેહરમથી કર્યા તો પરવરિશનો હક્ક઼ બાતિલ નહીં થાય. ગેરમેહરમથી મુરાદ તે માણસ છે કે જે વંશના એ'તેબારથી બાળક માટે મેહરમ ન હોય, ભલે રજાઈના હિસાબે મેહરમ હોય (જેમ કે બાળકની માતાએ બાળકના રજાઈ કાકા સાથે નિકાહ કર્યા તો હવે તે માતાની પરવરિશમાં રહેશે નહીં, કેમ કે એ માણસ જો કે રજાઈના કારણે બાળકના કાકા છે પરંતુ વંશની રીતે અજનબી (પરાયો) છે અને જો નસબી કાકાથી નિકાહ કર્યા તો પરવરિશનો હક્ક઼ બાતિલ થશે નહીં. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : જો માતા મફતમાં બાળકની પરવરિશ કરવા ઈચ્છતી ન હોય અને બાપ બદલો (મહેનતાણુ) આપી શકતો હોય તો મહેનતાણુ આપે અને જો બાપ ગરીબ હોય તો માતા પછીથી જેઓ પરવરિશ કરવા માટેના હક્ક઼દાર છે તેમાં જે મફત પરવરિશ કરે તેમને બાળક આપવામાં આવે, પરંતુ શર્ત એ છે કે બાળકના ગેરમેહરમ સાથે તેણીએ (માતાએ) નિકાહ ન કર્યા હોય અને માતાને કહી દેવામાં આવે કે તું મફત પરવરિશ કર અથવા ફલાણાને આપી દે, પરંતુ માતા જો એને (બાળકને) મળવા ઈચ્છે કે એની દેખભાળ કરવા ઈચ્છે તો એને રોકવામાં ન આવે. જેનો પરવરિશ કરવાનો હક્ક઼ છે તેવી કોઈ ઓરત જો ન હોય અને કોઈ અજનબી માણસ કે રિશ્તેદાર મફતમાં ઉછેર કરવા ઈચ્છતો હોય તો એવી હાલતમાં માતાને જ આપવામાં

(સોંપવામાં) આવે, માતાએ કોઈ અજનબી સાથે નિકાહ કર્યા હોય ભલે બદલો (મહેનતાણુ) માગતી હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : પરવરિશ કરવાની જેની જવાબદારી છે (હક્ક્ છે) તે જો ઈન્કાર કરતી હોય અને પરવરિશ કરી શકે એવી બીજી કોઈ ઓરત ન હોય તો એને પરવરિશ કરવા માટે મજબૂર કરવામાં આવશે. એ રીતે જો બાળકની માતા દૂધ પીવડાવવાથી ઈન્કાર કરતી હોય અને બાળક બીજી ઓરતનું દૂધ ન પીતું હોય અથવા તો મફતમાં કોઈ દૂધ નથી પીવડાવતી જ્યારે કે બાળકના પિતા પાસે માલ નથી તો માતાને દૂધ પીવડાવવા માટે મજબૂર કરવામાં આવશે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : બાળક માતાની પરવરિશમાં છે અને તે બાપના નિકાહ કે ઈદ્દતમાં છે તો પરવરિશ કરવાનું મહેનતાણુ મેળવી શકશે નહીં, અને જો નિકાહ કે ઈદ્દતમાં નથી તો મહેનતાણુ લઈ શકે છે અને દૂધ પીવડાવવાનું મહેનતાણુ તથા ભરણપોષણ લઈ શકે છે. અને જો એની પાસે રહેવાનું મકાન ન હોય તો મકાન પણ લઈ શકે છે અને બાળકને ખાદિમ (નોકર)ની જરૂરત હોય તો ખાદિમ પણ આપવામાં આવે, અને બધો ખર્ચ જો બાળકનો માલ હોય તો તેમાંથી આપવામાં આવે, નહીં તો ભરણપોષણની જવાબદારી જેના શિરે છે તેની જવાબદારી આ બધો ખર્ચ આપવાની છે.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો માતાએ પહેલાં પરવરિશ કરવાની ના પાડી હોય અને પાછળથી પરવરિશ કરવા ઈચ્છતી હોય તો કરી શકે છે, એનું પાછું ફરવું સહીહ છે (પરવરિશ કરવા કહેવું). *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જો માતા ન હોય, અથવા પરવરિશ કરી શકે એમ ન હોય, અથવા ઈન્કાર કરી દીધો હોય અથવા કોઈ અજનબી સાથે નિકાહ કરી લીધો હોય તો પરવરિશ કરવાનો હક્ક્ નાનીનો છે. નાની ન હોય તો નાનીની માં નો છે. ત્યાર બાદ દાદી પછીથી પરદાદીનો હક્ક્ છે, ઉપર જણાવેલી શરતોને આધિન રહેશે. પછીથી સગી બહેન પછી અખ્યાફી બહેન (માતા એક, બાપ અલગ) પછી મત્રાઈ બહેન પછીથી સગી બહેનની છોકરી, ત્યારબાદ માસી (માતાની સગી બહેન) ત્યાર બાદ માતાની અખ્યાની બહેન પછી મત્રાઈ બહેન, પછીથી મત્રાઈ બહેનની છોકરી, ત્યાર પછી સગી ભત્રીજી, પછી અખ્યાફી ભાઈની છોકરી, પછી સોતેલા ભાઈની છોકરી, ત્યાર બાદ એ જ ક્રમે ફોઈઓ, પછીથી માતાની માસી, પછી બાપની માસી, પછીથી માતાની ફોઈઓ, પછી બાપની ફોઈઓ. (એ બધામાં પણ એ જ ક્રમ રહેશે. પહેલાં સગી પછી અખ્યાફી, પછી સોતેલી) અને જો પરવરિશ કરનાર કોઈ ઓરત ન હોય અથવા એનો હક્ક બાતિલ થઈ ગયો હોય તો ક્રમિક રીતે બાપ પછી દાદા પછી સગા ભાઈ, પછી સોતેલા ભાઈ પછીથી ભત્રીજી, પછી કાકાનો છોકરો (એ રીતે ગણવાનું રહેશે). (પરંતુ છોકરી હોય તો એને કાકાના છોકરાની પરવરિશમાં ન આપવી જ્યારે કે છોકરીને જોઈને ખાસ કરીને રગબત હાંસલ થતી હોય). જો અસબાત (કાકા, બાપદાદા) પણ ન હોય તો ઝવીલ અરહામ (મરનારની તથા કાકા, બાપદાદાની ઔલાદ)ની પરવરિશમાં દેવામાં આવે. જેમ કે અખ્યાફી ભાઈ, પછીથી અખ્યાફી ભાઈનો છોકરો, પછીથી મા ના કાકા, પછી સગા

મામા, કાકા અને ફોઈ મામા અને માસીની છોકરીઓને છોકરાની પરવરિશ કરવાનો હક્ક઼ નથી. *(દર વરદ)*

**મસ્અલા** : જો એક જ પ્રકારની હકદાર વધારે વ્યકિતઓ હોય તો બાળકના પરવરિશનો હક઼દાર તે ગણાશે જે વધારે બેહતર હોય. ત્યાર બાદ તે જે વધારે પરહેઝગાર હોય, પછીથી તે જે ઉંમરમાં મોટો હોય. *(હિંદિયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : બાળક નાની કે દાદી પાસે છે પણ જો તે ખયાનત કરતી હોય તો ફોઈને હક્ક઼ છે તે એમની પાસેથી લઈ લે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : જે ઓરત પર પરવરિશ કરવાનો હક્ક છે તે ઓરત પાસે છોકરાને ત્યાં સુધી રહેવા દે જ્યાં સુધી છોકરાને એની જરૂરત હોય, અર્થાત છોકરો જ્યાં સુધી ખાવા, પીવા, પહેરવા કે ઈસ્તીંજો કરવા લાયક ન બને ત્યાં સુધી રહેવા દેવો. એ માટેની મર્યાદા સાત વરસની ઉંમર સુધીની છે અને ઉંમર બાબતમાં મતભેદ હોય તો જો એ બધાં કામ જાતે કરી લેતો હોય તો ઓરત પાસેથી એને અલગ કરી દેવામાં આવે. છોકરી શેહવતની હદે પહોંચે ત્યાં સુધી ઓરતની પરવરિશમાં રહેશે. તેની ઉંમરની મર્યાદા નવ વરસની છે અને એનાથી ઓછી ઉંમરે છોકરીનો નિકાહ કરવામાં આવ્યો તો પણ એ એની પરવરિશમાં રહેશે જેની પરવરિશમાં (અત્યારે) છે. નિકાહ કરી દેવાથી પરવરિશનો હક્ક઼ જતો રહેતો નથી જ્યાં સુધી કે તે મરદના કાબિલ ન બની જાય. *(ખાનિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : સાત વરસની ઉંમરથી બાલિગ થતાં સુધી છોકરો પોતાના બાપ અથવા દાદા અથવા અન્ય કોઈ વાલી પાસે રહેશે. બાલિગ તેમજ સમજદાર થયા પછી ફિત્ના કે બદનામીનો ભય ન હોય અને દેખભાળની જરૂર ન હોય તો જ્યાં ઈચ્છે ત્યાં રહી શકે છે અને જો એ વાતોનો (બદનામીનો) ડર હોય તેમજ દેખભાળની જરૂર હોય તો બાપ, દાદા વગેરે પાસે રહેશે, ખુદ મુખ્તાર નહીં રહે. પરંતુ બાલિગ થયા પછીથી ભરણપોષણ આપવું બાપ માટે વાજિબ નથી. જો ખર્ચ આપે તો એ એહસાન ગણાશે. આ તો શરીઅતનો હુકમ છે પરંતુ આજની હાલત જોઈને ખુદ મુખ્તાર ન રાખવો જોઈએ જ્યાં સુધી કે ચાલ ચલગત ઠીક ન થઈ જાય અને પૂરો ભરોસો ન થાય કે હવે પછીથી એના કારણે કોઈ ફિત્નો ફસાદ નહીં થાય. કારણ કે અત્યારના સમયમાં સોબત આદતોને ખરાબ કરે છે અને કાચી ઉંમરમાં બુરી આદતો જલ્દીથી ગ્રહણ કરી લેવાય છે. *(હિંદિયા, દર વ બહાર)*

**મસ્અલા** : નવ વરસની ઉંમર પછીથી છોકરી જ્યાં સુધી કુંવારી હોય ત્યાં સુધી બાપ, દાદા, ભાઈ વગેરે પાસે રહેશે. પરંતુ જ્યારે પૂરી ઉંમરની થઈ જાય અને ફિત્નાનો કોઈ અંદેશો ન હોય તો જ્યાં રહેવું ત્યાં રહેવાનો અખત્યાર છે. અને જો છોકરી મરદ સાથે રહી ચૂકી હોય જેમ કે વિધવા હોય અને ફિત્નાનો કોઈ ડર ન હોય તો એને અખત્યાર છે, નહીં તો બાપ, દાદા પાસે રહે. અને અમે પહેલાં (અગાઉ) બતાવી ચૂક્યા છીએ કે કાકાના છોકરાને છોકરીની પરવરિશનો હક્ક નથી. એ વાત અહીં પણ છે એટલા માટે કે તે મેહરમ નથી બલ્કે મેહરમની પાસે રહેવાની જરૂર છે, અને જો મેહરમ ન હોય તો કોઈ વિશ્વાસુ અમાનતદાર ઓરત પાસે રહે જે એની ઈજ્જત આબરૂની હિફાઝત કરી શકે એમ હોય અને કોઈ ફસાદનો ડર ન હોય એવી છોકરી હોય તો અખત્યાર છે.

*(રદ્દુલ્ મુહ્તાર, દુર્રે મુખ્તાર, હિંદીયા, બહાર)*

**મસ્અલા** : જો છોકરો બાલિગ ન થયો હોય પણ કામકાજ કરવા લાયક થઈ ગયો હોય તો બાપ એને જે કામ શીખવવા ઈચ્છતો હોય તે કામે લગાડી આપે અને એ કામના જાણકાર પાસે કામ શીખવા મોકલે. નોકરી કે મજૂરી કરવા લાયક હોય અને બાપ એને નોકરી કે મજૂરી કરાવવા ઈચ્છે તો કરાવી શકે છે. છોકરો જે કમાય તે છોકરા પર ખર્ચ કરે અને જે બચત થાય તે એને માટે જમા રાખે. જો બાપને એમ લાગતું હોય કે મારાથી વપરાય જશે તો અન્ય કોઈની પાસે અમાનત રાખી દે. પરંતુ સૌથી જરૂરી વાત એ છે કે બાળકોને કુર્આન મજીદ પઢાવે અને દીનની જરૂરી વાતો શીખવે. રોઝા, નમાઝ, પાકી, ખરીદ વેચાણ, ઈજારો વગેરે દરરોજની જરૂરી વાતોનો ઈલ્મ શીખવે. (માહિતગાર કરે) અને માહિતીના અભાવે શરીઅતના વિરુદ્ધ અમલ કરવાના ગુનાહમાં સપડાય જવાની વાતોથી વાકેફ કરવામાં આવે અને ઈલ્મ શીખવામાં બાળકનું મન પરોવાતું જોવામાં આવે તો એને માટે દીનનો ઈલ્મ શીખવાથી વધારે સારી વાત બીજી કઈ હોય શકે, (દીનનો) ઈલ્મ શીખવામાં લગાડી દે અને જો શક્તિ ન હોય તો સારી રીતની અક઼ીદાની વાતો, જરૂરી મસાઈલ સારી રીતે બતાવીને જે જાઈઝ કામમાં લગાડવા ઈચ્છે તેમાં લગાડી દે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : છોકરીને પણ અક઼ીદા તથા જરૂરી મસાઈલ શીખવાડી દીધા પછી કોઈ ઔરત પાસે સીવણકામ વગેરે એવું કામ શીખવાડી દેવું જે ઔરતો માટે ખાસ કરીને જરૂરી છે.

**મસ્અલા** : છોકરીને કોઈને ત્યાં નોકરાણી ન બનાવો. જેને ત્યાં નોકરી કરશે તેને ત્યાં મરદ પાસે એકલા રહેવાનો પણ સંભવ છે અને એ ઘણા એબની વાત છે (સારી વાત નથી). *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : પરવરિશ દરમિયાનના દિવસોમાં બાપ એવું ઈચ્છતો હોય કે ઓરત પાસેથી બાળકને લઈને ક્યાંક બીજી જગ્યાએ ચાલ્યો જાય તો બાપને એ અધિકાર નથી. અને જો ઓરત એવું ઈચ્છતી હોય કે બાળકને લઈને બીજા કોઈ શહેરમાં ચાલી જાય અને બન્ને શહેરો વચ્ચે એટલું અંતર હોય કે જો બાપ બાળકને મળવા ઈચ્છે અને તે બાળકને જોઈને રાત પડતા પહેલાં પાછો ફરી શકે એમ હોય તો લઈ જઈ શકે છે અને એનાથી વધારે અંતર હોય તો પોતે પણ જઈ શકતી નથી. *(રદ્દુલ્ મુહ્તાર, હિંદીયા વગેરે)*

**મસ્અલા** : ઓરતને તલાક દેવામાં આવી છે અને ઔરતે બીજા કોઈ અજનબી સાથે નિકાહ કરી લીધા તો બાપ ઓરત પાસેથી બાળકને સફરમાં લઈ જઈ શકે છે જ્યારે કે બીજું કોઈ પરવરિશનું હકદાર ન હોય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જ્યારે પરવરિશનો સમય પૂરો થઈ ચૂક્યો અને બાળક બાપની પાસે આવી ગયું તો બાપ પર એ વાજિબ નથી કે તે બાળકને એની માતા પાસે મોકલે, ન પરવરિશના સમયમાં બાપની પાસે મોકલવાનું માતા પર લાઝિમ હતું. હા ! જો એકની પાસે હોય અને બીજું તેને જોવા ઈચ્છતું હોય તો જોવાથી રોકી શકાશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## મૌત કરતાં વધુ કોઈ ઉપદેશ નથી

*એક શખ્સ સફરે જઈ રહ્યો હતો. હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہ થી તેણે વસિયત ચાહી. આપે ફર્માવ્યું, જો દોસ્તીની તલબ હોય તો તારા માટે ખુદા કાફી છે. જો હમરાહી ચાહતો હોય તો કિરામન, કાતેબીન તારા સાથી છે. જો પશ્ચાતાપ ચાહતો હોય તો દુનિયા ઘણી છે. સહાયક ચાહતો હોય તો 'કુર્આન' કાફી છે અને કામ જોઈએ તો ઈબાદત કર. ઉપદેશની જરૂર હોય તો મૌતથી વધીને કોઈ ઉપદેશ નથી. જો આ વાતો પૂરતી ન હોય તો પછી જહન્નમ ઘણી પૂરતી છે.*



# لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૧૦

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## ગૈર મુસ્લિમોની મુશાબેહત અપનાવવું

આજના ફિત્નાભર્યા યુગમાં મુસલમાનોના પતનના કારણોમાંથી એક મોટુ કારણ એ છે કે તેઓ પોતાની સંસ્કૃતિ, પોતાનું કલ્ચર અને પોતાનો તરીક઼ો ભૂલીને વેસ્ટર્ન કલ્ચરના દીવાના થતા જઈ રહ્યા છે. તેમનું રહેણી કરણી, ચાલ ચલગત, ખાણી પીણી, જીવન શૈલી ત્યાં સુધી કે બોલચાલ પણ યહૂદીઓ અને ઈસાઈઓની જેમ થઈ રહી છે. જ્યારે કે તેમના વિશે કુર્આને મુક઼દ્દસે ચૌદસો વરસ પહેલાં જ ઈર્શાદ ફર્માવી દીધું છે :–

وَ لَنْ تَرْضٰى عَنْكَ الْيَهُوْدُ وَ لَا النَّصٰرٰى حَتّٰى تَتَّبِعَ مِلَّتَهُمْ ؕ قُلْ اِنَّ هُدَى اللّٰهِ هُوَ الْهُدٰى ؕ وَ لَىِٕنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ الَّذِیْ جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِیٍّ وَّ لَا نَصِیْرٍ ﴿۱۲۰﴾

''અને કદાપિ તમારાથી યહૂદીઓ અને ઈસાઈઓ રાજી નહીં થાય જ્યાં સુધી તમે તેમના દીનનું અનુસરણ ન કરો. તમે ફર્માવી દો, અલ્લાહની જ હિદાયત, હિદાયત છે. અને (હે સાંભળનાર !) જો તું એમની ઈચ્છાઓને અનુસાર થયો એ પછી કે તારા પાસે ઈલ્મ આવી ચૂક્યો તો **અલ્લાહથી તને કોઈ બચાવનાર નહીં હોય** અને ન મદદગાર.''

*(સૂરએ બક઼રહ, આ. ૧૨૦)*

આ સંબોધન ઉમ્મતે મુહમ્મદિયહ્થી છે કે જ્યારે તમે જાણી લીધું કે સૈયદે આ઼લમ ﷺ તમારા પાસે હક્ક઼ અને હિદાયત લાવ્યા છે તો તમે કદાપિ કાફિરોની ઈચ્છાઓનું અનુસરણ ન કરશો. જો આવું કર્યું તો તમને કોઈ અઝાબે ઈલાહીથી બચાવનાર નહીં હોય.

આજે ઉમ્મતે મુસ્લિમા જે દિન પ્રતિ દિન પતનની શિકાર થતી જઈ રહી છે. તેના કારણોમાંથી એક મોટુ કારણ એ છે કે **આપણી ક઼ૌમ અન્યોની મુશાબેહત અપનાવવાને પોતાના માટે ગર્વ સમજવા લાગી છે, તે મુશાબેહત પણ એ લોકોની જેમના મિજાઝમાં જ ઈસ્લામ દુશ્મની છે!** સૈયદુના ઉ઼મર ફારૂક઼ رضی اللہ عنہની નિગાહો આ દશ્યો જોઈ રહી હતી એટલા માટે જ તો આપે ઈર્શાદ ફર્માવ્યો :–

نَحْنُ قَوْمٌ اَعَزَّنَا اللّٰهُ بِالْاِسْلَامِ فَمَهْمَا ابْتَغَيْنَا الْعِزَّةَ بِغَيْرِهٖ اَذَلَّنَا اللّٰهُ۔

''આપણે એ લોકો છે જેમને અલ્લાહ તઆલાએ ઈસ્લામ દ્વારા ઈજ્જત બખ્શી છે, જો આપણે ઈસ્લામ છોડીને અન્યમાં ઈજ્જત ચાહિયે તો અલ્લાહ તઆ઼લા આપણને બેઈજ્જત કરી દેશે.''

*(જામેઉસ્સહીહ લિસ્સુનન વલ મસાનીદ, ૧૦/૬૬)*

આજે આપણે જોઈ રહ્યા છીએ કે આપણી ક઼ૌમ ઝિલ્લતો રૂસ્વાઈની શિકાર થતી જઈ રહી છે, તેનું એક મોટુ કારણ એ છે કે **આપણે આપણુ કલ્ચર છોડીને અન્યોનું કલ્ચર અપનાવવાનું શરૂ કરી દીધું છે અને ઈસ્લામના ક઼ાનૂનને પીઠ પાછળ નાખી ગૈરોના ક઼ાનૂન પર અમલ કરવાનું શરૂ કરી દીધું છે.**

આ જ કારણ છે કે આક઼ાએ રહ઼મત ﷺએ ગૈરોની મુશાબેહત અપનાવનાર વિશે ફર્માવી દીધું હતું કે તે અમારામાંથી નથી.

જેમ કે હઝરત અમ્ર બિન શુઐબ પોતાના પિતાથી અને તેઓ તેમના દાદાથી રિવાયત કરે છે કે આકાએ કોનૈન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

لَیۡسَ مِنَّا مَنۡ تَشَبَّہَ بِغَیۡرِنَا. لَا تَشَبَّهُوۡا بِالۡیَهُوۡدِ وَلَا بِالنَّصَارٰی. فَاِنَّ تَسۡلِیۡمَ الۡیَهُوۡدِ الۡاِشَارَۃُ بِالۡاَصَابِعِ. وَاِنَّ تَسۡلِیۡمَ النَّصَارٰی بِالۡاَکُفِّ

"જેણે ગૈરોની મુશાબેહત (તેમના જેવો તૌર તરીકો, દેખાવ વગેરે) અપનાવી તે અમારામાંથી નથી. યહૂદીઓ અને ઈસાઈઓની સાથે મુશાબેહત ન અપનાવો. યહૂદીઓની સલામ આંગળીઓથી ઈશારો છે અને ઈસાઈઓની સલામ હથેળીઓથી ઈશારો કરવું છે." *(સુનને તિર્મિઝી, ૪/૩૫૩)*

## ★ ગૈરોની મુશાબેહતનો અંજામ ★

ગૈરોની મુશાબેહત દુનિયા તથા આખેરત બંનેવમાં ઝિલ્લતો રૂસ્વાઈ (બેઈજ્જતી) અને અલ્લાહની નારાઝગીનો સબબ છે. ગૈરો સાથે મુશાબેહતનો અંજામ શું થશે એના વિશે હદીષે પાકમાં વર્ણન છે : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

جُعِلَتِ الذِّلَّةُ وَالصَّغَارُ عَلٰی مَنۡ خَالَفَنِیۡ وَمَنۡ تَشَبَّہَ بِقَوۡمٍ فَهُوَ مِنۡهُمۡ۔

"જેણે મારી મુખાલિફત કરી તેના માટે ઝિલ્લતો ખ્વારી (બેઈજ્જતી તથા તબાહી) અંકિત કરી દેવામાં આવી છે અને જેણે કોઈ કૌમની મુશાબેહત અપનાવી તે અમારામાંથી છે." *(મોઅજમે કબીર, તબ્રાની, ૧૩/૩૧૭)*

આજે ઈસ્લામી નિશાનીઓ અપનાવનારને બેકવર્ડનું નામ આપવામાં આવે છે, દાઢી રાખનારને (જૂનવાણી, રૂઢીચુસ્ત) રાખનાર સમાજવામાં આવે છે, ઈસ્લામી લિબાસ પહેરનારને તુચ્છતાથી જોવામાં આવે છે અને નકાબ નાખનાર સ્ત્રીને પછાત સમજવામાં આવે છે. ઈસ્લામના દુશ્મનોએ આપેલા આ વિચારો આજે ઘણા બધા મુસલમાનોએ પણ અપનાવી લીધા છે ! પરંતુ હબીબે ખુદા ﷺનું ફર્માન હક્ક છે, સરવરે આલમ ﷺના તરીકાને છોડીને ગૈરોના તરીકાને અપનાવવું વાસ્તવમાં બેઈજ્જતી અને પડતીની તરફ લઈ જનાર છે, માટે ઈજ્જત ઈચ્છતા હોવ તો તરીકએ મુસ્તફા ﷺને અપનાવવો પડશે.

*તરીકે મુસ્તફા કો છોડના હૈ વજ્હે બર્બાદી*
*ઈસીસે કૌમ દુન્યામેં હૂઈ બે ઈક્તેદાર અપની*
*હમેં કરની હૈ શહનશાહે બત્હા કી રઝાજોઈ*
*વો અપને હો ગએ તો રહ્મતે પરવરદિગાર અપની*

## ★ કાફિરોની મુશાબેહતથી કેમ રોકવામાં આવ્યા ? ★

પ્રારંભિક રીતે આપણે ઈસ્લામનો આ નિયમ સમજી લેવો જોઈએ કે દીનનો પાયો અલ્લાહ અને રસૂલના હુકમો માની લેવા અને તેના પર રાજી રહેવા અને તેમની ઈતાઅત કરવા પર છે. અલ્લાહના હુકમોનું પાલન અને મના કરેલ બાબતોથી દૂર રહેવું અને હુઝૂર સરવરે કાએનાત ﷺનું સંપૂર્ણ અનુસરણ અને પૈરવી પર છે. તો આ નિયમ આપણે સમજી લીધો તો પછી એક મુસલમાને જોઈએ કે દરેક તે વાતને સ્વીકારી લે જે રસૂલે મકબૂલ ﷺ તરફથી હોય. હુઝૂર સૈયદે આલમ ﷺની ઈતાઅત અને આપના હુકમોનું પાલન કરે જેમાંથી એક હુકમ કાફિરોની મુશાબેહતથી બચવાનો પણ છે. જ્યારે એક મુસલમાન તસ્લીમો રઝા (અલ્લાહ અને રસૂલના હુકમોને માની લેવા અને તેના પર રાજી રહેવું) પર સંતુષ્ટ થઈ જાય. અલ્લાહની બયાન કરેલ અને અતા કરેલ શરીઅત પર સંપૂર્ણ યકીનની સાથે અમલ કરે

તો પછી તેના માટે જાઈઝ છે કે તે શરઈ હુકમોના કારણ અને હિકમતો તલાશ કરે. આમ આપણે કહી શકીએ છીએ કે કાફિરોની મુશાબેહતથી રોકવાના ઘણા બધાં કારણો છે અને જ્ઞાન તથા બુદ્ધિવાળાઓ અને નેક પ્રકૃતિના લોકોને તેમનામાંથી ઘણા બધાની ઓળખ પ્રાપ્ત થઈ જાય છે.

**(૧)** કાફિરોના સર્વ અમલોનો પાયો ગુમરાહી અને ફસાદ પર છે. કાફિરોના અમલો વિશે આ એક નિશ્ચિત નિયમ છે કે તેમના અમલ તમને પસંદ આવે અથવા તમે એમને નાપસંદ કરો, તે અમલો જાહેરી રીતે ફિત્નાવાળા હોય અથવા ફસાદ તેમના અંદર છુપાયેલ હોય, તેમના અમલની બુનિયાદ દરેક પરિસ્થિતિમાં ગુમરાહી, વિમુખતા અને ફસાદ પર જ છે. તેમની માન્યતાઓ હોય અથવા આદતો અને ઈબાદતો, સામાન્ય રીત રિવાજ હોય અથવા ખુશીનો પ્રસંગ તથા તહેવાર એ સૌ ખૈર અને ભલાઈથી ખાલી છે, ધારો કે તેમાં કોઈ સારી વાત પણ હોય તો તેમના માટે લાભકારક નથી થઈ શકતી. કારણ કે તેઓ તેના પર અજરો સવાબ નહીં પામી શકે. જેમ કે અલ્લાહનું ફર્માન છે :–

وَ قَدِمْنَآ اِلٰى مَا عَمِلُوْا مِنْ عَمَلٍ فَجَعَلْنٰهُ هَبَآءً مَّنْثُوْرًا ﴿۲۳﴾

"અને જે કાંઈ તેઓએ કામો કર્યાં હતાં અમે ઈરાદો ફર્માવી તેમને બારીક બારીક ધૂળના વિખરાયેલા રજકણ કરી દીધા જે બારીમાંથી આવતા પ્રકાશમાં નજર આવે છે." *(સૂરએ ફુર્કાન, આ. ૨૩)*

**(૨)** આ વસ્તુ અલ્લાહ અને તેના રસૂલ ﷺની નાફર્માનીનું કારણ બનવાની સાથોસાથ તેને મુસલમાનોના સિરાતે મુસ્તકીમથી હટાવી ગુમરાહી તરફ લઈ જાય છે જેના પ્રતિ સખત ચેતવણી આવી છે.

وَ مَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُ الْهُدٰى وَ يَتَّبِعْ غَيْرَ سَبِيْلِ الْمُؤْمِنِيْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَ نُصْلِهٖ جَهَنَّمَ ؕ وَ سَآءَتْ مَصِيْرًا ﴿۱۱۵﴾

"અને જે રસૂલના વિરુદ્ધ કરે એ પછી કે હક્કનો માર્ગ તેના પર ખુલી ચૂક્યો અને મુસલમાનોના રસ્તાથી જુદો રસ્તો ચાલે, અમે તેને તેના હાલ પર છોડી દઈશું અને તેને દોઝખમાં દાખલ કરીશું અને (તે) કેવી બુરી જગા પલટવાની." *(સૂરએ નિસાઅ્, આ. ૧૧૫)*

**(૩)** મુશાબેહત અપનાવનાર અને જેની મુશાબેહત અપનાવવામાં આવી રહી છે બંનેવ વચ્ચે તે જ મુશાબેહતના આધારે એક જાહેરી સરખાપણુ અને લગાવ પેદા થઈ જાય છે. પછી તેનાથી દિલી ઝુકાવ અને સમાનતાની સાથે વાણી તથા વર્તનમાં પણ એકતા જન્મ લે છે. જ્યારે કે આ વાત ઈમાનના વિરુદ્ધ છે જે કોઈ મુસલમાનને શોભા નથી દેતી.

**(૪)** મોટાભાગનો સમય આ જ મુશાબેહત કાફિરો સાથે દિલ લગાડવાના કારણે પેદા કરી દિલોમાં તેમના માટે પસંદપણાની ભાવના ઉભારે છે. અને આ રીતે તેમનો ધર્મ, રીત રિવાજો, તેમનું બાતિલને માનવું અને બુરાઈઓ ત્યાં સુધી કે તેમની દરેક બુરી વાત પણ સારી લાગવા માંડે છે. આ દિલી ઝુકાવ અને પસંદગીનું પરિણામ એ નીકળે છે કે સુન્નતે મુતહ્હરાનું મહત્વ ઓછું થઈ જાય છે અને હિદાયત જે રસૂલે મક્બૂલ ﷺ લઈને આવ્યા અને જેને સલ્ફે સાલેહીને (પૂર્વજ બુઝુર્ગોએ) પોતાનો પંથ બનાવ્યો તે તુચ્છતા, નાકદ્રી અને બેધ્યાનપણાનો ભોગ બની જાય છે. કારણ કે જેણે કોઈ કૌમ સાથે મુશાબેહત અપનાવી તો તેણે તેની સાથે મળતાપણુ (એકરૂપતા) કરી લીધી અને તેમના રીત રિવાજ અને કામો તેને સારાં લાગ્યાં. જ્યારે કે આમ પરિસ્થિતિમાં ઈન્સાનને પોતાના વિરોધીઓની કોઈ વાત કે કાર્ય સારું નથી લાગતું.

**(૫)** એ મુશાબેહત જ છે જે બંનેવના દિલોમાં મહોબ્બત, દિલી લગાવ અને એકતાનું કારણ બને

છે. એક મુસલમાન જ્યારે કોઈ કાફિરની પૈરવી અને નકલ કરે છે તો તે તેના માટે નિ:શંક ! દિલમાં નરમ પાસુ રાખે છે, આ રીતે તેનું દિલ ગૈર મુસ્લિમોની મહોબ્બતનું ઠેકાણુ બની જાય છે. અને બીજી બાજુ તેના દિલમાં પરહેઝગારી અને શરઈ હુકમોના પાબંદ મુસલમાનો માટે સખત નફરત પેદા થઈ જાય છે.

આ એક સ્વભાવિક વાત છે જેને દરેક બુદ્ધિવાન સારી રીતે સમજી શકે છે. ખાસ કરીને જ્યારે મુશાબેહત અપનાવનાર અજનબિયત અને લઘુતાગ્રંથિનો શિકાર હોય તો એ વ્યક્તિ જેની પૈરવી કરવાની કોશિશ કરે છે તે યકીનન ! તેની મોટાઈને સ્વીકારનાર હોવાની સાથે સાથે તેની સાથે મહોબ્બતનો જઝબો પણ રાખે છે. જો આવું ન પણ હોય બલ્કે કેવળ જાહેરી શકલો સૂરત અને રીત, રિવાજ સુધી જ મુશાબેહત સીમિત હોય તો પણ આ એક ભયાનક સ્થિતિ છે. કારણ કે જાહેરી શકલો સૂરતમાં મુશાબેહત આંત્રિક સમાનતાનું કારણ જરૂર બને છે. આ વાતને દરેક તે વ્યક્તિ સારી રીતે સમજી શકે છે.

એને એક ઉદાહરણથી સમજીએ કે કોઈ અજનબી વ્યક્તિ કોઈ બીજા દેશમાં પોતાની ભાષા અને પોતાના જેવા લિબાસવાળો જુએ તો તે તેવા સમયે તેના માટે પોતાના દિલમાં પ્રેમ અને મહોબ્બતના જઝબો અધિક અનુભવશે અને એની તુલનામાં કે તે તેને પોતાના જ દેશમાં જુએ. જ્યારે કોઈ વ્યક્તિ એ મહેસૂસ કરે છે કે બીજા વ્યક્તિએ તેની નકલ કરી છે તો તે નકલ કરનાર પ્રતિ તેના દિલમાં સારી ભાવના પેદા થાય છે. આ તો આમ સ્થિતિ છે, પરંતુ ત્યારે શું હાલત હશે જ્યારે કોઈ મુસલમાન કોઈ કાફિરને પસંદ કરવાના કારણે તેની નકલ કરતો હોય !

સારાંશ એ કે જ્યારે કોઈ મુસલમાન કોઈ કાફિરની નકલ કરવાની કોશિશ કરે છે તો તેમાં રાજીપણુ અને પસંદ હોવાના કારણે જ કાર્યરત હોય છે. પછી આ જ નકલ અને સમાનતા મહોબ્બતનો સબબ બને છે, જે આપણે પશ્ચિમી સંસ્કૃતિને પસંદ કરવાવાળા મુસલમાનોમાં જોઈએ છે.

**(૬)** મુશાબેહત (નકલ) કરવાથી આપણને એટલા માટે પણ રોકવામાં આવ્યા છે કે જ્યારે કોઈ મુસલમાન કોઈ કાફિરની નકલ કરે છે તો આ નકલ કરવું તેને ઝિલ્લત અને પસ્તીના ખાડામાં નાખી દે છે.જ્યાં તે લઘુતાગ્રંથિની સાથે સાથે પરાજિત પણ જણાય છે આ ઝિલ્લતમાં આજે અધિક્તમ્ તે લોકો સપડાયેલા નજર આવે છે જેઓ કાફિરોની પૈરવી અને નકલ કરે છે.

## ★ કોની મુશાબેહત અપનાવીએ ? ★

જો મુશાબેહત ધારણ કરવી છે તો તેનો નિયમ પણ કુર્આન તથા હદીષમાં વર્ણન કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

يَآاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَ كُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ ﴿۱۱۹﴾

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને સાચા લોકો સાથે થાવ." *(સૂરએ તૌબા, આ. ૧૧૯)*

અને હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું :–

اَصْحَابِىْ كَالنُّجُوْمِ بِاَيِّهِمُ اقْتَدَيْتُمُ اهْتَدَيْتُمْ۔

"મારા સહાબા તારાઓ સમાન છે, એમનામાંથી જેની પણ પૈરવી કરશો હિદાયત પામી જશો."

*(તફસીરે રાઝી, ૨/૨૫૨)*

જેથી પૈરવી કરવી છે, મુશાબેહત કરવી છે, **પોતાના આઈડિયલ બનાવવા છે તો અલ્લાહના નેક બંદાઓ, અવલિયાએ કિરામ અને રસૂલુલ્લાહ** صلی اللہ علیہ وسلم **ના સહાબા** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **ને બનાવો.** એટલા માટે કે તેમના અનુસરણમાં અલ્લાહની રઝામંદી છે, ગૈરોની મુશાબેહતથી સંપૂર્ણ દૂર રહો એટલા માટે  કે તેમાં દુનિયા વ આખેરતના નુકસાન સિવાય કાંઈ જ નથી.

# મુસલમાનોની બુઝદિલીના સબબો

હપ્તો : ૦૬

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## મૌતથી નફરત

મૌત એક એવી હકીક઼ત છે જેનો ઈન્કાર દુનિયાની કોઈ કૌમ નથી કરતી. દરેક શખ્સ એ સ્વીકારે છે કે એક ન એક દિવસે એણે આ નાશવંત દુનિયાથી જવાનું છે. મૃત્યુ બાદના મામલાઓના સંબંધે ભલે લોકોની માન્યતાઓ વિવિધ હોય પરંતુ મૃત્યુની હદ સુધી કોઈનો કોઈ મતભેદ નથી. તેમ છતાં આપણી બહુમતી દુનિયાની જિંદગીમાં એવી મશગૂલ છે અને મૌતને આપણે એવી રીતે ભૂલીને બેઠેલા છીએ જાણે આપણે દુનિયાથી કદી જવાનું જ નથી. હદીષે પાકમાં ''વહન''ના બે સબબોમાંથી એક સબબ એને પણ બતાવવામાં આવેલ છે કે મૌતથી દિલોમાં નફરત પેદા થઈ જશે. આજે એ જ સ્થિતિ ચો તરફ જોવા મળી રહી છે કે દુનિયાની મહોબ્બત દિલોમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે અને મૌતના નામથી ધૃણા થવા લાગે છે.

### ★ દરેક જાને મૌતનો સ્વાદ ચાખવાનો છે ★

મૌતના વિશે ખુદ ફર્માને ખુદાવંદી છે :

كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ۗ وَاِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ

''દરેક જાને મૌત ચાખવાની છે અને તમારા બદલા તો ક઼યામતમાં જ પૂરા મળશે.'' *(સૂ. આલે ઈમરાન–૧૮૫)*

મૌત એ હક઼ીક઼ત છે કે દુનિયાનો કોઈ પણ શખ્સ ચાહે કાફિર હોય કે ફાજિર ત્યાં સુધી કે નાસ્તિક પણ કેમ ન હોય મૌતને યક઼ીની માને છે. જો કોઈ મૌત પર શંકા કુશંકા પણ કરે તો તેને મૂર્ખાઓની યાદીમાં મૂકવામાં આવે છે. કેમ કે મહાનથી મહાન ભૌતિક શક્તિઓ અને પૂર્વથી પશ્ચિમ સુધી સ્થપાયેલી સર્વ હુકૂમતો મૌતની સામે આજિઝ તથા લાચાર થઈ જાય છે. મૌત બંદાઓને હલાક કરનારી, બાળકોને યતીમ કરનારી, સ્ત્રીઓને વિધવા બનાવનારી, દુનિયવી જાહેરી સહારાઓને ખત્મ કરનારી, દિલોને કંપાવનારી, આંખોને રડાવનારી, વસ્તીઓને ઉજ્જડ કરનારી, જમાઅતો (ગૃપો)ને વેર વિખેર કરનારી, લિજ્જતોને ખત્મ કરનારી, ઉમ્મીદો પર પાણી ફેરવનારી, જાલિમોને જહન્નમની વાદીઓમાં સળગાવનારી અને મુત્તક઼ીઓને જન્નતના ઉપલા માળાઓ સુધી પહોંચાડનારી ચીજ છે. મૌત ન નાનાઓ પર હેત કરે છે ન મોટાઓની તાઝીમ કરે છે. ન દુનિયવી ચૌધરીઓથી ડરે છે ન બાદશાહોથી તેમના દરબારમાં હાજરી માટે ઈજાઝત લે છે. જ્યારે રબ તઆલાનો હુકમ થાય છે તો સર્વ દુનિયવી અવરોધોને ચીરીને તથા ફાડીને હેતુને હાંસલ કરી લે છે.

મૌત ન નેક સાલેહ લોકો પર રહમ ખાય છે

ન જાલિમોને અલ્લાહ તઆલાના માર્ગમાં જેહાદ કરનારાઓને પણ મૌત પોતાના ગળે લગાડી લે છે અને ઘરે બેસનારાઓને પણ નથી છોડતી. આખેરતની હમેશાંની જિંદગીને દુનિયવી ફાની જિંદગી પર અગ્રતા આપનારાઓ પણ મૌતના ખોળામાં સૂઈ જાય છે, અને દુનિયાના દીવાઓને પણ મૌત પોતાનો કોળિયો બનાવી લે છે. મૌત આવ્યા બાદ આંખ જોઈ નથી શકતી, જીભ બોલી નથી શકતી, કાન સાંભળી નથી શકતા, હાથ પગો કામ નથી કરી શકતા. મૌત નામ છે રૂહનો શરીરથી સંબંધ ખત્મ થવાનું અને માણસનું નાશવંત ઘરથી હમેશાંના ઘરની તરફ કૂચ કરવાનું. મૌત પર ઈન્સાનના અમલોનું રજીસ્ટર બંધ કરી દેવામાં આવે છે, મૌત પર તૌબાનો દરવાજો બંધ અને બદલા તથા સજાનો સમય શરૂ થઈ જાય છે.

**આપણે દરરોજ દર કલાકે બલ્કે દરેક પળે આપણા મૌતની નજીક જઈ રહ્યા છીએ.** વરસ, મહિનાઓ અને દિવસ પસાર થવા પર આપણે કહીએ છીએ કે અમારી ઉમર આટલી થઈ ગઈ, પરંતુ હક઼ીક઼ત એ છે કે એ દિવસો આપણી જિંદગીમાંથી ઘટી ગયા.

## ★ મૌતથી છૂટકારો નથી ! ★

માણસ ચાહે જેટલા પ્રમાણમાં જતન કરી લે તેને મૌતથી કદાપિ છૂટકારો નથી મળી શકતો. જયારે મૃત્યુનો સમય આવી જશે તો તેને આ દુનિયાથી જવું જ પડશે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :

اَیۡنَ مَا تَکُوۡنُوۡا یُدۡرِکۡکُّمُ الۡمَوۡتُ وَلَوۡ کُنۡتُمۡ فِیۡ بُرُوۡجٍ مُّشَیَّدَۃٍ

"તમે જયાં કયાંય પણ હોવ મૌત તમને પકડી લેશે, ભલે ને મજબૂત કિલ્લાઓમાં હોવ."

*(સૂ. નિસાઅ, આ. ૭૮)*

આ આયતમાં સ્પષ્ટ શબ્દોમાં ફર્માવી દેવામાં આવ્યું કે ચાહે કોઈ લાખ કોશિશ કરી લે તેને મૌતથી છૂટકારો મળવાનો નથી. જો કોઈ શખ્સ પોતે પોતાને મજબૂત કિલ્લામાં પણ બંધ કરી લે તો પણ મૌતથી બચી નથી શકતો.

આ સર્વ વાસ્તવિકતાઓની સાથે એ પણ હક઼ીક઼ત છે કે મૌતનું આવવું જેટલા પ્રમાણમાં યક઼ીની છે એટલા જ પ્રમાણમાં લોકો એનાથી ગફલતના શિકાર છે. **દરેક એવું જાણે છે કે આવનારો સમય એના માટે મૌતનો પયગામ લાવી શકે છે, પરંતુ તેમ છતાં કોઈ તેના માટે તૈયારી નથી કરતું.** દુનિયાની રંગીનીઓ અને તેની હસીન રાતો તથા દિવસોમાં લોકો એ રીતે ગુમ છે જાણે એમની નજીક મૌતની કોઈ કલ્પના જ નથી, ન તેમને કદી મૌત યાદ આવે છે અને ન તો કદી તેની ચર્ચા કરે છે.

## ★ મૌત તથા જિંદગીનું સર્જન કેમ થયું ? ★

માણસ પહેલાં અનઅસ્તિત્વ હોય છે, પછી અલ્લાહ તબારક વ તઆલા તેને અસ્તિત્વ અર્પે છે અને પછી એક અરસા સુધી દુનિયામાં જીવતો રાખ્યા બાદ તેને મૌતના માર્ગે ચલાવે છે, જેને પાર કરીને તે આખેરતની મંઝિલે મક઼સૂદ સુધી પહોંચે છે. મૌત તથા હયાતના સર્જનનો હેતુ અલ્લાહ તબારક વ તઆલાએ આયતે કરીમામાં વર્ણવ્યો છે :

اِلَّذِیۡ خَلَقَ الۡمَوۡتَ وَالۡحَیٰوۃَ لِیَبۡلُوَکُمۡ اَیُّکُمۡ اَحۡسَنُ عَمَلًا

"તે જેણે મૌત તથા જિંદગી પેદા કરી કે તમારી જાંચ થાય કે તમારામાંથી કોનું કામ સારુ છે."

*(સૂ. મુલ્ક, આ.૨)*

મૌત તથા જિંદગીનો ક્રમ કાયમ કરનાર અલ્લાહ તઆલા છે. તેના જ હુકમથી દરેક ચીજ અસ્તિત્વમાં આવી છે અને તેના જ હુકમથી નેસ્તો નાબૂદ થાય છે. કોઈ ચીજ ન આપોઆપ અસ્તિત્વમાં આવી શકે છે અને ન તો આપોઆપ

અનઅસ્તિત્વ થઈ શકે છે. સાથે જ તેની હિકમત પણ વર્ણવી આપી કે એનાથી હેતુ તમારી કસૌટી કરવાનો છે કે અમે સાંભળવા તથા જોવાની શક્તિ તથા દૂરંદેશીની જે ભરપુર કાબેલિયતો તમને આપી છે, વળી આ જ સૃષ્ટિની વ્યવસ્થામાં તમને આ'લા તથા ઉચ્ચ મક઼ામ અર્પણ કર્યો છે અને તમારા માર્ગદર્શન માટે નબીઓ તથા રસૂલોને મોકલ્યા છે. જોવાનું એ છે કે આ નેઅમતોની તમો ક઼દર કરો છો અને એ શક્તિઓને પોતાની ખુશીથી અલ્લાહને રાજી કરવાના માટે ખર્ચ કરો છો કે પછી દૌલત તથા સત્તા, જવાની તથા તંદુરસ્તીનો નશો તમને બદ મસ્ત કરી દે છે અને તમે અલ્લાહ તઆલાની નાફર્માનીમાં પોતાની શક્તિઓ તથા પોતાનો કિંમતી સમય ખર્ચ કરો છો.

## ★ મૌતને યાદ રાખવું જોઈએ ★

મૌતથી ગાફેલ થવું વિવિધ પ્રકારની બુરાઈઓને જન્મ આપે છે. એટલા માટે કુર્આન તથા હદીષમાં મૌતના બારામાં વારંવાર રિમાઈન્ડર કરવામાં આવેલ છે. એના સંબંધે એક રિવાયત જુઓ :

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

اَكْثِرُوْا ذِكْرَ هَاذِمِ اللَّذَّاتِ يَعْنِي الْمَوْتَ "લિજ્જતનોને તોડનારી ચીજ એટલે મૌતને કષરતથી (ખૂબ જ પ્રમાણમાં) યાદ કરો." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૪૨૨)*

એ જ પ્રમાણે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

اَكْثِرُوْا ذِكْرَ هَاذِمِ اللَّذَّاتِ فَاِنَّهٗ مَا ذَكَرَهٗ اَحَدٌ فِيْ ضِيْقٍ مِّنَ الْعَيْشِ اِلَّا وَسَّعَهٗ عَلَيْهِ وَلَا فِيْ سَعَةٍ اِلَّا ضَيَّقَهٗ عَلَيْهِ۔

"લિજ્જતોને તોડનારી ચીજ (મૌત)ને ખૂબ જ અધિક પ્રમાણમાં યાદ કરો. કેમ કે જો કોઈ શખ્સ તંગીવાળી જિંદગીમાં તેને યાદ કરે છે તો તે તેની જિંદગીમાં રાહત પેદા કરી આપે છે અને જો કોઈ રાહતમાં યાદ કરે છે તો તેના પર તંગી પેદા કરી આપે છે."

*(શરહુસ્સુદૂર બશરહે હાલલ્ મૌતા વલ્ કુબૂર, પેજ-૨૬)*

આ હદીષે પાકનો મતલબ એ છે કે જો માણસ તંગી તથા ગરીબીના સમયમાં મૌતને યાદ કરશે તો તેને મૌતની સખ્તીઓ તથા મૌત બાદના મામલાઓ યાદ આવશે જેના કારણે તે દુનિયવી મુસીબતોને મામૂલી સમજશે, અને તેનો એ એહસાસ કે હાલની પરેશાની આખેરતની પરેશાનીઓની સરખામણીમાં ઘણી જ આસાન છે, એના માટે રાહતનો સબબ બનશે. અને જ્યારે તે ખુશહાલીમાં મૌતને યાદ કરશે તો હવે એ અંદેશો નહીં રહે કે ખુશહાલીમાં તે ગુમ થઈને આખેરતથી ગાફિલ થઈ જશે અને ગુનાહોમાં સપડાય જશે, બલ્કે મૌતની કઠણાઈઓને યાદ કરીને તે ખુશહાલી તથા રાહતના સમયમાં તંગી મેહસૂસ કરશે જે એના માટે આખેરતનો બેહતરીન સરમાયો સાબિત થશે. સારાંશ કે મૌતની ચર્ચા દરેક વખતે ફાયદામંદ જ છે, ચાહે ખુશહાલીમાં હોય કે તંગદસ્તીમાં હોય. *(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૫૦/-** (ટપાલ ખર્ચ ૫૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?!



હપ્તો ૦૧

**લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી**
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી—ન્યુ દિલ્હી)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

*'કુર્આન પાક' એ આપણા સર્જનહાર ખાલિક઼ માલિક પરવરદિગારનું પવિત્ર કલામ (બંદાની હિદાયત—માર્ગદર્શન માટે નબી عليه الصلوٰة والسلام મારફતે એ જણાવેલ વાતો) છે જેના આધાર પર માણસે પોતાનું જીવન જીવવાનું હોય છે. કુર્આન ફક્ત તિલાવત કરવા કે હિફ્ઝ કરવા માટે નથી નાઝિલ થયું, બલ્કે એને (તફસીરની કિતાબો તથા તેના તર્જુમાઓ થકી) સમજીને જીવન જીવવામાં આવે (મુસલમાનના માટે "કુર્આન" તથા "હદીષ" અને એના આધારે "ક઼યાસ" તથા "ઈજમાઅ" આ ચાર હિદાયતના શ્રોતો છે.) અત્રે આપણે માર્ગદર્શનના મુખ્ય પાયા કુર્આન વિશે જ કેવળ ચર્ચા વાંચવાની છે. દરેક મુસલમાન પોતાના દિલમાં ઝાંકીને જુએ અને પોતાને જ સવાલ કરે કે : **"શું હું ૨૪ કલાકમાં એકવાર પણ કુર્આનને અડકુ છું ?! શું રોજ એની તિલાવત કરું છું ? શું રોજ તિલાવત કરેલાને સમજવા તર્જુમો તથા તફસીર વાંચું છું ? શું કુર્આનને સમજી લઈને મેં મારા ગુનાહિત જીવનથી તૌબા કરી ? એના હુકમો પ્રમાણે જીવવા તથા મારા જીવન જીવવાનો સાચો માર્ગ મેળવવા મેં પ્રયાસ કર્યો ?"** જો આવા બધા સવાલોના જવાબ "ના"માં મળે તો સમજી લો કે તમારી તબાહી તથા બર્બાદીની ખાઈ તમે પોતે જ દુનિયવી કામો, ગુનાહિત કામો, મોબાઈલ પર હરામ ખેલો, દશ્યો પાછળ કે કુર્આન વિરુદ્ધ જીવન જીવીને ખોદી રહ્યા છો. દુનિયામાં પણ અને આખેરતમાં પણ કોઈ ભલાઈની આશા ન રાખશો ! પણ હજીય જીવો છો તો તક છે, તૌબા કરી લો સર્વ નકામાં કામોથી અને આજથી જ કુર્આનને સમજવામાં લાગી જાવ. "સમય નથી"નું બહાનુ ન કાઢશો, કેમ કે તમારા પર કોઈ બીમારી કે આપત્તિ આવી જાય તો તમો સર્વ કામો છોડી તેને દૂર કરવા પાછળ મંડી પડો છો તો **કુર્આનથી દૂરી એ દુનિયા તથા આખેરતની સૌથી મહાન આપત્તિને દા'વત છે,** જેથી ગમે તેમ કરીને કુર્આન સમજવામાં લાગી જાવ. અને આવો ! કુર્આન વિશે આ લખાણમાં માહિતી ધ્યાનથી વાંચતા ચાલો અને તમારા ઈમાનમાં તાજગી પામો.* ✍ *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈસ્લામની ધાર્મિક કિતાબો તથા પાયાના શ્રોત ★

કુર્આને હકીમ અલ્લાહ તઆલાનું મુક઼દ્દસ કલામ છે. અન્ય સિફતો (ગુણો)ની જેમ આ પણ તેની એક મહાન સિફત (ખૂબી) છે, જે હમેશથી અનાશવંત અને કાયમ માટેનું છે. રબ તબારક વ તઆલાની સર્વ સિફતો (ખૂબીઓ, ગુણો) હમેશાથી અને અનાશવંત છે, જેથી કુર્આન પણ હમેશાં માટેનું અનાશવંત છે. મૌલાની મરજીને જ્યારે યોગ્ય જણાયું તો પોતાના અજોડ કલામને શબ્દો તથા અક્ષરોના રૂપમાં રમઝાનુલ મુબારકના પવિત્ર મહિનામાં લોહે મહેફૂઝથી આસ્માની દુનિયા પર નાઝિલ કર્યું, અને પછી જરૂરત તથા સંજોગો પ્રમાણે થોડુ થોડુ લગભગ

૨૩ વરસમાં પોતાના મહબૂબ હઝરત મુહમ્મદ ﷺ પર નાઝિલ કર્યું જેથી બંદાઓ અલ્લાહ અને તેના રસૂલને જાણે, તેમનાં ફર્માનો તથા એહકામો તથા સુન્નતોને ઓળખે અને તેમની રઝાના પ્રમાણે અમલ કરે, અને તે અમલોથી દૂર રહે જે અલ્લાહ અને તેના રસૂલને નાપસંદ છે.

અલ્લાહ રબ્બુલ આલમીને પોતાના મહબૂબ રસૂલ હઝરત મુહમ્મદ ﷺ પર જે આસ્માની કલામ, પયગામ અથવા વહી ઉતારી તેના બે પ્રકારો છે : એક વહીએ મત્લૂ એટલે જેની તિલાવત કરવામાં આવે. અને વહીએ ગૈર મત્લૂનું નામ હદીષ તથા સુન્નત છે. વહીએ મત્લૂને વહીએ જલી તથા ગૈર મત્લૂને વહીએ ખફી પણ કહે છે.

અલ્લાહના પવિત્ર કલામ અથવા પયગામનો નુઝૂલ (ઉતરાણ) વહી તથા ઈલ્હામ વગેરે થકી થયો. એટલા માટે કે સુન્નતે ઈલાહી એ જ છે કે અલ્લાહ રબ્બુલ આલમીન પોતાના બંદાઓ સાથે ડાયરેક્ટ વાત (કલામ) નથી કરતો બલ્કે તેમની હિદાયતના માટે પોતાના રસૂલો તથા નબીઓ પર વહી, ઈલ્હામ અથવા ઈલ્કા વગેરે નાઝિલ કરે છે. જેમ કે કુર્આને પાકમાં ઈર્શાદ થયો :

وَ مَا كَانَ لِبَشَرٍ اَنْ يُّكَلِّمَهُ اللّٰهُ اِلَّا وَحْيًا اَوْ مِنْ وَّرَآئِ حِجَابٍ
اَوْ يُرْسِلَ رَسُوْلًا فَيُوْحِيَ بِاِذْنِهٖ مَا يَشَآءُ

"અને કોઈ માણસને નથી પહોંચતુ કે અલ્લાહ તેની સાથે વાત (કલામ) કરે પણ વહીના રૂપે અથવા એ રીતે કે તે બશર (માનવ) અઝમતના પર્દાની પેલી બાજુ હોય અથવા કોઈ ફરિશ્તો મોકલે કે તે તેના હુકમથી વહી કરે જે તે ચાહે." *(સૂરએ શૂરા, આ. ૫૧)*

જાણવા મળ્યું કે અલ્લાહ ﷻ નબીઓ તથા રસૂલો પર પોતાના હુકમો તથા પયગામો વહીના થકી મોકલે છે. જેથી અલ્લાહના કલામ તથા અલ્લાહની કિતાબના વિશે કાંઈક લખતા પહેલાં જરૂરી છે કે એ સમજવામાં આવે કે આખરે "વહી" શું છે ? એનાથી મુરાદ શું છે ?

## ★ "વહી" એટલે શું ? ★

"વહી"નો શાબ્દિક અર્થ છે :

الوحی الشارة، والرسالة، والالهام، والكلام الخفى

એટલે વહી ઈશારો (નિર્દેશ) કરવાને, લખવાનો પયગામ આપવાને, ઈલ્હામ (ખુદા તરફથી દિલમાં આવેલી વાત)ને અને ગૃપ્ત તરીક઼ાથી વાત કરવાને કહે છે. *(દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયા, પેજ–૩૨૧)* અને શરીઅતની બોલીમાં વહીનો અર્થ છે તે કલામે ઈલાહી જે પયગંબરો પર મખ્લૂકે ખુદાની હિદાયત તથા રહનુમાઈના માટે નાઝિલ થયું.

*(અક઼ાઈદે ઈસ્લામ, પેજ–૧૪૫)*

હદીષની કિતાબો તથા ઈસ્લામના ઉલમાની કિતાબોથી જાહેર થાય છે કે વહીના વિવિધ પ્રકારો તથા વિવિધ તરીક઼ાઓ છે જેમાં ચાર તરીક઼ા મહત્વના છે. જે નીચે પ્રમાણે છે :–

**૦૧.** કોઈ ગયબી અવાજનું સંભળાય દેવું એ રીતે કે બંદો એક અવાજ સાંભળે પણ બોલનારો તેને દેખાય નહીં. જેમ કે હઝરત મૂસા عليه السلامની સાથે કોહે તૂર પર થયું.

**૦૨.** કોઈ વાતનું આપોઆપ દિલમાં પેદા થઈ જવું જાગૃતાવસ્થામાં કે ખ્વાબમાં, આ સ્થિતિમાં વહીની પ્રાપ્તિ વિના અવાજે તથા સાંભળવાના માધ્યમ સિવાય છે.

**૦૩.** સાચા ખ્વાબને જોવું. જેમ કે નબી અથવા રસૂલને ખ્વાબમાં જે ચીજ બતાવવામાં આવે છે તે પણ વહી છે. તેના જૂઠા હોવાની સંભાવના નથી. જેમ કે હુઝૂરે અન્વર ﷺને ફતહે મક્કાના

સંબંધે, હઝરત ઈબ્રાહીમ علیہ السلامને કુર્બાનીના સંબંધે અને હઝરત યૂસુફ علیہ السلامને ચાંદ, સૂરજ તથા અગ્યાર તારાઓના સંબંધે ખ્વાબમાં દેખાડવામાં આવ્યું.

૦૪. કોઈ ફરિશ્તાનું માનવ સ્વરૂપમાં જાહેર થવું અને પયગામે ઈલાહી સંભળાવવું. વહીના આ તરીકામાં રસૂલની તરફ ફરિશ્તાના વાસ્તાથી વહી નાઝિલ થાય છે. *(અકાઈદે ઈસ્લામ, પેજ–૧૪૫)* અને આ જ તે તરીકો છે કે જેમાં કુર્આન નાઝિલ થયું.

વહીના ઉપરોક્ત પ્રકારોનું સમર્થન કુર્આની આયતોથી પણ થાય છે તેમજ કુર્આન હકીમથી વહીના બીજા પ્રકારો પણ સાબિત થાય છે, જેમાંથી કોઈકને ઈલ્કા તથા ઈલ્હામ, કોઈને મુકાલિમા અને કોઈને રૂઅ્યાએ સાદિકા (સાચો ખ્વાબ)ના નામથી તાબીર કરવામાં આવે છે. જેમ કે ઈર્શાદે ખુદાવંદી છે :

لَقَدْ صَدَقَ اللّٰهُ رَسُوْلَهُ الرُّءْيَا بِالْحَقِّ ۚ لَتَدْخُلُنَّ الْمَسْجِدَ الْحَرَامَ

"બેશક ! અલ્લાહે પોતાના રસૂલને હક્કની સાથે સાચો ખ્વાબ દેખાડયો કે તમો જરૂર મસ્જિદે હરામમાં દાખલ થશો." *(સૂરએ ફતહ, ૪૮/૨૭)*

વહીના વર્ણવેલ પ્રકારનું સમર્થન રસૂલે પાક علیہ الصلوٰۃ والسلامની હદીષોથી પણ થાય છે. જેમ કે સહીહ બુખારી શરીફમાં છે :–

اول مبدیٔ به رسول اللّٰه ﷺ من الوحی الرؤیا الصالحة فی انوم فکان لایری رؤیا الا جائت مثل فلق الصبح

"સૌથી પહેલી ચીજ જેનાથી રસૂલુલ્લાહ ﷺ પર વહીની શરૂઆત થઈ તે ઊંઘવાની હાલતમાં સાચો ખ્વાબ છે. હુઝૂરે અન્વર ﷺ જે ખ્વાબ જોતા તે સવારની સફેદીની જેમ સહીહ સાબિત થતો હતો." *(સહીહ બુખારી, હદીષ–૩)*

વહીના બીજા પ્રકારોના સંબંધે પણ કુર્આની આયતો તથા નબવી હદીષો રજૂ કરી શકાય છે, પરંતુ ટૂંકાણને લક્ષમાં રાખીને અને અહીં રજૂ નથી કરતા.

મતલબ એ કે વહીએ મત્લૂ અને ગેર મત્લૂ અથવા કલામે મત્લૂ તથા ગૈર મત્લૂ બંનેવ અલ્લાહ તરફથી છે અને બંનેવની ઈત્તેબા (અનુસરણ) વાજિબ તથા જરૂરી છે. એટલા માટે કે એના પર અલ્લાહની ફર્માંબરદારી તથા રસૂલની ફર્માંબરદારીનો દારોમદાર છે. જેમ કે ઈર્શાદે બારી તઆલા છે :–

اَطِيْعُوا اللّٰهَ وَ اَطِيْعُوا الرَّسُوْلَ وَ اُولِي الْاَمْرِ مِنْكُمْ ۚ فَاِنْ تَنَازَعْتُمْ فِيْ شَيْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ وَ الرَّسُوْلِ

"હે ઈમાનવાળાઓ ! હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો, અને તેમનો જે તમારામાં હુકૂમતવાળા છે. પછી જો તમારામાં કોઈ વાતનો ઝઘડો ઉઠે તો તેને અલ્લાહ વ રસૂલની હુઝૂર રજૂ કરો." *(સૂરએ નિસાઅ્, આ. ૫૯)*

અલ્લાહ અને રસૂલના હુકમોના અનુસરણ તથા પાલનનો હુકમ કુર્આને પાકમાં અસંખ્ય જગાઓ પર આપવામાં આવ્યો છે, અને એ જ વાતને હદીષ શરીફમાં આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવેલ છે.

હુઝૂરે અન્વર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જેણે મારી ફર્માંબરદારી કરી તેણે અલ્લાહની ફર્માંબરદારી કરી, અને જેણે મારી નાફર્માની કરી તેણે અલ્લાહની નાફર્માની કરી. *(ખઝાઈનુલ ઈર્ફાન તફસીરુલ કુર્આન, તફસીરે સૂરએ અંબિયા, આ. ૫૯)*

કુર્આને પાકમાં ઈર્શાદ ફર્માવવામાં આવ્યો :–

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ "જેણે રસૂલની ઈતાઅત કરી, તેહકીક ! તેણે અલ્લાહની ઈતાઅત (ફર્માંબરદારી) કરી." *(સૂરએ નિસાઅ્, આ. ૮૦)*

وَ مَنْ يُّطِعِ اللّٰهَ وَ رَسُوْلَهٗ فَقَدْ فَازَ فَوْزًا عَظِيْمًا

"જેણે અલ્લાહ અને તેના રસૂલની ઈતાઅત કરી તેણે મહાન કામયાબી હાંસલ કરી."

*(સૂરએ અહઝાબ, ૩૩/૭૧)*

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ

"હે મહબૂબ ! આપ ફર્માવી દો કે જો તમે અલ્લાહથી મહોબ્બત કરો છો તો મારી ઈતાઅત કરો, અલ્લાહ તમારાથી મહોબ્બત કરવા લાગશે."

*(સૂરએ આલે ઈમરાન, ૩/૩૧)*

કુર્આન મજીદની ઉપરોક્ત આયતોમાં ઈતાઅત (આજ્ઞાપાલન)નું સકારાત્મક પાસુ વર્ણવવામાં આવ્યું છે, ઈતાઅતનું નકારાત્મક પાસુ વર્ણન કરતાં કુર્આને પાક ઈર્શાદ ફર્માવે છે :–

وَ مَنْ يَّعْصِ اللّٰهَ وَ رَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِيْنًا

"અને જેણે અલ્લાહ અને તેના રસૂલની નાફર્માની કરી, તેહકીક ! તેણે ઉઘાડી ગુમરાહી કરી."

*(સૂરએ અહઝાબ, ૩૩/૩૬)*

وَ مَنْ يَّعْصِ اللّٰهَ وَ رَسُوْلَهٗ فَاِنَّ لَهٗ نَارَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا

"જેઓ અલ્લાહ તથા રસૂલની નાફર્માની કરે છે તેમના માટે જહન્નમની આગ છે જેમાં તેઓ હમેશાં રહેશે." *(સૂરએ મુઅ્મિનૂન, ૨૩/૭૨)*

અહીં એ મુદ્દો પણ ચર્ચા લાયક છે કે કુર્આન મુકદસમાં લગભગ ૧૮ સ્થળોએ અલ્લાહ તઆલાની ઈતાઅત (આજ્ઞા પાલન)નું વર્ણન છે, પરંતુ દરેક સ્થાન પર અલ્લાહની ઈતાઅતની સાથે રસૂલુલ્લાહ ﷺની ઈતાઅતનું ચોક્કસ રીતે વર્ણન છે. કુર્આને પાકમાં એક પણ એવી જગા નથી જ્યાં અલ્લાહના આજ્ઞાપાલન (તાઅત)નું વર્ણન હોય અને રસૂલના આજ્ઞાપાલનનું (સાથે) વર્ણન ન હોય. એનાથી ઉલ્ટુ એવાં ઘણા સ્થળો છે કે જ્યાં રસૂલની ઈતાઅતનો ઉલ્લેખ છે પણ અલ્લાહની ઈતાઅતનું વર્ણન નથી. કારણ એનું એ છે કે રસૂલની ઈતાઅત વિના અલ્લાહની ઈતાઅત હરગિઝ શક્ય નથી. રસૂલની ઈતાઅત હકીકતમાં ખુદાની ઈતાઅત છે, પરંતુ એ જરૂરી નથી કે ખુદાની ઈતાઅત હકીકતમાં ખુદાની ઈતાઅત હોય, કેમ કે રસૂલની ઈતાઅત વિના ખુદાની ઈતાઅત ગુમરાહી છે.

જાણવા મળ્યું કે ખુદાનું આજ્ઞાપાલન કે મુસ્તફાનું આજ્ઞાપાલન, ખુદાનું ફર્માન કે મુસ્તફાનું ફર્માન બંનેવની ઈત્તેબા તથા પયગરવી (અનુસરણ) આપણા માટે જરૂરી છે. કુર્આને મુકદસ ઉપરાંત હદીષે રસૂલ ﷺથી પણ એ જ પયગામ સ્પષ્ટ તથા સાબિત છે. જેમ કે હુઝૂરે અન્વર ﷺ ઈર્શાદ ફર્માવે છે :

الا انی او تیت القرآن و مثلہ معہ "ખબરદાર ! મને કુર્આન અતા કરવામાં આવ્યું અને એની સાથે અન્ય ચીજ પણ એના જેવી અતા કરવામાં આવી છે."

*(મીઝાનુલ હદીષ, પેજ–૨૮)*

હુઝૂરે અન્વર ﷺ એક જગાએ પોતાની વસિયતને પ્રદર્શિત કરતાં ફર્માવે છે :–

ترکت فیکم امرین لن تضلوا ما تمسکتم بھما کتاب اللّٰہ و سنۃ رسول اللّٰہ

"હુઝૂરે અન્વર ﷺએ વસિયત ફર્માવી કે મેં તમારી વચ્ચે બે ચીજો છોડી છે તો જ્યાં સુધી તમે એને મજબૂતીથી પકડી રાખશો ત્યાં સુધી કદાપિ ગુમરાહ થશો નહીં, એક અલ્લાહની કિતાબ અને બીજી સુન્નતે રસૂલ."

*(ઈલ્મે હદીષ એક તઆરુફ, પેજ–૩૩)*

આ રીતે જાહેર થાય છે કે ઈસ્લામ ધર્મના અસલ શ્રોતો બે છે, એક કુર્આન અને બીજી હદીષ કે સુન્નત. જેમાં કુર્આનને પાયાની મહત્વતા હાંસલ છે. *(ક્રમશઃ)*

# બાગે ફિદક
## શીઆઓના આક્ષેપોનો ઈમાન અફરોઝ જવાબ

**અનુવાદક : મૌલાના મુહમ્મદ આબિદ ચિશ્તી**
*(જામિઆ સમદિયા, ફફુંદ શરીફ, યુ.પી.)*
**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

શીઆ લોકો જે બાબતો અને મસાઈલને રજૂ કરી હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہના વિરુદ્ધ દિલની ખારાશ કાઢે છે અને તેમના પર અહલે બયતથી બુગ્ઝ અને હસદનો આરોપ લગાડી તેમની શાનમાં ગુસ્તાખી અને બેહૂદા બકવાસ કરવાને જાઈઝ ઠરાવે છે તેમાં એક બાબત "બાગે ફિદક"ની પણ છે જેને આધાર બનાવી સીધા સાદા મુસલમાનોના દિમાગોમાં હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہના વિરુદ્ધ નફરતનાં બીજ નાખવાની ભરપૂર કોશિશ ન કેવળ ભૂતકાળમાં થતી રહી છે બલ્કે એ જ જોરશોરની સાથે એ મન્હૂસ ચળવળનો ક્રમ આજે પણ ચાલી રહ્યો છે. હજાર સ્પષ્ટીકરણ અને અહલે સુન્નત તરફથી તેહક઼ીક઼ી દલીલો અને તારીખી દસ્તાવેજો છતાં શીઆ અને રાફઝીઓ હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہની બેદાગ શખ્સિયતના દામન પર અહલે બયતની સાથે ઝિયાદતીનો ધબ્બો લગાડવા પર તુલેલા છે, જ્યારે કે હદીષો, ઈતિહાસ અને ખુદ શીઆઓની મોઅતબર કિતાબોનો નિષ્પક્ષ અને ન્યાયપૂર્ણ અભ્યાસ જે પરિણામો આપણા સમક્ષ લાવે છે તે શીઆઓને પોતાના મંતવ્ય પર ફેર વિચારણા કરવાની ન કેવળ દા'વતે ફિક્ર આપે છે બલ્કે એક ક઼દમ આગળ વધી તેમને પોતાના દષ્ટિકોણથી રુજૂઅ કરવા પર પણ ઉભારે છે. નીચેના લખાણમાં સર્વ માન્ય હક઼ીક઼તોની રોશનીમાં "ફિદકના મસ્અલા"નું વિશ્લેક્ષણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે એ આશા સાથે કે જો પૂર્વગ્રહનો ચશ્મો ઉતારી અમારી વાતો પર ચિંતન કરવામાં આવશે તો આ બાબતે વધારે નહીં તો નરમીનો પહેલુ જરૂર પેદા થશે.

**ફિદક શું છે :** ફિદક ખૈબર નજીક એક ગામ છે જેમાં ખજૂરના બાગો પુષ્કળ મૌજૂદ હતા, જ્યારે ખૈબરની જંગ થઈ અને એ જંગનાં પરિણામો મુસલમાનોના હક્ક઼માં આવવાની ખબર ચાલવા લાગી તો ફિદકના રહેવાસીઓએ જંગ કર્યા વિના આત્મસમર્પણ કરી દીધું અને આ રીતે જંગી ટકરાવ વિના ફિદકની સંપત્તિઓ મુસલમાનોના હિસ્સામાં આવી. અહીંયાં એ પાસાનું પણ સ્પષ્ટી જરૂરી છે કે ઈસ્લામી ક઼ાનૂન અને શરીઅતની રોશનીમાં માલને ત્રણ પ્રકારમાં વિભાજીત કરવામાં આવ્યો છે :–

**૦૧. વારસાનો માલ :** આ તે માલ છે જે વારસામાં મળે છે જેમાં બાપના મૃત્યુ બાદ તેની ઔલાદ માલ અને સંપત્તિની વારસ બને છે.

**૦૨. માલે ગનીમત :** એ માલ જે કાફિરોની સાથે લડાઈ બાદ હાથ આવે તેને માલે ગનીમત કહે છે, જે જંગ પછી કાયદા મુજબ મુજાહિદોમાં વહેંચી દેવામાં આવે છે.

**૦૩. માલે ફય :** કાફિરોનો એ માલ જે એમની સાથે જંગ કર્યા વિના મળે તેને માલે ફય કહે છે.

"ફિદક"ની ગણના માલે ફયમાં થાય છે. એટલા માટે કે બાગે ફિદક ખૈબરની જંગ દરમિયાન લડાઈ વિના મુસલમાનોના હાથ આવ્યો હતો અને માલે ફયના

વિશે કુર્આનો હદીષની સ્પષ્ટતાઓ મુજબ હુકમ એ છે કે એ માલ કોઈની જાતી મિલ્કિયત નથી હોતો અને ન તેને હિલો કરી કોઈ એકની મિલ્કિયતમાં આપી શકાય છે. બલ્કે એ માલ વક્ફના હુકમમાં હોય છે જેની આવક મુસલમાનોની ભલાઈના કામોમાં ખર્ચ કરવામાં આવે છે. માલે ફયના મઆરિફ શું છે તેનું વર્ણન ખુદ કુર્આને કરીમે સંપૂર્ણ સ્પષ્ટતા સાથે કરી દીધું છે. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :–

مَآ اَفَآءَ اللّٰہُ عَلٰی رَسُوْلِہٖ مِنْ اَھْلِ الْقُرٰی فَلِلّٰہِ وَ لِلرَّسُوْلِ وَلِذِی الْقُرْبٰی وَ الْیَتٰمٰی وَالْمَسٰکِیْنِ وَابْنِ السَّبِیْلِ

**(ભાવાર્થ)** : "અલ્લાહે પોતાના રસૂલને શહેરવાળાઓથી જે માલે ફય અપાવ્યો છે તે અલ્લાહ અને રસૂલનો છે અને રિશ્તાદારો, યતીમો, મિસ્કીનો અને મુસાફિરો માટે છે." *(સૂરએ હશ્ર, આ. ૭)*

એ જ કારણ છે કે કુર્આનના સ્પષ્ટ હુકમ મુજબ નબીએ રહ્મત ﷺ માલે ફય અર્થાત ફિદકની આવકને પોતાની ઝાતે કરીમા, અઝવાજે મુતહ્હરાત, સંબંધીઓ, મિસ્કીનો, ગરીબો અને ઈસ્લામી ફૌજોની જરૂરતોમાં ખર્ચ ફર્માવ્યા કરતા હતા અને ફિદકની બાબત પૈગંબરે ઈસ્લામ علیہ الصلوٰۃ والسلامની જે કાર્યપદ્ધતિ હતી ખુલ્ફાએ રાશિદીનના યુગમાં પણ એ જ કાર્યપદ્ધતિ પર વધારા ઘટાડા વિના અમલ કરવામાં આવ્યો.

**શીઆઓના આક્ષેપો** : શીઆઓ બાગે ફિદકને લઈ બે પ્રકારના દાવા કરે છે અને એ બંનેવ દાવા ખુદ તેમની માન્યતાઓમાં ટકરાવની ચુગલી ખાય છે. એક આરોપ તો એ લગાડે છે કે નબીએ કરીમ ﷺએ પોતાની હયાતમાં જ હઝરત ફાતિમા رضی اللہ عنہاને એ બાગ હિબા (ભેટ) કરી દીધો હતો પરંતુ જ્યારે હઝરત સિદીકે અકબર رضی اللہ عنہ ખલીફા બન્યા તો આપે હઝરત ફાતિમા رضی اللہ عنہاથી એ બાગ જબરદસ્તી છીનવી લીધો અને પડાવી લીધો. બીજો દાવો એ કરવામાં આવે છે કે એ બાગ નબીએ રહ્મત ﷺની માલિકીમાં હતો અને હઝરત ફાતિમા તેમના વારસ હતાં, એટલા માટે હુઝૂર علیہ الصلوٰۃ والسلام બાદ એ બાગ હઝરત ફાતિમા رضی اللہ عنہاને વારસા રૂપે મળવો જોઈતો હતો જેના માટે હઝરત ફાતિમા رضی اللہ عنہاએ હઝરત અબૂબક્ર رضی اللہ عنہને કહ્યું પણ હતું પરંતુ હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ એ બાગ તેમને આપવાથી ઈન્કાર કરી દીધો જેના કારણે હઝરત ફાતિમા رضی اللہ عنہا જિંદગીભર હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી નારાજ અને ખફા રહ્યાં. (આ તેમના આક્ષેપો છે)

**આક્ષેપોનો જવાબ** : એ પહેલાં કે અમે વિગતવાર આ મસ્અલા પર લખીએ પ્રથમ ઉપરોક્ત બંનેવ દાવાઓના એ વિરોધાભાસ તરફ ઈશારો કરી દઈએ જે શીઆઓની બુદ્ધિ તથા સમજ પર પ્રશ્ન વિરામ ખડુ કરી દે છે. જાહેર છે કે એ વાત દુરુસ્ત માની લેવામાં આવે કે સરકારે દો આલમ علیہ الصلوٰۃ والسلامએ પોતાની હયાતમાં જ એ બાગના માલિક હઝરત ફાતિમા رضی اللہ عنہاને બનાવી દીધાં હતાં અને આ બાગ તેમને હિબા (ભેટ) કરી દીધો હતો તો વારસા રૂપે હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી એ બાગની માગણીનો શો મતલબ ?! એટલા માટે કે ફિક્હી મસાઈલનો અદના તાલિબે ઈલ્મ પણ એ વાત જાણે છે કે જે માલ હિબા કરી દેવામાં આવે તેમાં વારસો લાગુ નથી થતો. અને જો એ વાત દુરુસ્ત માની લેવામાં આવે કે બાગે ફિદક હઝરત ફાતિમા رضی اللہ عنہاને વારસામાં મળ્યો હતો જેની માગણી તેમણે હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી કરી તો પછી શીઆઓએ બાગે ફિદકના હિબા કરવામાં આવવાના દાવાથી હાથ ઉઠાવી લેવા જોઈએ. બંને દાવાઓનો આ ઉઘાડો વિરોધાભાસ શીઆઓની ખોટી ખેંચતાણને જાહેર કરી

રહ્યો છે. ખૈર, શીઆઓની આ માન્યતાના વિરોધાભાસથી નજર હટાવીને અમે એક એક કરીને એ બંનેવ દાવાઓ પર ચર્ચા કરીશું જેથી હક઼ીક઼ત અધિક સ્પષ્ટ થઈ જાય.

## શું બાગે ફ઼િદક હિબા (ભેટ) કરવામાં આવ્યો હતો ?

બાગે ફિદક વિશે હિબા કરવાનો (ભેટ આપ્યાનો) દાવો ન કેવળ અહલે સુન્નતના નજીક પાયાવિહોણો અને પૂર્વગ્રહ પર આધારિત છે, બલ્કે શીઆ લોકોની વિશ્વસનીય કિતાબો પણ એ વાતની ઉઘાડી ગવાહી આપે છે કે **બાગે ફ઼િદક ભેટ ધરવાની વાત હક઼ીક઼તથી દૂર કેવળ મનઘડત છે.** જેમ કે નીચે વર્ણન થયેલ હદીષે પાક બાગે ફિદકના આ વિવાદને બિલ્કુલ સ્પષ્ટ કરી દે છે :–

عن المغيرة قال : ان عمر بن عبد العزيز جمع بنی مروان حين الستخلف فقال : ان رسول الله ﷺ كانت لہٗ فدک فکان ينفق منها و يعود منها علیٰ صغير بنی هاشم و يزوج منها ايمهم وان وان فاطمة سالتہٗ ان يجعلها لها فابیٰ فکانت کذٰلک فی حياة رسول الله ﷺ حتیٰ مضی لسبيلہٖ فلما ان ولیٰ ابو بکر عمل فيها بما عمل رسول الله ﷺ فی حياتہٖ حتیٰ مضی لسبيلہٖ فلما ان و لیٰ عمر بن الخطاب عمل فيها بمثل ما عملا حتیٰ مضی لسبيلہٖ ثم اقطعها مروان ثم صارت لعمر بن عبد العزيز فرايت امرءٍ منعه رسول الله ﷺ فاطمة ليس بحق و انی اشهد کم انی رددتها علیٰ ما کانت يعنی علیٰ عهد رسول الله ﷺ و ابی بکر وعمر

**(ભાવાર્થ) : હઝરત મુગ઼ીરાથી રિવાયત છે કે હઝરત ઉ઼મર બિન અબ્દુલ અઝ઼ીઝ رضی اللہ عنہ ની ખિલાફ઼તનો જમાનો જ્યારે આવ્યો તો તેમણે બની મરવાનને જમા કર્યા અને તેમનાથી ફ઼ર્માવ્યું કે, ફ઼િદક રસૂલુલ્લાહ ﷺ પાસે હતો જેની આવક આપ પોતાના અહલો અયાલ પર ખર્ચ કરતા હતા અને બની હાશિમના બાળકોને પહોંચાડતા હતા. અને તેનાથી બેવાઓના નિકાહ કરાવતા. એકવાર હઝરત ફ઼ાતિમા رضی اللہ عنہا એ હુઝ઼ૂર ﷺ થી સવાલ કર્યો ફ઼િદક તેમના જ માટે મુક઼ર્રર કરી દે તો હુઝ઼ૂર ﷺ એ ઈન્કાર કરી દીધો. જેથી એ જ પ્રમાણે આપની જિંદગીભર રહ્યું, ત્યાં સુધી કે આપનો વિસાલ થઈ ગયો. પછી જ્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ખલીફ઼ા બન્યા તો તેમણે ફ઼િદકમાં તે જ કર્યું જે હુઝ઼ૂર ﷺ એ કર્યું હતું ત્યાં સુધી કે આપ પણ વિસાલ ફ઼ર્માવી ગયા. પછી હઝરત ઉ઼મર رضی اللہ عنہ ખલીફ઼ા બન્યા તો તેમણે એવું જ કર્યું જેવું હુઝ઼ૂર علیہ الصلوٰۃ والسلام અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ કર્યું હતું, ત્યાં સુધી કે તેમનો પણ વિસાલ થઈ ગયો. પછી મરવાને પોતાના દોરમાં ફ઼િદકને પોતાની જાગીરમાં લઈ લીધો ત્યાં સુધી કે તે ઉ઼મર બિન અબ્દુલ અઝ઼ીઝની જાગીર બન્યો. મેં જોયું કે જે વસ્તુને હુઝ઼ૂર ﷺ એ પોતાના બેટી ફ઼ાતિમા رضی اللہ عنہا ને ન આપી તેમાં મારો હક઼ કઈ રીતે હોઈ શકે છે ? માટે હું આપ લોકોને ગવાહ બનાવું છું કે મેં ફ઼િદકને એ જ પ્રમાણે પરત કર્યો જે પ્રમાણે તે પહેલાં હતો અર્થાત હુઝ઼ૂર علیہ الصلوٰۃ والسلام અને હઝરત અબૂબક્ર ઉ઼મર رضی اللہ عنہ ના મુબારક જમાનામાં.**

*(સુનને અબૂ દાઊદ, કિતાબુલ ખિરાજ, હદીષ–૨૯૮૨)*

ઉપરોક્ત હદીષે પાકમાં બાગે ફિદકના ઐતિહાસિક ક્રમ અને સંપૂર્ણ બાબતની હક઼ીક઼ત જેટલી સ્પષ્ટતા સાથે વર્ણવવામાં આવી છે તેને પઢી લીધા બાદ મને નથી લાગતું કે આ બાબતે અધિક કોઈ સ્પષ્ટતા અને જવાબની જરૂરત બાકી રહી જાય છે.

**હદીષે પાક સાફ બતાવી રહી છે કે હઝરત ફાતિમા رضی اللہ عنہاએ બાગે ફિદક લેવાની રજૂઆત પણ કરી તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ સાફ મના ફર્માવી દીધું જેનું કારણ બિલ્કુલ જાહેર હતું કે ફિદક માલે ફયમાં આવતો હતો અને માલે ફય વકફમાં આવે છે જે કોઈને હિબા કરી શકાય નહીં.**

ન કેવળ એહલે સુન્નત બલ્કે શીઆ મસ્લક અને મઝહબની વિશ્વસનીય કિતાબોમાં પણ આ વાતનું સંતોષકારક સબૂત મળી જાય છે કે બાગે ફિદક હઝરત ફાતિમા رضی اللہ عنہاને હિબા કરવામાં નથી આવ્યો બલ્કે એ પણ સાબિત થાય છે કે હઝરત ફાતિમા رضی اللہ عنہا આ વાતનો ઉઘાડી રીતે સ્વીકાર ફર્માવતાં હતાં કે બાગે ફિદક ન તો તેમને હિબા કરવામાં આવ્યો હતો અને ન તેના વિશે હુઝૂર ﷺએ તેમના માટે કોઈ વસિયત કરી હતી. જેમ કે શીઆ લોકોની મઝહબી કિતાબ "નહજુલ બલાગહ"ની શરહ ઈબ્ને હદીદમાં સ્પષ્ટ વર્ણન છે કે :–

''قال لها ابو بکر : لما طلبت فدک، بابی وامی انت الصادقة الا مینة عندی ان کان رسول اللّٰہ عهد الیک عهداً و وعدک وعداً صد قتک وسلمت الیک فقالت لم یعهد الیّ فی ذلک''

**(ભાવાર્થ)** : જ્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી હઝરત ફાતિમા رضی اللہ عنہاએ ફિદકની માગ કરી તો આપે ફર્માવ્યું કે, મારા મા, બાપ આપ પર કુર્બાન ! આપ મારા નજીક સાદિકા અને અમીના છો. જો હુઝૂર ﷺએ આપના માટે ફિદકની વસિયત કરી હોય અથવા વાયદો કર્યો હોય તો હું તેનો સ્વીકાર કરું છું અને ફિદક આપના હવાલે કરી આપુ છું. તો સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاએ ફર્માવ્યું : "ફિદકની બાબતે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ મારા માટે કોઈ વસિયત નથી ફર્માવી."

*(બહવાલા બાગે ફિદક વ હદીષે કિ઼રતાસ, પેજ નં. ૧૦, મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ)*

અર્થાત સૈયદાએ કાઈનાત હઝરત ફાતિમા رضی اللہ عنہا ખુદ એ વાતને માનતાં હતાં કે બાગે ફિદક તેમને હિબા (ભેટ) કરવામાં નથી આવ્યો. હવે આટલી સ્પષ્ટ રિવાયત હોવા છતાં ખબર નહીં એ કયો જઝબો છે જે શીઆમતના લોકોને પોતાની જ કિતાબો અભરાઈએ ચઢાવીને પાયાવિહોણા જૂઠને ઘડવા પર મજબૂર કરી રાખેલ છે.

એ વાત તો બરાબર છે કે હઝરત ફાતિમા رضی اللہ عنہاએ નબીએ કરીમ ﷺના વિસાલ ફર્માવ્યા બાદ હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી ફિદકની માગણી કરી હતી, પરંતુ એ વાત બિલ્કુલ દુરુસ્ત નથી કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ બુગ્ઝો હસદના કારણે ફિદક આપવાથી ઈન્કાર કર્યો હતો, ઈન્કાર કરવાનાં કારણો શું હતાં તેના પર વિગતવાર ચર્ચા તો અમો આવતા લખાણમાં કરીશું, અત્રે અમો એક શીઆ રિવાયત રજૂ કરવા ચાહીએ છીએ જેની એક એક લીટીથી હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની અહલે બયતે કિરામ અને ખાસ કરીને સૈયદાએ કાઈનાત رضی اللہ عنہا પ્રતિ અક઼ીદત તથા મહોબ્બતના જઝબાત અને ફિદક વિશે તેમનું દષ્ટાંત સ્પષ્ટ રીતે જાણી શકાય છે. જેમ કે શીઆ આલિમ મુલ્લા મજલિસીએ લખ્યું છે કે જ્યારે સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاએ ફિદકની માગણી કરી તો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ માઝેરત (મજબૂરી)ની સાથે ફર્માવ્યું :–

**(ફારસીનો ભાવાર્થ) : મારા સર્વ માલ તથા હાલમાં આપને ઈખ્તિયાર છે, આપ જે કાંઈ ઈચ્છો વિના સંકોચ લઈ શકો છો, આપ હુઝૂર ﷺની ઉમ્મતના સરદાર છો અને પોતાના ફરઝંદો માટે શજરે તૈયબા છો. આપની ફઝીલતનો કોઈ ઈન્કાર નથી કરી શક્તું અને આપનો હુકમ મારા સર્વ માલ પર લાગુ છે, પરંતુ મુસલમાનોના માલમાં આપના વાલિદે**

**મોહતરમના ફર્માનની વિરુદ્ધ નથી કરી શકતો.** *(હક્કુલ યકીન, ૨૩૧, બહવાલા બાગે ફિદક ઔર હદીષે કિરતાસકી તેહકીક : ૨૪ મૌલાના ઝફરુલ કાદરી બખરવી)*

ઉપરોક્ત રિવાયતો એ તમામ લોકોના દિમાગોમાં પલી રહેલ શંકાઓના નિવારણ માટે કાફી છે જે એ માન્યતા રાખે છે કે બાગે ફિદક સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاને હિબા કરી (ભેટ) આપવામાં આવ્યો હતો જેને બાદમાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ પડાવી (છીનવી) લીધો. અલ્ અયાઝુ બિલ્લાહિ તઆલા.

હવે અમે રાફઝીઓના બીજા દાવાનું વિશ્લેષણ કરીએ છીએ અર્થાત એ કે સૈયદાએ કાઈનાત رضی اللہ عنہا બાગે ફિદકના વારસ હતાં એટલા માટે કે ઔલાદ પોતાના પિતાના વારસાની વારસદાર હોય છે. આ વિશે ઉલ્માએ અહલે સુન્નત તરફથી બે રીતે જવાબ આપવામાં આવ્યા છે : પ્રથમ જવાબ તો પાછળના લખાણમાં આવી ગયો કે બાગે ફિદકની ગણના માલે ફયમાં થાય છે અને માલે ફય વક્ફના હુકમમાં હોય છે જેની આવકને મુસલમાનોની ભલાઈના કામોમાં ખર્ચ તો કરી શકાય છે પરંતુ તે માલનો ન કોઈને માલિક બનાવી શકાય છે અને ન તે માલ કોઈની માલિકીમાં હોય છે. એ જ કારણ છે કે સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاની માગણી છતાં હુઝૂર ﷺએ તેને આપવાથી મના ફર્માવી દીધું હતું. જ્યારે કે હુઝૂર નબીએ રહ્મત ﷺ દરેક સમયે પોતાનાં સાહબઝાદીની દીલજોઈ (દિલને ખુશ) ફર્માવ્યા કરતા હતા. બીજો જવાબ લખતા પહેલાં એ હદીષ જોઈ લઈએ જેમાં સૈયદાએ કાઈનાત رضی اللہ عنہا દ્વારા હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર رضی اللہ عنہથી બાગે ફિદકની માગણીનું વર્ણન અને હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર رضی اللہ عنہનું હદીષે રસૂલની રોશનીમાં બાગને માલિકીમાં સોંપવામાંથી ઈન્કારનું વિગતવાર વર્ણન છે, આ હદીષને રજૂ કરી વિરોધીઓ એ પણ સાબિત કરે છે કે સૈયદાએ કાઈનાત رضی اللہ عنہا અંતિમ સમય સુધી હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર رضی اللہ عنہથી નારાજ રહ્યાં અને તેમનાથી સંબંધ કટ રાખ્યો. હદીષે પાક નીચે પ્રમાણે છે :–

''ان فاطمة علیها السلام ابنة رسول اللّٰه ﷺ سالت ابا بکر الصدیق بعد وفاة رسول اللّٰه ﷺ ان یقسم لها میرا ثها مما ترک رسول اللّٰه ﷺ مما افاء اللّٰه علیه فقال لها ابو بکر ان رسول اللّٰه ﷺ قال : لا نورث ماترکنا صدقه''۔ فغضبت فاطمة بنت رسول اللّٰه ﷺ فهجرت ابابکر فلم تزل مهاجرته حتیٰ توفیت۔

**(ભાવાર્થ)** : હઝરત ફાતિમા બિન્તે રસૂલુલ્લાહ ﷺએ નબીએ કરીમ ﷺની વફાત બાદ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہથી હુઝૂર علیہ الصلوٰۃ والسلامના વારસા વિશે પૂછયું જે અલ્લાહ તઆલાએ ફયના સ્વરૂપે આપ્યો હતો તો તેમને અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યુ છે, "અમારા માલમાં વારસો જારી નથી થતો, અમે જે કાંઈ છોડીને જઈએ છીએ તે સદકો હોય છે." તેના પર ફાતિમા બિન્તે રસૂલુલ્લાહ ﷺ ગુસ્સે થયા અને અબૂબક્ર رضی اللہ عنہથી વાતચીત બંધ કરી દીધી અને વાતચીત વફાત સુધી બંધ રહી."

આ હદીષ પાકને શિઆમતના લોકો પોતાના દુશ્મનીભર્યા અકીદાનો પ્રચાર અને સીધા સાદા લોકોમાં બદ્અકીદગી પેદા કરવા માટે રજૂ કરે છે જ્યારે કે આ જ હદીષે પાક એ વાતનો સાફ જવાબ આપી રહી છે કે જો સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاએ નબીએ કરીમ ﷺના માલમાં વારસાઈ જારી કરવાની માગણી કરી હતી જેમાં આપના ગુમાનમાં બાગે ફિદક પણ સામેલ હતો તો તેમની આ માગણી એટલા માટે હતી કે તેમના સુધી આ હદીષે પાક પહોંચી ન હતી કે અંબિયાએ કિરામ علیہم السلامના માલમાં વારસાઈ લાગુ નથી થતી બલ્કે તેમનો માલ

ઉમ્મત માટે સદકો હોય છે. એટલા જ માટે હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہએ પોતાના તરફથી કાંઈ ન કહેતાં સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاના સમક્ષ સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمની હદીષે પાક રજૂ કરી આપી અને જણાવ્યું કે જો કદાચ બાગે ફિદકને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની માલિકીમાં માની પણ લેવામાં આવે તો પણ આપના માલમાં વારસાઈને લાગુ નહીં કરી શકાય. એ શક્ય જ ન હતું કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامનું ફર્માન હોવા છતાં હઝરત સિદીક઼ે અકબર رضی اللہ عنہ તેના વિરુદ્ધ કોઈ કદમ ઉઠાવતા. એ જ કારણે કે આપે પોતાની સર્વ સંપત્તિ તો રજૂ કરી દીધી કે સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاએ પોતાની જરૂરત મુજબ જેટલું ચાહે એમાંથી લઈ લે પરંતુ બાગે ફિદક વારસા પેટે આપવાથી મના ફર્માવી દીધું.

હદીષે પાક ''لا نورث ما ترکنا صدقة'' (અમારા માલમાં વારસો લાગુ થશે નહીં. અમે જે કાંઈ છોડી જઈએ છીએ તે સદકો હોય છે) હઝરત અબૂબક્ર رضی اللہ عنہના સમક્ષ હતી જેના કારણે તેમણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના છોડેલા માલમાં વારસો વહેંચવાથી મના ફર્માવી દીધું. એ સિવાય અન્ય કોઈ કારણ ન હતું, પરંતુ બુરુ થાય પૂર્વગ્રહ અને અદાવતનું કે આટલી સરળ વાતને વિના કારણે તોડી મરોડીને રજૂ કરી માહોલને બગાડવાની નાપાક કોશિશ કરવામાં આવે છે.

**રહી વાત સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاની નારાજગીની તો હદીષે પાકના શબ્દો જ સાફ સાફ બતાવી રહ્યા છે કે આ રિવાયત કરનારનું પોતાનું ગુમાન અને ખયાલ છે, નહીં તો હદીષે રસૂલની તુલનામાં સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاનું નારાજ થવું કોઈ પણ રીતે ક઼યાસ મુજબ માલૂમ નથી પડતું.** અને ન તો **આપની મુક઼દ્દસ, ખુદાતરસ (ખુદાથી ડરનારી) અને પાક ઝાત સંબંધે એવું અનુમાન રાખી શકાય છે કે આપ ફર્માને રસૂલ સંભળાવવાના કારણે નારાજ થઈ જશે.** અને જો માની પણ લેવામાં આવે કે માનવ સ્વભાવના કારણે આપના તરફથી કોઈ નારાજગી જાહેર પણ થઈ હતી તો જ્યાં હદીષે પાકમાં આપની નારાજગીનું વર્ણન છે તો ત્યાં જ બીજી હદીષો સંપૂર્ણ સ્પષ્ટતાની સાથે એ પણ બતાવે છે કે હઝરત સિદીક઼ે અકબર رضی اللہ عنہએ સૈયદાએ કાઈનાત رضی اللہ عنہاને રાજી ફર્માવી લીધાં હતાં. જેમ કે ''ઉમ્દતુલ ક઼ારી''માં છે :

''لما مرضت فاتمة رضی اللّٰہ عنها اتاها ابو بکر الصدیق رضی اللّٰہ عنه فاستاذن علیها فقا علی رضی اللّٰہ عنه یا فاطمة ! هذا ابو بکر یستاذن علیک فقالت : تحب ان آذن لهٗ ؟ قال : نعم، فاذنت لهٗ. فدخل علیها یترضاها وقال : و اللّٰہ ما ترکت الدار و المال و الاهل و العشیرة الا لا بتغاء مرضاة و مرضاة رسوله و مرضاتکم اهل البیت، ثم ترضاها حتیٰ رضیت''۔

**(ભાવાર્થ)** : હઝરત ફાતિમા رضی اللہ عنہا બીમાર થઈ ગયાં તો હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ મિઝાજપુરસી માટે તશરીફ લાવ્યા અને તેમનાથી અંદર આવવાની ઈજાઝત ચાહી. હઝરત અલી کرم اللہ وجہہ الکریمએ ફર્માવ્યું, હે ફાતિમા ! આ અબૂબક્ર رضی اللہ عنہ આપના પાસે આવવાની ઈજાઝત માગી રહ્યા છે. હઝરત ફાતિમા رضی اللہ عنہاએ ફર્માવ્યું, શું આપ પસંદ કરો છો કે હું ઈજાઝત આપી દઉં ? ફર્માવ્યું, હા ! તો હઝરત ફાતિમા رضی اللہ عنہاએ હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہને અંદર આવવાની ઈજાઝત આપી દીધી. તો આપ તેમને રાજી કરવા અંદર તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, ''ખુદાની ક઼સમ ! મેં ઘરબાર, માલ, અહલો અયાલ, સૌને ખુદા વ રસૂલ અને હે અહલે બયત આપની ખુશ્નુદી માટે જ છોડયા. પછી આપે હઝરત ફાતિમા رضی اللہ عنہاને રાજી કર્યાં અને તેઓ રાજી થઈ ગયાં.''

*(બહવાલા : બાગે ફિદક ઔર હદીષે ક઼િરત઼ાસ કી તેહક઼ીક઼ : ૨૧, મૌલાના ઝફરુલ ક઼ાદરી બખરવી)*

શીઆમતના લોકોની દયાનતદારીનો અંદાજો ઉપરોક્ત હદીષે પાકની રોશનીમાં સારી રીતે લગાડી શકાય છે કે તેઓ એ વાતનો પ્રચાર તો પાણી પી પીને કરે છે કે બાગે ફિદકના કારણે સૈયદાએ કાએનાત رضی اللہ عنہا હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી નારાજ થઈ ગયા હતાં, પરંતુ આ પાસાને અત્યંત ચાલાકીથી છુપાવી રાખે છે કે બાદમાં સૈયદાએ કાઈનાત رضی اللہ عنہا હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہاથી રાજી થઈ ગયાં હતાં, એટલા માટે કે તેમને ખબર છે કે આ રિવાયત તેમના બાતિલ વિચારો અને માન્યતાઓના સર્વ માળખાને વિખેરીને રાખી મૂકે છે. આ તો એમ જ થયું કે કોઈ ખારજી હઝરત અ઼લી کرم اللہ وجہہ الکریم ની શાન ઘટાડવા એ રિવાયતોને પ્રચાર કરવા લાગે જેમાં સૈયદાએ કાઈનાત رضی اللہ عنہا અને હઝરત અ઼લી کرم اللہ وجہہ الکریم દરમિયાન માનવ પ્રકૃતિના કારણે અનબન થવાનું વર્ણન છે અને બાદમાં મુઆમલો દુરુસ્ત થઈ જવાનું ન બતાવે. જાહેર છે કે આ પૂર્વગ્રહનો એ સિવાય કોઈ ઉપાય નથી કે આવા લોકોના હક્કમાં દુઆ કરવામાં આવે કે ખુદાએ તઆ઼લા તેમને હક़ીક़તને સ્વીકારવાની તૌફીક़ અતા ફર્માવે.

## હઝરત અ઼લી کرم اللہ وجہہ الکریم અને બાગે ફિદક

શીઆમતના લોકો જે રીતે આ રિવાયતોને છુપાવવાની કોશિશ કરે છે એ જ રીતે એ પાસા ઉપર વાત કરવાથી પણ કતરાય છે કે જો હઝરત સિદ્દીકે़ અકબર رضی اللہ عنہએ હઝરત ફાતિમા رضی اللہ عنہاનો હક્ક़ છીનવીને તેમને બાગે ફિદક આપવાથી ઈન્કાર કરી દીધો હતો જે તેમનો વારસાગત હક્ક़ હતો, તો પછી હઝરત અબૂબક્ર رضی اللہ عنہના વિસાલ ફર્માવ્યા બાદ અન્ય ખુલ્ફાએ રાશિદીનના જમાનામાં તે બાગ સાથે શું મુઆમલો પેશ આવ્યો? જેમાં સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે શું હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પોતાના ખિલાફતકાળમાં જ્યારે કે સર્વ મઝહબી અને ઈસ્લામી મુઆમલાના નિવારણનો એમને સંપૂર્ણ અધિકાર હતો ત્યારે શું બાગે ફિદકને તેના હક્ક़દારો અને વારસોમાં વહેંચવામાં આવ્યો ? શું હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પોતાના જમાનામાં બાગે ફિદક સંબંધે ''ન્યાયિક ફેંસલો'' કર્યો ? તમને આશ્ચર્ય થશે એ જાણીને કે ખુદ રાફઝીઓની મોઅતબર કિતાબો બતાવે છે કે જ્યારે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ખિલાફતની મસ્નદ (ગાદી) પર બિરાજમાન થયા તો આપે બાગે ફિદકને એ જ હાલ પર રાખ્યો જે હાલ પર હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہએ રાખ્યો હતો, જેમ કે ''શર્હે નહજુલ બલાગ़હ ઈબ્ને હ઼દીદ''માં છે :–

''فلما و صل الامر الیٰ علی ابن ابی طالب کلم فی ردفدک فقال : انی لا ستحی من اللّٰہ ان ارد شیئا منع منہ ابو بکر و امضاہ عمر۔''

(ભાવાર્થ) : જ્યારે ખિલાફત હઝરત અલી (رضی اللہ عنہ)ના હાથમાં આવી અને લોકોઅ તેમનાથી બાગે ફિદક પરત કરવા વિશે વાતચીત કરી તો આપે ફર્માવ્યું, બેશક ! મને અલ્લાહથી હયા આવે છે કે હું તે ચીજ પરત કરું જેનાથી અબૂબક્રએ મના ફર્માવ્યું અને ઉ઼મરે તેમના ફેંસલાને લાગુ રાખ્યો. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)

*(૪/૯૪ બૈરૂત હવાલો આગળ મુજબ, પેજ–૨૭)*

જો હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ માટે એ આક્ષેપ દુરુસ્ત માની લેવામાં આવે કે તેમણે હઝરત ફાતિમા رضی اللہ عنہاને તેમના વારસાના હક્ક़થી મેહરૂમ રાખ્યાં અને તેમનો માલ છીનવી લીધો તો પછી આ સવાલ હઝરત અલી کرم اللہ وجہہ الکریم પર પણ કાયમ રહેશે કે તેમણે આ જુર્મમાં અધિકારો છતાં હક્ક़દારોને તેમના હક્ક़ મેળવવાથી મેહરૂમ રાખ્યા અને હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہના જાલિમાના ફેંસલાને યથાવત રાખ્યા. (આવા કથનથી અલ્લાહની પનાહ !)

*ન તુમ સદમે હમેં દેતે, ન હમ ફરયાદ યૂં કરતે*
*ન ખુલતે રાઝે સરબસ્તા ન યૂં રૂસ્વાઈયાં હોતીં*

અહીંયાં પહોંચી અમે એક રિવાયત વર્ણવવા ચાહીશું, જેનાથી માલૂમ થાય છે કે એહલે બયતે કિરામ પ્રતિ હઝરત અબૂબક્ર અને હઝરત ઉ઼મર رضی اللہ عنہما ને લઈને અમુક લોકો પહેલાંથી જ તણાવ પેદા કરવામાં લાગેલ છે, જેની જાણ ખુદ હઝરાતે અહલે બયતને પણ હતી અને અહલે બયત તરફથી હમેશાં આ વાતનો રદીયો કરવામાં આવતો રહ્યો છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ અથવા હઝરત ઉ઼મર رضی اللہ عنہما તરફથી તેમના હક્ક઼ પાયમાલ કરવામાં આવ્યા અથવા તેમના પર રજ માત્ર જુલ્મ કરવામાં આવ્યો. પરંતુ અફસોસ ! કે તાબઈ઼નના જમાનાથી ફસાદી દિમાગોમાંથી ઉત્પન્ન થનાર એ ગુમરાહ઼કુન વિચારો આજે પણ ચાલુ છે. ''શર્હે નહજુલ બલાગ઼હ, ઈબ્ને હ઼દીદ''માં છે :–

عن کثیر النوال قال : قلت لابی جعفر محمدبن علی علیہ السلام : جعلنی اللہ فداک ! أرایت ابا بکر بکرٍ و عمر هل ظلماکم من حقکم شیئاً۔ او قال ذهبا من حقکم شیئا ؟ فقال : لا، و الذی انزل القرآن علی عبدہٖ لیکون للعالمین نذیراً ما ظلمنا من حقنا مثقال حبة من خردل۔ قلت : جعلت فداک ! أفاتو لاهما ؟ قال : نعم، و یحک تو لهمافی الدنیا والآخرة و ما اصابک ففی عنقی ثم قال : فعل اللہ با لمغیرة و بنان فانهما کذبا علینا اهل البیت۔

**(ભાવાર્થ)** : ''કષીર નવાલથી મરવી છે, ફર્માવે છે કે મેં અબૂ જઅ઼ફર મુહમ્મદ બિન અ઼લી علیہ السلام થી પૂછયું કે; મારી જાન આપ પર ફિદા ! અબૂ બક્ર તથા ઉ઼મર વિશે આપનો શું ખયાલ છે ? શું તેમણે તમારા હક્ક઼માં કોઈ જુલ્મ કર્યો, શું આપનો કોઈ હક્ક઼ માર્યો ? હઝરત અબૂ જઅ઼ફરે ફર્માવ્યું, નહીં ! અલ્લાહની ક઼સમ ! જેણે પોતાના બંદા પર કુર્આન ઉતાર્યું કે તમામ જહાંનો માટે તે ડરાવનાર બની જાય. અમારા હક્કો઼માં રાયના દાણા બરાબર પણ તેમણે અમારા પર જુલ્મ ન કર્યો. મેં અર્ઝ કરી ? મારી જાન આપ પર કુર્બાન ! તો શું હું એ બંનેવ હઝરાતથી મહોબ્બત રાખું ? ફર્માવ્યું, તારું બુરુ થાય ! બંને જહાનમાં તેમનાથી મહોબ્બત રાખ અને જો આ કારણથી તમને નુકસાન થાય તો તે એ મારા જિમ્મે છે. પછી ઈમામે ફર્માવ્યું, મુગ઼ીરા અને બનાનથી ખુદા નિપટે તે બંનેવે અમો અહલે સુન્નત પર જૂઠ બાંધ્યું છે.'' *(હવાલો ઉપર મુજબ)*

આ એક રિવાયત એ સર્વ હક઼ીક઼તોથી પર્દો ઉઠાવી રહી છે જેના પર પૂર્વગ્રહ રાખનારાઓએ દુશ્મનીની ધૂળ નાખી રાખી છે. ખૈર ! ઉપરોક્ત સંપૂર્ણ ચર્ચાને સામે રાખી આ મસ્અલાની ભીતર સુધી પહોંચી શકાય છે અને સારી રીતે જાણી શકાય છે. શીઆ અને રાફઝીઓએ એક પાયા વિનાની વાતને ફોગટમાં રાયનો પહાડ બનાવી હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ને અહલે બયતના વિરોધી અને સૈયદાએ કાઈનાત رضی اللہ عنہا થી હસદ રાખનાર બનાવી રજૂ કરવાની નાપાક અને ગુસ્તાખાના કોશિશ કરી છે, પરંતુ એ સર્વ કોશિશો છતાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ની અઝમત અને બુલંદીની ધજા અર્શની બુલંદીઓ પર લહેરાઈ રહી છે, તેઓ મહબૂબે રસૂલ ﷺ ના મઝારે પુરઅન્વારમાં આરામ ફર્માવી રહ્યા છે અને ફિત્નાખોરો તેમની શાનમાં અયોગ્ય માન્યતાઓ ઘડીને પોતાની જ આકે઼બત (આખેરત) ખરાબ કરવામાં લાગેલા છે. ખુદાએ વહ઼દહૂ લાશરીક જ ખૈરની તૌફીક઼ બખ્શવાવાળો છે.

*(અશરફિયા મંથલી ઉર્દૂ, મુબારકપુર, જુલાઈ–૨૦૨૦)*




હપ્તો : ૦૧

લેખક : હઝરત મૌલાના ઈલ્યાસખાન નૂરી
(મુ. રતનપુર, તા. માતર, જિ. ખેડા)
અનુવાદક : ફરજાના સાજિદ પટેલ-દયાદરા

## મિસ્વાક અને મેડિકલ સાયન્સ

વુઝૂમાં મિસ્વાક (દાતણ) કરવું સુન્નત છે એટલા માટે અમે સૌથી પહેલાં દાતણના ફાયદાઓ અર્વાચીન વિજ્ઞાનની રોશનીમાં રજૂ કરીએ છીએ જેથી તમને ખબર પડી જાય કે હુઝૂરે અકરમ ﷺના એક એક ફર્માનમાં કેટલાં વૈજ્ઞાનિક પાસાંઓ છુપાયેલાં છે.

મિસ્વાક હુઝૂરે પાક ﷺની ઘણી જ પ્યારી સુન્નત છે, જેમ કે તાજદારે મદીના ﷺએ ફર્માવ્યું કે મિસ્વાકને વાપરવું તમારા માટે જરૂરી કરી લો કેમ કે એમાં મોઢાની સ્વચ્છતા અને અલ્લાહની રઝામંદી છે. એટલા માટે હુઝૂરે પાક ﷺ રાત કે દિવસમાં જ્યારે પણ સૂઈને ઊઠતા તો વુઝૂથી પહેલાં મિસ્વાક કરતા હતા.

આ હદીષથી જાણવા મળ્યું કે સૂઈને ઊઠયા પછી દાતણ (મિસ્વાક) કરવું સુન્નત છે. સૂતેલ પરિસ્થિતિમાં આપણા પેટમાંથી બખારાઓ અને ગંદી હવાઓ મોઢાની તરફ ચઢી જાય છે જેના કારણે મોઢામાં ગંધ અને સ્વાદમાં ફેરફાર થઈ જાય છે પણ આ સુન્નત (દાતણ)ની બરકતથી મોઢું સાફ થઈ જાય છે.

મિશ્કાત શરીફની હદીષ છે : સરકારે મદીના ﷺનું આલીશાન ફર્માન છે કે દાતણની સાથે નમાઝ પઢવાની ફઝીલત દાતણ વગરની નમાઝ પર સિત્તેર (૭૦) ઘણી વધારે છે.

### ★ બરકતોનો ભંડાર મિસ્વાક (દાતણ) ★

- ❑ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે દાતણ યાદ શકિતને વધારે છે અને કફને દૂર કરે છે.
- ❑ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે દાતણ બધી જ બીમારીઓના માટે શિફા છે.

રિસાલત કાળના પ્રખ્યાત મુફસ્સિર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે દાતણમાં દસ (૧૦) વિશેષતાઓ છે :–

દાંતોની પીળાશને દૂર કરે છે, આંખોની રોશની વધારે છે, પેઢાંઓને મજબૂત બનાવે છે, મોઢાને સારા સ્વાદવાળુ સાફ રાખે છે, ફરિશ્તાઓ ખુશ થાય છે, અલ્લાહની (રઝા) ખુશી, સુન્નતની પેરવી, નમાઝના સવાબમાં વધારો, રોજીમાં બરકત, ઈમાનની સાથે દુનિયાથી જવું, શરીરની તંદુરસ્તી આ બધી ચીજો મિસ્વાકથી જ પ્રાપ્ત થાય છે.

મિસ્વાક કરવાના ફાયદાઓ અને એ ફઝીલતો જેને હુઝૂરે અકરમ ﷺ, સહાબાએ કિરામ અને બુઝુર્ગાને દીને બયાન કરી છે તે પુષ્કળ પ્રમાણમાં છે જેમાંથી અમુક વર્ણવું છું, અલ્લાહ અમલની તૌફીક આપે.

- ❑ હમેશાં દાતણ કરતા રહેવાથી રોજીમાં આસાની અને બરકત રહે છે.
- ❑ માથાનો દુઃખાવો મટી જાય છે અને માથાની તમામ નસોને શાંતિ મળે છે.
- ❑ પેટને બરાબર રાખે છે.
- ❑ વ્યકિતના સારા અવાજમાં વધારો કરે છે.
- ❑ શરીરને તાકાત આપે છે.
- ❑ અક્કલને વધારે છે. ❑ દિલને પાક કરે છે.
- ❑ નેકીઓમાં વધારો થઈ જાય છે.

- ફરિશ્તાઓ ખુશ થાય છે અને તેની સાથે મુસાફો કરે છે.
- જ્યારે તે મસ્જિદ કે ઘરેથી નીકળે છે તો ફરિશ્તાઓ એની પાછળ પાછળ ચાલે છે.
- અંબિયા અને રસૂલો એના માટે મગફેરતની દુઆઓ કરે છે.
- મિસ્વાક શૈતાનને નારાજ કરી દે છે અને તેને ધુત્કારી દે છે.
- ખાવા હજમ કરે છે, પીઠને મજબૂત કરે છે, શરીરને તાવની તકલીફથી દૂર રાખે છે.
- શરીરને અલ્લાહની ફર્માંબરદારીના માટે તાકાત આપે છે, મરતી વખતે કલ્મો નસીબ થાય છે.
- મિસ્વાકની આદતવાળો કયારેક જો ભૂલી પણ જાય તો પણ સવાબ લખી આપવામાં આવે છે.
- મિસ્વાક કરવાવાળાના માટે જન્નતના દરવાજાઓ ખોલી આપવામાં આવે છે અને ફરિશ્તાઓ કહે છે કે આ વ્યકિત દુનિયામાં નબીઓની સુન્નતની પૈરવી કર્યા કરતો હતો.
- દુનિયાથી પાક સાફ થઈને વિદાય લેશે.
- મલકુલ મૌત એની રૂહ ઘણી જ આસાનીથી સાથે કાઢશે.

## ★ ઉમ્મત પર મહેરબાની ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જો મને મારી ઉમ્મતની તકલીફનો ખ્યાલ ન હોત તો તેમને મિસ્વાક કરવાનો હુકમ આપતો. એટલે કે મિસ્વાક કરવું ઉમ્મત પર ફર્ઝ કરી આપત.

## ★ મિસ્વાકના વિશે થોડીક જરૂરી વાતો ★

- મિસ્વાક ન વધારે નરમ હોય ન વધારે કઠણ, અને તે પીલૂડી, ઝૈતૂન અને લીમડા વગેરેની લાકડીનું હોય.
- વધારેમાં વધારે એક વેંત લાંબી હોય, એનાથી વધારે લાંબી હોય તો શૈતાન એના પર સવારી કરે છે.
- જ્યારે પણ મિસ્વાક કરવાનું હોય તો એને ધોઈ લે, એ જ રીતે મિસ્વાક કરી લીધા પછી પણ મિસ્વાકને ખૂબ સારી રીતે ધોઈ લે.
- મિસ્વાક એ રીતે ઊભુ રાખે કે રેસા ઉપરની તરફ હોય. જમીન પર દાતણ ફેંકી ન દે કે એનાથી સુન્નતની તૌહીન (બેઈજ્જતી) થાય છે, અને સુન્નતની તૌહીનથી પાગલ થઈ જવાનો ડર છે.
- જાજરૂમાં મિસ્વાક ન કરે કે એવું કરવું મકરૂહ છે, અને ન તો સૂતાં સૂતાં મિસ્વાક કરે કે એનાથી તલ્લી વધી જવાનો ડર છે.
- મિસ્વાક જ્યારે વાપરવાના લાયક ન રહે તો એને કોઈ જગા પર અદબથી મૂકી દે કે પછી દફન કરી દે.

આ બધી વાતો જે અમે લખી છે તે સૌ સુન્નત છે. **આજે આપણે આપણા નબીની સુન્નતોને છોડીને જાત જાતની બીમારીઓમાં પડી ગયા છીએ. એક શાણા હકીમે ઘણી મજાની વાત કહી છે કે, "જ્યારથી આપણે મિસ્વાક કરવાનું છોડયું છે એ દિવસથી ડેન્ટલ સર્જરીની શરૂઆત થઈ છે."**

આવો ! હવે આપણે આધુનિક વૈજ્ઞાનિક સંશોધનના આધારે જોઈએ કે સુન્નત આપણી ઉન્નતિમાં અડચણ છે કે ઉત્તેજક છે ? આ સુન્નત આપણને પત્થરના જમાનાની તરફ લઈ જાય છે કે વિજ્ઞાનની નજીક કરે છે ? ફેંસલો આપના હાથમાં છે ! ધ્યાનથી વાંચો અને પોતે જ ફેંસલો કરો.

### ★ નબીની સુન્નત ★

હુઝૂરે અકરમ મોહસિને ઈન્સાનિયત મુઅલ્લિમે કાએનાત મુહમ્મદે અરબી ﷺની આદત હતી કે આપ સૂતી વખતે મિસ્વાક કર્યા કરતા હતા.

### ★ આધુનિક વિજ્ઞાન ★

આજના તમામ જર્નલિસ્ટ દાંતના સર્જનોનું સંશોધન એ છે કે માણસ જે ખાવા કે ચીજો ખાય છે તે મોંની અંદર જામી જાય છે અને તે કેવળ કોગળા કરવાથી સાફ નથી થતું જેના કારણથી સૂવાની હાલતમાં દાંત ખરાબ થઈ જાય છે. એનું કારણ એ છે કે જ્યારે માણસ સૂઈ જાય છે તો એનું મો બિલકુલ બંધ થઈ જાય છે અને બંધ મોંની અંદર જામેલુ તેનું કામ પૂરું કરી જાય છે. જેવું કે આપ જોશો કે દિવસના સમયે કયારેક માણસ બોલી રહ્યો છે, કયારેક પી રહ્યો છે, દિવસના સમયે આ બધુ ચાલુ હોવાના કારણે જામેલાને કામ કરવાનો મોકો નથી મળતો એટલા માટે દાંત વધારે ખરાબ રાતે સૂવાની હાલતમાં જ થાય છે.

હવે તમે આપણા નબી ﷺની સુન્નત પર વિચારો કે નબીની સુન્નત છે કે રાતે સૂતી વખતે મિસ્વાક કર્યા કરતા હતા અને મિસ્વાક વગર વુઝૂ ન ફર્માવતા હતા. જ્યારે પણ માણસ ખાવા ખાઈને વુઝૂ કરશે કે દાતણ કરશે તો તે આ બીમારીઓથી સુરક્ષિત રહેશે.

આજે લોકો ખાવા ખાઈને એવી રીતે ઊઠીને ચાલ્યા જાય છે કે તેમણે મીઠી વસ્તુ ખાધી છે તો મીઠી વસ્તુની અસર ઘણીવાર સુધી રહે છે અને અમુક જગાએ દાંતોમાં ખાવાના ટુકડાઓ ફસાઈ જાય છે. જેના કારણથી દાંતોમાં સડો લાગવા માંડે છે. લોકો આજે જો નબીની તાલીમાત અને તેમની સુન્નતોને અપનાવી લે અને ખાધા પછી મિસ્વાક કરવાની આદત બનાવી લે તો ખૂબ ફાયદો થઈ જાય અને તેઓ દાંતની તમામ ખરાબ બીમારીઓથી બચી જાય.

### ★ નમાઝથી પહેલાં મિસ્વાક ★

અલ્લાહ તઆલાની હમ્દો ષના બયાન કરતી વખતે સૌ પ્રથમ મોંનું પાક હોવું ખાસ જરૂરી છે. કેમ કે નમાઝી જો નમાઝમાં ઊભો છે અને મોઢામાંથી દુર્ગંધ નીકળે તો લોકો નફરત કરશે અને નમાઝીઓને પણ તકલીફ પહોંચશે. દાતણથી મોંની દુર્ગંધ ખતમ થઈ જાય છે અને દાતણ કરવાથી મોંની અંદર એવી લહર પેદા થઈ જાય છે જેનાથી ઝિક્ર તથા તસ્બીહ અને બંદગીમાં વધારે મજા આવે છે, એટલા માટે વુઝૂમાં મિસ્વાક કરવું સુન્નત છે. જ્યારે કે મિસ્વાક કર્યા વગર જો નમાઝ પઢી તો શકય છે કે ખોરાકના ટુકડા દાંતના મૂળોમાં અટકી જાય જેના કારણે અલ્લાહ પ્રતિ તવજ્જોહમાં ફરક પડે, એટલા માટે વુઝૂમાં મિસ્વાક કરવું સુન્નત છે.

### ★ સ્વીટઝરલેન્ડના ડૉકટરનો અચંબો ★

હકીમ મુહમ્મદ તારિક (ગોલ્ડ મેડલિસ્ટ) પોતાની કિતાબ 'સુન્નતે નબવી' અને 'આધુનિક વિજ્ઞાન' માં લખે છે કે એક મુસલમાન વેપારી સ્વીટઝરલેન્ડ ગયો તો ત્યાં એક નવમુસ્લિમથી એની મુલાકાત થઈ. એણે નવમુસ્લિમને પીલૂડીનું દાતણ ભેટમાં આપ્યું. નવમુસ્લિમે દાતણ લઈએ એને આંખોથી લગાડયું અને પછી ખિસ્સામાંથી એક રૂમાલ કાઢયો તો એમાં બિલકુલ નાનું લગભગ બે ઈંચથી નાનું એક દાતણ લપેટાયેલ હતું. તે કહેવા લાગ્યો કે હું જ્યારે મુસલમાન થયો હતો ત્યારે મુસલમાનોએ મને આ ભેટ આપી હતી એને હું ઘણી જ કાળજીથી વાપરતો રહ્યો. હવે આજે બે ઈંચનો ટુકડો બાકી બચેલ છે તો આપે નવું દાતણ ભેટમાં આપીને મારી સાથે ઘણુ જ એહસાન કર્યું છે !

પછી તેણે પોતાનો બનાવ સંભળાવ્યો કે મને ઘણી

જ મોટી તકલીફ હતી અને હું દાંતો અને પેઢાંઓની એવી બીમારીમાં સપડાયેલો હતો જેનો ઈલાજ અહીંયાના સ્પેશ્યાલિસ્ટ ડોકટરોની પાસે દુર્લભ હતો. મેં આ દાતણ વાપરવાનું શરૂ કરી દીધું અને થોડાક સમય પછી મારા ડોકટરને બતાવવા ગયો તો ડોકટર અચંબામાં પડી ગયો અને પૂછ્યું કે તમે કઈ એવી દવા વાપરી છે જેના કારણથી આટલા જલ્દી તંદુરસ્તી મળી ગઈ છે ? તો મેં કહ્યું, માત્ર તમારી જ દવા વાપરી છે ! કહેવા લાગ્યો, હરગિઝ નહીં ! મારી દવાથી આટલા જલ્દી તંદુરસ્તી નથી મળી શકતી ! આપ વિચાર કરી જુઓ ! જ્યારે મેં વિચાર્યું તો મને ખયાલ આવ્યો કે હું મુસલમાન છું અને હું મિસ્વાક વાપરી રહ્યો છું. જેથી જ્યારે મેં દાતણ બતાવ્યું તો ડોકટર ઘણો જ નવાઈ પામી ગયો અને દાતણ પર એણે રિસર્ચ શરૂ કરી.

### ★ મિસ્વાક અને ગુરૂનાનક ★

શીખોના ધર્મગુરુ બાબા ગુરુનાનક મોટાભાગે હાથમાં મિસ્વાક રાખતા હતા અને કહેતા હતા કે આ લાકડી લઈ લો કે પછી બીમારી લઈ લો ! બાબા ગુરુનાનકે કેટલી સચોટ વાત કહી છે કે જો તમે દાતણ કરતા રહેશો તો મોં અને દાંતની તમામ બીમારીઓથી બચેલા રહેશો અને જો છોડી દેશો તો બીમારીમાં સપડાવું અનિવાર્ય બાબત છે.

### ★ મિસ્વાક અને મોંની દુર્ગંધ ★

એક શખ્સના મોં માંથી સખત દુર્ગંધ આવી રહી હતી. તે ઘણો જ પરેશાન હતો અને મોંની તકલીફને મટાડવાના માટે ઊંચી જાતનાં ટૂથપેસ્ટો વાપરી ચૂક્યો હતો તેમ છતાં પણ મોં માંથી દુર્ગંધ જતી ન હતી. એક આલિમે તેને પીલૂડીનું દાતણ કરવાની સલાહ આપી અને સાથે સાથે એ પણ જણાવ્યું કે આપ દરરોજ દાતણ કરો અને એ રેસાઓને કાપતા રહો અને નવા રેસાઓ વાપરતા રહો. એ માણસે એના પર અમલ કર્યો તો થોડાક સમય પછી મોંની દુર્ગંધ બંધ થઈ ગઈ અને તે તંદુરસ્ત થઈ ગયો.

### ★ દિલની જડોમાં પાક (પરુ), રસી અને મિસ્વાક ★

હકીમ એસ. એમ. ઈકબાલની ડિસ્પેન્સરીમાં એક એવો રોગી આવ્યો જેના દિલની જડોમાં પરુ ભરેલું હતું. અન્ય ડોકટરો દિલનો ઈલાજ કરતા રહ્યા પણ કોઈ ફાયદો ન થયો. છેવટે દિલનું ઓપરેશન કરીને પરુ કાઢી લેવામાં આવ્યું. થોડાક સમય પછી પાછુ પરુ ભરાઈ ગયું તો થાકી હારીને તે હકીમ સાહેબની પાસે આવ્યો. તેમને તપાસમાં ખબર પડી કે એના પેઢાંઓ ખરાબ છે અને એમાં પરુ (રસી) ભરેલી છે અને એ પરુ ક્રમે ક્રમે ગળાના રસ્તેથી દિલ સુધી પહોંચીને દિલને નુકસાન પહોંચાડી રહેલ છે. હકીમ સાહેબે એના દાંતો અને પેઢાંઓનો ઈલાજ કર્યો અને કહ્યું કે તમે દરરોજ ચાર પાંચ વખત દાતણ કર્યા કરો. જેથી તેણે એવું કર્યું તો થોડાક દિવસો પછી ખરેખર તંદુરસ્ત થઈ ગયો.

### ★ મોંનો સ્વાદ અને દાતણ ★

એક સાહબ મોંના સ્વાદની લિજ્જતથી વંચિત હતા. ઘણા જ ઈલાજ કરાવ્યા પણ કાંઈ ન વળ્યું, એટલે સુધી કે કોઈએ જણાવ્યું કે આપ જીભ પર જળોઈ લગાડો. એણે જીભને જળઈઓ દ્વારા ઝખ્મી કરી પરંતુ તેમ છતાં પણ ફાયદો ન થયો ! એને સલાહ આપવામાં આવી કે આપ તાજા લીમડાનું કે પીલૂડીનું દાતણ ઉપયોગમાં લો અને એક માસ પછી બતાવો કે શું હાલત છે ? રોગીનું કહેવું છે કે એક રૂપિયાનું દાતણ હજારોની દવાઓ પર ભારે છે ! અને એનો સ્વાદ પાછો આવી ગયો.

**★ દાતણ (મિસ્વાક) અને ટોનસીલ ★**

ટોનસીલ (TONSILS) ના રોગીઓને જ્યારે નિયમિત રીતે દાતણનો ઉપયોગ કરાવવામાં આવ્યો તો એવા રોગી ઘણા જલ્દીથી તંદુરસ્ત થઈ ગયા. એક સાહબ ગળાનો સોજો વધવાથી ઘણા જ પરેશાન હતા. એમને શરબત શહતૂત અને દાતણ વાપરવા કહેવામાં આવ્યું તો મિસ્વાકના ઉપયોગથી થોડાક જ દિવસોમાં એમને એ રોગથી છૂટકારો મળી ગયો. સુબ્હાનલ્લાહ ! સુન્નતો પર અમલ કરવામાં નજાત છે.

**★ દાતણ (મિસ્વાક) અને મોં ના છાલાં ★**

મોં માં છાલા પડવાથી જે તેજાબના કારણે થાય છે એમાં એક પ્રકાર એવો પણ છે જેમાં ખાસ પ્રકારના જંતુઓ ફેલાઈ જાય છે. ડોકટરો અને હકીમોનું કહેવું છે કે એ જંતુઓ અને બીમારીથી છૂટકારો મેળવવાના માટે બધાથી શ્રેષ્ઠ દવા અને યુક્તિ એ છે કે તાજુ મિસ્વાક કરવામાં આવે. આ યુક્તિ અને દાતણ કરવાથી મોંઢાનાં છાલાં અને તેજાબીપણુ મટી જાય છે અને રોગી તંદુરસ્ત થઈ જાય છે.

**★ દાતણ (મિસ્વાક) અને જંતુઓ ★**

મિસ્વાક મોંની દુર્ગંધને મટાડે છે, જ્યારે પણ એને મોં માં ઉપયોગ કરવામાં આવશે તો એ અંદરના જંતુઓનો નાશ કરી દેશે જેનાથી માણસ અસંખ્ય બીમારીઓથી બચી જશે, એટલે સુધી કે અમુક જંતુઓ માત્ર અને માત્ર એન્ટીસેપ્ટિક (ANTI-SEPTIC) પદાર્થના કારણથી મરે છે.

**★ દાતણ (મિસ્વાક) અને મગજ ★**

હઝરત અલી کرم اللہ وجہہ الکریم નો કૌલ છે કે મિસ્વાક કરવાથી યાદ શક્તિ વધે છે, મગજને શાંતિ મળે છે. ખરી રીતે દાતણમાં ફોસ્ફરસ (PHOSPHORUS) હોય છે. સંશોધનના પ્રમાણે જે જમીનમાં કેલ્શિયમ અને ફોસ્ફરસનું પ્રમાણ વધારે હશે ત્યાં પીલૂડીનું ઝાડ વધારે જોવામાં આવશે. એટલા માટે કબ્રસ્તાનની માટીમાં કેલ્શિયમ અને ફોસ્ફરસ માણસોનાં હાડકાંઓના સડવાના કારણથી વધારે હોય છે એ કારણે કબ્રસ્તાન અને કેલ્શયમવાળી જમીનમાં પીલૂડીનું ઝાડ પણ વધારે થાય છે. અને દાંતોના માટે ફોસ્ફરસ અને કેલ્શિયમ મહત્વનો ખોરાક છે. અને ખાસ રીતે પીલૂડીના મૂળમાં આ અંશો વધુ જોવા મળે છે. અનુભવમાં એ વાત સામે આવી છે કે જો પીલૂડીના દાતણને દાંતમાં ચાવવામાં આવે તો એની અંદરથી એક તીખો રસ નીકળે છે, ખરી રીતે મિસ્વાકના અંદરનો આ જ માવો જંતુઓના વિકાસને રોકે છે અને દાંતોને તમામ બીમારીઓથી બચાવે છે. એટલા માટે મુઅલ્લિમે કાએનાત પૈગમ્બરે ઈસ્લામ મુહમ્મદે અરબી صلی اللہ علیہ وسلم વધારે પડતા પીલૂડીનું દાતણ વાપરતા હતા.

લીમડાનું મિસ્વાક જો કે કડવું હોય છે તેમ છતાં દાંતોના ઈલાજના માટે એ ઘણું જ ફાયદાકારક છે. એની અંદર એવા ભાગો જોવામાં આવે છે જે દાંતોને મજબૂત ચમકદાર અને પાયોરિયા જેવા ખરાબ રોગોના ઈલાજ માટે અકસીરે આ'ઝમ છે.

**★ બ્રશ અને દાતણમાં ફરક ★**

એક મહત્વનો સવાલ એ પેદા થાય છે કે દાંતોની સફાઈ અને માવજતના માટે બ્રશ જરૂરી છે કે મિસ્વાક ? એના વિશે અમે બ્રશના ફાયદા અને નુકસાનને આપ લોકોની સામે રજુ કરીએ છીએ.

જંતુઓના નિષ્ણાંત ડોકટરોનું સંશોધન છે અને કહેવું છે કે, જે બ્રશને એક વખત ઉપયોગ કરવામાં આવે એનો ઉપયોગ તંદુરસ્તીના માટે નુકસાનકારક છે જ્યારે કે તેનો બીજીવાર ઉપયોગ કરવામાં આવે, કેમ કે તેમાં જંતુઓનું મૂળ જામી જાય છે. જો તેને પાણીથી સાફ કરવામાં આવે તો પણ જંતુઓ ઉછરતાં

રહે છે. બીજુ નુકસાન બ્રશથી એ થાય છે કે બ્રશ દાંતોની ઉપર ચમકદાર અને સફેદ પડ ઉખાડી નાખે છે જેના કારણે દાંતોની વચમાં જગ્યા પૈદા થઈ જાય છે અને દાંત ધીરે ધીરે પેઢાંઓની જગા છોડી જાય છે અને એ પોલાણમાં અનાજના કણ ફસાઈને પેઢાંઓ અને દાંતોને નુકસાન પહોંચાડતા રહે છે.

## ★ પીલૂડીનું દાતણ (મિસ્વાક) ★

દાતણ કરવું નબી ﷺની સુન્નત છે. દરેક નમાઝથી પહેલાં એને વાપરવું સુન્નત છે. કાયમી શરદીના બીમારો જેમનો કફ રોકાયેલ હોય છે તેઓ જ્યારે દાતણનો ઉપયોગ કરે છે તો કફ અંદરથી નીકળી જાય છે જેનાથી દિમાગ હલકુ થઈ જાય છે.

એક પેથોલોજિસ્ટ (PATHOLOGIST) કહેવા લાગ્યા કે મારી રિસર્ચમાં એ વાત નિશ્ચિત થઈ ગઈ છે કે દાતણ કાયમી શરદીવાળાઓના માટે ગુણકારી છે એટલે સુધી કે એના નિયમિત ઉપયોગથી નાક અને ગળાના ઓપરેશનની શકયતા જ નહિવત થઈ જાય છે.

## ★ દાતણ (મિસ્વાક)ના વિશે દુનિયાના તમામ ડોક્ટરોનો અભિપ્રાય ★

ડોકટરોનું કહેવું છે કે દાંતની કેટલીક નસોથી આંખોની નસોનો ગાઢ સંબંધ છે. જો દાંતને કોઈ નુકસાન થાય કે બીમારી થઈ જાય તો એનાથી આંખની રોશનીમાં અસર થાય છે. આજકાલ અંધાપો અને આંખોની કમજોરીનાં અન્ય કારણો છે એમાં એક મોટુ કારણ એ દાંતોના સંબંધે ગફલત છે. ડોકટરોનું કહેવું છે કે એ ભૂલથી માણસને જાત જાતની બીમારીઓનો સામનો કરવો પડે છે. ડોકટરોનું એવું પણ કહેવું છે કે જો કોઈ મંજન દેશી રીતે બનેલ હોય જેમાં તેજ કેમીકલ ઉમેરેલ ન હોય તે દાંતોના માટે ફાયદામંદ જરૂર છે પરંતુ જે ફાયદા અને અસરો પીલૂડી કે લીમડાના દાતણમાં જોવા મળે છે એ બીજી કોઈ વસ્તુમાં નથી જોવા મળતા.

## ★ દાતણ (મિસ્વાક)નો ખાસ ઉપયોગ શા માટે ? ★

મેડિકલ સાયન્સે એના પર શોધ કરી તો ખબર પડી કે પૈગમ્બરે ઈસ્લામ ﷺએ મોઢું અને દાંતોની સફાઈનો હુકમ એટલા માટે આપ્યો છે કે દાંતોમાં મોટાભાગે ખાવાના ટુકડા અને રેસાઓ ફસાઈ જાય છે અને તે સડીને જંતુઓ બનાવે છે જેના કારણે દાંત ખરાબ થઈ જાય છે. અને દાંતોની ખરાબી આંતરડામાં હજમ થવાની તાકાતને બગાડીને કેટલાય પ્રકારની બીમારીઓનું કારણ બની જાય છે. તમામ તબીબો અને ડોકટરો આ વાત પર એકમત છે કે જો દાંતોને સારી રીતે સાફ કરવામાં ન આવે તો એનાથી બદ્હજમી, મોં આવવું, સાંધાઓનું દર્દ, શરીરનું તૂટવું, બેચૈની, મેલેરિયા અને દાંતોની અસંખ્ય બીમારીઓ પેદા થઈ શકે છે.

આ બધી બીમારીઓને રોકવા માટે રહબરે ઈન્સાનિયત મુઅલ્લિમે કાએનાત પૈગમ્બરે આ'ઝમ ﷺએ દાતણ વાપરવા ખાસ તાકીદ ફર્માવી છે, અને એટલા પ્રમાણમાં ખાસ તાકીદ ફર્માવી કે તે વાજિબની નજીક મર્તબો ધરાવે છે.

ડોકટર ગોસ્ટાવલે લિબૂન અને ડોકટર ઘૂસ કહે છે કે પૈગમ્બરે ઈસ્લામના એક એક ઈર્શાદ પર સંશોધન કરવાથી ખબર પડે છે કે તેઓ દુનિયાના મહાન વૈજ્ઞાનિક, વિશ્વ સ્તરના સ્કોલર અને સૌથી મહાન ડોકટર છે. એમના એક એક હુકમમાં તંદુરસ્તીના બચાવના અસંખ્ય નિયમો છુપાયેલા છે, એટલા માટે એમણે એના (તંદુરસ્તી) વિશે ઘણા જ જરૂરી હુકમો બહાર પાડયા છે.

## ૨૯ મો આલમી સુન્ની ઈજતેમા ઓન લાઈન અતિ કામયાબ !

**મુંબઈ** : આલમી તેહરીક **''સુન્ની દા'વતે ઈસ્લામી''**નો ઈ.સ. ૨૦૨૦નો સુન્ની ઈજતેમા Covid-19 વાયરસની વબાને કારણે આઝાદ મેદાન–વાદીએ નૂરના બદલે 'ઓન લાઈન' કરવામાં આવ્યો જે ખૂબ જ કામયાબ રહ્યો. જગતભરમાં આશિક઼ાને મુસ્તફાએ SDI ચેનલ થકી, ટી.વી પર, સીટી ચેનલો પર, મોબાઈલ પર તેમજ ઘણા ઠેકાણે હોલમાં પ્રોજેક્ટરો રાખીને ઉલમાએ અહલે સુન્નત તથા મુબલ્લિગીનનાં બયાનો, નસીહતો, નઅતોને જોઈ સાંભળી ફયઝ હાંસલ કર્યો હતો. ૧૨–૧૩ ડિસેમ્બર ૨૦૨૦ શનિવાર / રવિવાર બે દિવસના આ નૂરાની, ઈલ્મી, રૂહાની ઈજતેમામાં શનિવારે બે વાગ્યાથી પાંચ વાગ્યા સુધી બહેનો માટેના ઈજતેમામાં હઝરત ક઼િબ્લા સૈયદ મોઈન અશરફ કછોછવીની દુઆ સાથે ઈજતેમા શરૂ થયો. બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબની નિઝામત હેઠળ સવાલો જવાબની મેહફિલમાં મુફતી ઝુબેર મિસ્બાહી સાહબે વિવિધ સવાલોના જવાબો આપ્યા હતા. તેમજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે નેક ઔરતની સિફતો વિષયે ખૂબ જ ઈસ્લાહી ઈમાન અફરોઝ બયાન કરીને ઔરતોને દીનો શરીઅત પર ચાલવા અસરકારક બયાન કર્યું હતું. ઝિક્ર દુઆ બાદ ઔરતોનો ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો હતો. ત્યારબાદ શનિવારે સાંજના ૭ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી તેમજ રવિવારે બપોરના ૨.૩૦ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી ભાઈઓ માટે સુન્ની ઈજતેમા થયો જેમાં : ''ફિક્રે આખેરત, રુજૂઅ ઈલર્રસૂલ ﷺ, દા'વતે દીની ઈલ્મી અમલી ઔર જદીદ તકાઝે, બેકારી કે અસ્બાબ વ ઈલાજ, ઈસ્લામ ઔર ઈન્સાનિયત, ઈસ્લામ કા મુઆશી નિઝામ, અઝમતે કુર્આને મુક઼દસ, તા'લીમે ઉમ્મત કી ઉમ્મીદ, પયગંબર મુહમ્મદ ﷺ હમારી ઝિંદગી ઔર હમારી આરઝૂ, મદાહ પરસ્તી કા અંજામ કુર્આન કી રોશનીમેં, ખિદમતે ખલ્ક઼ કા કુર્આની તસવ્વુર વગેરે વિષયે મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમી, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી, હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ), અલ્લામા ક઼ારી ઝહીરુદ્દીન ખાન સાહબ, અલ્લામા ક઼મરુલ હસન (યુ.એસ.), અલ્લામા શફી કુર્રહમાન સાહબ–હોલેન્ડ, બેરીસ્ટર મોઈનુઝ્ઝમાં આ'ઝમી (યુ.કે.), અલ્હાજ આરિફ પટેલ (યુ.કે.) તેમજ સાદિક રઝવી, જનાબ ખાલિદ રઝવી.... વગેરેના ઈમાન અફરોઝ ઈલ્મી બયાનો થયાં. હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી (સદર વ સદર ઈફતા જામિયા અશ્રફિયા–મુબારકપુર) સાહબે સવાલોના જવાબો આપ્યા હતા. શેર બજાર વગેરેના અટપટા સવાલોના તસલ્લીબખ્શ જવાબો આપ્યા હતા. નઅતખ્વાન હઝરત જનાબ ક઼ારી રિઝવાન સાહબ, ક઼ારી રિયાઝુદ્દીન અશરફી, જનાબ રાશિદભાઈ વગેરેએ મોક઼ાસર નઅતના ગુલદસ્તા પેશ કર્યા હતા. રવિવારે રાત્રે ૧૦ વાગ્યા બાદ ઝિક્રો દુઆ સાથે આ અનોખો ઓન લાઈન ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો હતો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઈન્તેકાલ પુરમલાલ**

**દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે આમીર શમ્શુદ્દીન કોદરીયાના વાલિદા જનાબ શમ્શુદ્દીન ગુલામ કોદરીયા તા. ૦૩–૧૨–૨૦૨૦, ૧૭–રબીઉલ આખર, હિ.સ. ૧૪૪૨, જુમેરાતના રોજ અલ્લાની રહમતમાં પહોંચી ગયા છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતુલ ફિરદોસમાં જગા નસીબ કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ તથા અજરે જઝીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*